એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૫ ● અંક-૬
ઓગસ્ટ – સપ્ટેમ્બર '૧૦

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**મુદ્રણ આયોજન**
મનુભાઈ કોટડીયા ૯૪૨૬૬ ૯૪૨૭૭

**વેબ સાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૮૯૮૬ ૩૦૧૨૯

**કાર્યાલય વ્યવસ્થા**
રાજેન્દ્ર સોની ૯૮૨૫૦ ૧૮૩૧૮

**વિતરણ વ્યવસ્થા**
કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત, લવાજમ, નાણાંકીય વ્યવસ્થા**

● **અમદાવાદ**
જયમીન સોની ૯૮૨૪૫ ૪૬૬૫૦

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(ફૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)


**માનદ્ સલાહકાર**
મનુભાઈ કોટડીયા અમદાવાદ
તુલસીદાસ કંસારા અમદાવાદ
સૂર્યકાંત સોની અમદાવાદ
શૈલેષ કંસારા ભુજ
કાંતિભાઈ કંસારા રાજકોટ

**માનદ્ સંયોજક (ભુજ)**
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**કાર્યાલય**
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
**વેબ સાઈટ** : www.gnyatisetu.com
**ઈ-મેલ** : editor@gnyatisetu.com
છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-
**ટાઈપ-સેટીંગ** : મુદ્રા કોમ્પ્યુટર્સ, રાયપુર, અમદાવાદ.

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી



શ્રી ભુજ જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા આ વર્ષે પચ્ચીસમા લગ્નોત્સવનું આયોજન છે અને વ્યાજબી રીતે આ પચ્ચીસમા અવસરને સમૂહ લગ્ન પરંપરાના પચ્ચીસમા વર્ષ તરીકે 'રજત જયંતી' ઉજવાશે. પચ્ચીસ વર્ષે....

પચ્ચીસ વર્ષ પહેલાં આપણા ભુજના સમાજે આરંભેલી આ પરંપરા ઉત્તરોત્તર વિકાસ પામતી ગઈ, સમસ્ત સમાજે એને આવકારી. એટલું જ નહીં, હૃદયથી સ્વિકારી, એ જ એની પ્રતિષ્ઠા છે. આવી પ્રગતિશીલ પરંપરા - ઊભી કરવા અને એનું સફળતાપૂર્વક પ્રતિવર્ષ સંચાલન કરવા બદલ ભુજ જ્ઞાતિને હાર્દિક અભિનંદન તેમજ આયોજીત 'રજત જયંતી' સમારોહ આપણી જ્ઞાતિના ઈતિહાસનું 'સ્વર્ણિમ પૃષ્ઠ' બની રહે તેવી શુભકામના.

શ્રી ભુજ જ્ઞાતિની બીજી પહેલ, આ અવસરને વધુ રૂડો બનાવવાની છે. એટલે કે એક 'અવસર'ની સાથે બીજી મહત્ત્વની વાત જોડી એનું 'વેલ્યુ એડિશન' કરવાનું પણ ભુજ જ્ઞાતિનું આયોજન ભુજના પીઢ અને પ્રગતિશીલ 'નેતૃત્વ'ની વિશેષતા છે. આ વેલ્યુ એડિશન છે, 'ગૌરવ દિન.' આપણા સમાજ માટે ખરેખર આ દિવસ ગૌરવ લેવા જેવો જ છે. માત્ર ભુજ નહીં, સમસ્ત જ્ઞાતિ સમાજ માટે આ દિવસ 'ગૌરવમય' છે. અને એની ઉજવણી થકી આપણા સમાજની 'પ્રગતિશીલ' પરંપરાનું પ્રતિબિંબ રજુ થશે. જેનો દાખલો અન્ય સમાજ પણ લેશે.

સંગઠિત સમાજ, એના પ્રત્યેક સભ્યને એનો પોતાનો લાગે અને એના માટે બનતું બધું કરવા પ્રેરાય તે માટે 'નિજત્વ'ની ભાવના કેળવવી જરૂરી છે. આવા સામુહિક કાર્યક્રમો થકી જ આ 'નિજત્વ'ની ભાવના કેળવાય છે.

આ તબક્કે એ કહેવું પણ અસ્થાને નહીં ગણાય કે, સમૂહ લગ્ન પરંપરાનો ઉદય, સમાજના નબળા તથા મધ્યમવર્ગ પ્રત્યેની તત્કાલીન નેતૃત્વની sensitivityને લીધે થયો હતો. લગ્ન પ્રસંગે થતા પરંપરાગત ખર્ચ, દેખાદેખીને લીધે, ગજા ઉપરવટ ખર્ચ કરતા પરિવારોને, સમાજે જે રીતે સાચી દિશા દેખાડી, એમને સાથ આપ્યો તેથી અનેક પરિવારોને જે રાહત મળી હશે તેનો અંદાજ સહેજે આવી શકે છે. અને એટલે જ, નવી પેઢી, એને એ સંદર્ભે જ જુએ. લગ્ન એટલે લખલૂટ ખર્ચ કરવાનો પ્રસંગ નહીં પરંતુ એક સામાજીક સંસ્કાર છે, જેમાં 'દેખાડા'ને સ્થાન નથી તેવું પ્રત્યેક પરિવાર વિચારશે તો 'સમૂહ લગ્નો' સાર્વત્રિક સ્વીકાર્ય બનશે.

અસ્તુ.

| | | |
|---|---|---|
| **અતુલ સોની** | **મનુભાઈ કોટડીયા** | **હંસરાજ કંસારા** |
| માનદ્ મંત્રી | પ્રમુખ | મુખ્ય તંત્રી |

**સુભાષિત ચિંતન**

# કર્મ શક્તિનો પ્રભાવ

**કુ. એકતા કટ્ટા - અંજાર**

''व्यालं बालमृणालतन्तुभिरसौ रोदधुं समुज्जृम्भते
छेत्तुं वज्रमणञ्शिरीषकुसुम प्राप्तेन सन्नह्यते ।
माधुर्यं मधुबिन्दुना रचयितुं क्षाराम्बुधेरीहते
नेतुं वाञ्छति यः खलान्पथि सतां सूक्तैः सुधास्यन्दिभिः ॥''

અર્થાત્ ''જે માણસ અમૃત ઝરતા સુવચનોથી દુષ્ટ લોકોને સજ્જનોને માર્ગે વાળવા ઈચ્છે છે તે કમળનાં નાજુક તંતુઓથી દુષ્ટ હાથીને કાબુમાં રાખવા મથે છે. શિરીષ પુષ્પનાં અગ્રભાગ વડે વજ્રમણિને કાપવા કેડ બાંધે છે, (અથવા) મધના એક ટીપાથી ખારા સાગરને મીઠો બનાવવાની ઈચ્છા રાખે છે.''

સૃષ્ટિનાં સર્જકે તેની સર્વોત્તમ કૃતિ માણસની શ્રેષ્ઠતા 'વાણી' રૂપી વરદાનમાં સમાવી છે. તેની આ વાણીમાં અદ્‌ભુત શક્તિ રહેલી છે. માણસનાં મનમાં ચાલી રહેલાં અગણિત વિચારો, બુદ્ધિની વિવિધ ગણતરીઓ પ્રથમ તો વાણીનાં માધ્યમે જ પ્રકટ થતી હોય છે. વિવિધ ધર્મ, જ્ઞાન, વ્યવહાર, શૈલી, સંસ્કૃતિઓ, પરંપરાઓ જેવાં તમામ ગૂઢાર્થની સમજ એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી પ્રથમ તો વાણીનાં માધ્યમે જ વહેતી થાય છે. ભાષા કોઈ પણ હોય, બોલી કોઈ પણ હોય પરંતુ તેની ભદ્રતા (સારપ) અને મીઠાશ કોઈ પણ ગૂઢાર્થને સરળતાથી સમજાવવા સમર્થ હોય છે.

ઉપરોક્ત સુભાષિતમાં સુભાષિતકારે સૃષ્ટિ સર્જકનાં સશક્ત વરદાનને પણ વામણું સિદ્ધ કરનાર માણસમાત્રની દુષ્ટતાનાં સ્તરને આલેખવાનો પ્રયત્ન કર્યો છે. જેવી રીતે કોઈ પણ મદમસ્ત હાથીને કમળ જેવાં કોમળ ફુલનાં રેસાઓ વડે બાંધવો અશક્ય છે, શિરીષ પુષ્પની કોમળતાથી વજ્રમણિને કાપવો અશક્ય છે, મધનું એક જ ટીપું અથાગ ખારા સાગરને મીઠો બનાવવા અસક્ષમ છે તેવી જ રીતે માણસની દુષ્ટતાને અમૃત જેવાં સદવિચારનાં શબ્દો વડે દૂર કરી તેને સન્માર્ગે વાળવો અશક્ય છે.

સારપ અને દુષ્ટતાનો પ્રમાણ સમયાંતરે બદલાતો રહ્યો છે. સતયુગમાં પણ રામ-કૃષ્ણરૂપી સારપ હતી તો રાવણ-કંસરૂપી દુષ્ટતા પણ હતી. તેઓની દુષ્ટતા હણવા પ્રથમ તો રામે કૃષ્ણે મીઠા - અમૃત સમા શબ્દો વડે સુબુદ્ધિ આપવા અનેક પ્રયત્નો કર્યા હતા પરંતુ તે તમામ પ્રયત્નો વામણા સાબિત થયા અને અંતે દુષ્ટતાનાં વધમાં અસફળ થઈ દુષ્ટોનો વધ કરવો પડ્યો હતો! જે સાબિત કરે છે કે, કોઈ પણ જીવન માત્ર સારા શબ્દો વડે સન્માર્ગે નથી વળી શકતો. તો પછી આધુનિક જીવનમાં નૈતિક મૂલ્યો માત્ર શબ્દો વડે, સુશોભિત વડે શી રીતે ઉતારી શકાય?

આજે આપણે જ્યારે માત્ર અંગત સ્વાર્થને જ જીવનમાં મહત્ત્વ આપતાં થયાં છીએ ત્યારે કોઈપણ સ્વાર્થ વિના કોઈને ઉપયોગી થવામાં, કોઈનું ભલું કરવામાં કોઈ સજ્જનનાં શબ્દો અસરકારક નથી લાગતા! ઘણી વખત તો આપણાં પોતાનાં હિતની બાબતે પણ તેઓનાં શબ્દોને ગણકારતાં નથી! વાત માત્ર રાવણ કે કંસની નથી, આપણા દરેકનાં જીવનનાં ઘણાં નિર્ણયોમાં સારા - ખરાબ વચ્ચેનાં ભેદ વિશે કોઈ પણ સજ્જને - હિતેચ્છુએ પોતાની વ્યક્તિએ આપેલ સલાહ કે શબ્દોને આપણે કેટલું મહત્ત્વ આપ્યું છે તે વિચારવા જેવી બાબત અવશ્ય છે!

દુષ્ટતાનો અંત તો હંમેશાં ખરાબ જ હોય છે. તે પછી વિચાર-નિર્ણયનો હોય કે પછી સંપૂર્ણ વ્યક્તિત્વનો હોય! માણસમાત્રનાં મન - બુદ્ધિની વિચિત્રતા છે કે તે કોઈ પણ સજ્જનનાં સુવિચારો કે સારાં શબ્દોને સરળતાથી અપનાવી શકતો નથી! કદાચ 'ચમત્કાર વિના નમસ્કાર નહીં' કહેવત આપણાં મન-બુદ્ધિને સારી રીતે માફક આવી ગઈ છે!

# આપણા સમાજનાં ઇષ્ટદેવી

**અંજના એન. પોમલ**

*યા દેવી સર્વભૂતેષુ*
*શક્તિ રૂપેણ સંસ્થિતા*
*નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ*
*નમસ્તસ્યૈ નમો નમઃ*



આપણા મારૂ કંસારા સોની જ્ઞાતિમાં દરેક ગામમાં કાલીકા માતાજીનું મંદિર અવશ્ય હોય જ છે. ક્યારેક આપણને એમનો ફોટો ડરામણો લાગશે. ગળામાં ખોપડીનો હાર, મોટી મોટી આંખો, માથાથી કમર સુધીના હાથ જોઈને આપણને બીક લાગી જાય પણ ડરવાનું કોઈ કારણ નથી. તે શક્તિ છે. તેમના એકેએક અંગનો ગુઢાર્થ સમજવાની જરૂર છે.

અંધકાર જ પ્રકાશને જન્મ આપે છે. આંખમાં અંધારૂં છે એટલે જ આપણે પ્રકાશ જોઈ શકીએ છીએ. એટલે જ કાલીમાં જ્ઞાનનો સ્તોત્ર છે. એટલે જ તો એમના સાનિધ્યમાં જ્ઞાન, શક્તિ અને પ્રકાશ પ્રગટે છે.

***યહ કાલી કા પ્રતિક કિસી અદ્‌ભુત સોચ કી દેન હૈ***
***જો બહુત સુંદર હૈ ઈશ્વર હી સૌંદર્ય હૈ ઐસી કલ્પના!***

કાલી દુર્ગે નમો નમઃ (૨)
લક્ષ્મી અન્નપૂર્ણા નમો નમઃ (૨)... કાલી દુર્ગે...
ઉમા પાર્વતી નમો નમઃ (૨)... કાલી દુર્ગે...
ગિરિજા શંકરી નમો નમઃ... કાલી દુર્ગે...
અંબા ભવાની નમો નમઃ... કાલી દુર્ગે...
સુંદરી સરસ્વતી નમો નમઃ... કાલી દુર્ગે...
શક્તિ કુંડલીની નમો નમઃ... કાલી દુર્ગે...

# જ્ઞાતિ 'સેતુ'ના વહાલા સભ્યો જોગ

## નમ્ર નિવેદન

આપ સહુ જાણો છો તેમ છેલ્લા પાંચ વર્ષથી વધુ સમયથી આપણા સમાજના વિવિધ સ્થળે રહેતા પરિવારો વચ્ચે 'સેતુ' એનાથી બની શકે તેટલી મહત્ત્વની માહિતી કડી બનવા અથાક પરિશ્રમ કરી રહ્યું છે. તદ્દુપરાંત 'સેતુ' એના વાંચકોને શિષ્ટ, રસપ્રદ અને સામાજીક પ્રગતિ માટે માર્ગદર્શક બની શકે તેવી સામગ્રી પણ આપતું રહ્યું છે. અન્ય જ્ઞાતિ સમાજના જે કોઈ સભ્યો આપણા સહુનું 'સેતુ' જુએ છે ત્યારે એની સામગ્રી તેમજ પ્રસ્તુતિની પ્રસંશા કરે છે.

'સેતુ' હાલે આપણા અમદાવાદ સમાજના સંચાલન હેઠળ પ્રકાશિત થાય છે. પરંતુ સમાજ પર, સમાજના સભ્યોની મહેનત ઉપરાંત બીજો કાંઈ વિશેષ બોજ નાખતું નથી. અમદાવાદ સમાજ નાનો છે અને 'સેતુ'નું એની મર્યાદિત આર્થિક ક્ષમતા હોતાં પ્રકાશન તેમજ વિતરણ ખર્ચ - કોઈ સંયોગોમાં એ વહન કરી શકે નહીં. અને એટલે જ વાર્ષિક રૂા. ૧૦૦/- અને આજીવન લવાજમ રૂા. ૧૫૦૦/-ની સભ્ય ફી... અને થોડીઘણી જાહેરાતોની આવક આધારે એ ટકી રહ્યું છે. પરંતુ સવાલ એ છે કે બધા સભ્યો તરફથી વાર્ષિક લવાજમની રકમ વેળાસર મળતી નથી. અમદાવાદ જ્ઞાતિ સમાજ પાસે બધા સભ્યોને વારંવાર રીમાઈન્ડર કરવા માટેની કોઈ વિશેષ વ્યવસ્થા નથી તેમજ વારંવાર ઉઘરાણી કરવાનું પણ એમને ઉચિત લાગતું નથી. સૌથી મોટી વાત એ છે કે જે કોઈ એક વખત સભ્ય થયા તે બધાં લવાજમ આવી જ જશે એ અપેક્ષાએ સેતું મોકલવાનું અમે બંધ કરતા નથી.

***સેતુના સમસ્ત વાંચકો / ચાહકો / હિતેચ્છુઓને નમ્ર વિનંતી છે કે જેમનું પણ લવાજમ બાકી રહ્યું હોય તે ત્રણ વર્ષના રૂા. ૩૦૦/- અથવા આજીવન લવાજમ રૂા. ૧૫૦૦/- સત્વરે મોકલી આપે. જો કોઈ સભ્ય પરિવારને 'સેતુ'માં રસ ન હોય તેવા પરિવારોને પણ નમ્ર વિનંતી છે કે તેઓશ્રી એક પોસ્ટકાર્ડ પર એમને 'સેતુ' ન મોકલવાની સ્પષ્ટ સુચના મોકલી દે. ત્યારબાદ જ અમો એમને સેતુ મોકલવાનું બંધ કરી શકીશું.***

'સેતુ' પરિવારની તો એવી ઈચ્છા હતી અને હજી પણ આશા છે કે, આપણું 'સેતુ' અત્ર તત્ર સર્વત્ર સર્વે પરિવારોને ઘરે બેઠાં નિઃશુલ્ક અને નિયમિત મળતું રહે. પરંતુ તે માટે સેતુના પ્રકાશન - વિતરણ ખર્ચની કાયમી અને પૂરતી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી પ્રત્યેક પરિવાર સુધી 'સેતુ' પહોંચે, તે લવાજમ લીધા વિના થઈ શકે તે સંભવ નથી.

***પ્રગતિશીલ સમાજના વિવિધ વિસ્તારોમાં વસતા સભ્યો વચ્ચે અરસપરસ સંવાદિતા જળવાય, માહિતીનું આદાન પ્રદાન થાય, નવા વિચારોનું વાવેતર થાય, આપણા બાળકો અને યુવાનોનો સમાજ પ્રત્યે આદરભાવ વધે, એમનામાં સંસ્કારનું સિંચન થાય, આપણી મહિલાઓ અને ઉગતી પેઢીને સ્વ અભિવ્યક્તિનું સાધન મળે અને આપણા સમાજના વડીલોનું માર્ગદર્શન સહુને મળતું રહે તે માટે 'મુખપત્ર'નું હોવું આવશ્યક છે. 'આજ'ની એ માંગ છે. આવતીકાલની અનિવાર્ય આવશ્યક્તા છે. અને એટલે જ નાના મોટા બધા સમાજના પોતાના મુખપત્ર હોય જ છે. 'સેતુ' ઉપરોક્ત ઉદ્દેશોનું પાલન કરવા અથાક પ્રયત્નશીલ છે.***

આશા છે, આપ અમારા 'સ્વયંસેવી' માનદ્ સભ્યો જેનું 'સેતુ'ના સર્જનમાં યોગદાન છે, સમાજમાં અને સમાજ માટે જે ભૂમિકા એ નિભાવી રહ્યું છે એમના પ્રયાસોને પ્રોત્સાહન રૂપે પણ લવાજમ કે જાહેરખબર મોકલી આપશો. સમાજના અગ્રણીઓ અને હિતેચ્છુઓ અવારનવાર 'સેતુ'ના વખાણ કરે છે અને આ 'શાબાશી'ને લીધે જ સેવકોનો ઉત્સાહ પાંચ વર્ષથી ટકી રહ્યો છે, અને અનેક સંઘર્ષો છતાં કોઈપણ રીતે 'સેતુ' નિયમિત પ્રકાશિત થતું રહે છે અને એ થતું જ રહેશે.

આશા છે, આપ અમારૂં આ નિવેદન શાંતિથી વાંચશો, એના પર વિચાર કરશો અને આપના એ વિચાર અન્ય પરિવારો સુધી પહોંચાડી સેતુની સભ્ય સંખ્યા વધે, એનું લવાજમ નિયમિત મળતું રહે તેવા અમારા પ્રયાસોમાં આપનું યોગદાન અવશ્ય આપશો.

| **અતુલ સોની** | **મનુભાઈ કોટડીયા** | **હંસરાજ કંસારા** |
|---|---|---|
| **માનદ્ મંત્રી** | **પ્રમુખ** | **મુખ્ય તંત્રી** |

***નોંધ*** **: સર્વે સભ્યશ્રીઓને ફરી એકવાર વિનંતી કે તેઓશ્રીએ લવાજમ નિયમિત મોકલ્યું છે કે નહીં તે ચકાસો અને જો બાકી રહેતું હોય તો સત્વરે મોકલી આપે.**

# પિતાનું આપણા જીવનમાં કેટલું મહત્ત્વ?

પ્રેષક : ચિરાગ બુધ્ધભટ્ટી

માતા ઘરનું માંગલ્ય હોય છે, તો પિતા ઘરનું અસ્તિત્વ હોય છે. પણ ઘરના આ અસ્તિત્વને આપણે ક્યારેય સમજવાનો પ્રયત્ન કર્યો છે ખરો? પિતાનું મહત્ત્વ હોવા છતાં પણ તેના વિશે વધુ લખવામાં નથી આવતું કે નથી બોલવામાં આવતું.

કોઈપણ વ્યાખ્યાનકાર માતા વિશે બોલ્યા કરે છે. સંત મહાત્માઓ પણ માતાના મહત્ત્વ વિશે જ વધારે કહે છે. દેવ-દેવીઓએ પણ માતાના જ ગુણગાન ગાયા છે. લેખકો-કવિઓએ પણ માતાના ખૂબ વખાણ કર્યા છે. સારી વસ્તુને માતાની જ ઉપમા આપવામાં આવે છે.

પણ ક્યાંય પિતા વિશે બોલાતું નથી. કેટલાક લોકોએ પિતાની કલ્પનાને કલમની ભાષામાં મૂકી છે પણ તે ઉગ્ર, વ્યસની અને મારઝુડ કરનારા જ હોય છે. આવા પિતાઓ સમાજમાં એકાદ-બે ટકા હશે જ, પણ સારા પિતાઓ વિશે શું લખાયું છે? માતા પાસે આંસુનો દરિયો હોય છે પણ પિતા પાસે સંયમની દીવાલ હોય છે. માતા રડીને છુટી થઈ જાય છે પણ સાંત્વન આપવાનું કામ તો પિતાએ જ કરવું પડે છે. અને રડવા કરતાં સાંત્વન આપવામાં વધુ મહેનત કરવી પડે છે. કારણકે દીવા કરતા દીવી વધારે ગરમ હોય છે ને! પણ શ્રેય તો હંમેશાં દીવાને જ મળે છે.

રોજ આપણને સગવડ કરી આપનારી માતા યાદ રહે છે પણ જીવનની આજીવિકાની વ્યવસ્થા કરનારા પિતાને આપણે કેટલી સહજતાથી ભૂલી જઈએ છીએ?

બધાની સામે મોકળા મને માતા રડી શકે છે પણ રાત્રે તકિયામાં મોઢું છુપાવીને ડુસકા ભરે છે તે પિતા હોય છે. માતા રડે છે પણ પિતાને તો રડી પણ શકાતું નથી. પોતાના પિતા મૃત્યુ પામે છતાં આપણાં પિતા રડી શકતા નથી. કારણકે નાના ભાઈ-બહેનોને સાચવવાના હોય છે. પોતાની માતા મૃત્યુ પામે તો પણ પિતા રડી શકતા નથી. કારણકે બહેનને આધાર આપવાનો હોય છે. પત્ની અડધે રસ્તે સાથ છોડીને જતી રહે તો બાળકોના આંસુ લૂછવાનું કામ પણ પિતાએ જ કરવાનું હોય છે.

જીજાબાઈએ શિવાજીને ઘડ્યા એમ ચોક્કસપણે કહેવું જોઈએ પણ તે સમયે શાહજી રાજાએ કરેલી મહેનતને પણ ધ્યાનમાં લેવી જોઈએ.

દેવકી - યશોદાના કાર્યની પ્રશંસા અવશ્ય કરીએ પણ નદીના પૂરમાંથી મધરાતે માથા ઉપર બાળકને સુરક્ષિતપણે લઈ જનારા વાસુદેવને પણ મહત્ત્વ આપીએ. રામ એ કૌશલ્યના પુત્ર અવશ્ય છે પણ પુત્ર વિયોગથી તરફડીને મૃત્યુ પામ્યા તે પિતા દશરથ હતા.

પિતાના ઠેકઠેકાણે સંધાયેલા જોડા જોઈએ તો તેમનો પ્રેમ નજરે ચડે. તેમનું ફાટેલું ગંજી જોઈએ તો સમજાય કે 'આપણાં નસીબના કાણા તેના ગંજીમાં પડ્યા છે.' તેમનો દાઢી વધેલો ચહેરો તેમની કરકસર દેખાડે છે. દીકરા દીકરીને નવા જીન્સ લઈ આપણે પણ પોતે તો જુનો લેંઘો જ વાપરશે. સંતાનો ૧૦૦/૨૦૦ રૂપિયા પાર્લર કે સલૂનમાં જઈને બીલ કરશે પણ તેમના જ ઘરના પિતા દાઢીનો સાબુ ખલાસ થઈ ગયો હશે તો ન્હાવાના સાબુથી દાઢી કરી લેશે. ઘણીવાર તો ખાલી પાણી લગાડીને જ દાઢી કરી લેતાં હોય છે.

પિતા માંદા પડે ત્યારે તરત જ દવાખાને જતા નથી. તે માંદગીથી ડરતા નથી. પણ જો ડૉક્ટર એકાદ મહિનો આરામ કરવાનું કહી દેશે તો શું કરવું તેનો ડર લાગે છે. કારણકે દીકરીના લગ્ન અને દીકરાનું શિક્ષણ બાકી હોય છે. ઘરમાં આવકનું બીજું કોઈપણ સાધન હોતું નથી.

પહોંચ હોય કે ન હોય પણ દીકરાને એન્જીનીયરીંગ કે મેડિકલમાં પ્રવેશ અપાવે છે. ખેંચ ભોગવીને પણ બાળકને નિયમિત હોસ્ટેલમાં પૈસા મોકલે છે, પણ કેટલાક દીકરાઓ જે તારીખે પૈસા મળે તે જ તારીખે પરમીટ રૂમમાં પાર્ટીઓ આપે છે અને જે પિતાએ પૈસા મોકલ્યા હોય તેની જ મજાક ઉડાડે છે.

પિતા ઘરનું અસ્તિત્વ હોય છે. જે ઘરમાં પિતા હોય છે તે ઘર તરફ કોઈપણ ઊંચી આંખ કરીને જોઈ શકતું નથી. કારણકે ઘરના કર્તાહર્તા જીવંત છે. જો તેઓ કંઈપણ કરતા ન હોય તો પણ મહત્ત્વના કર્તાહર્તા તરીકેના પદ ઉપર હોય છે અને ઘરના કામ જુએ છે, સંભાળે છે.

માતા હોવી અથવા તો માતા હોવાના સત્યને પિતાને લીધે જ અર્થ મળે છે એટલે કે પિતા હોય તો જ માતાનું અસ્તિત્વ શક્ય હોય છે. કોઈપણ પરીક્ષાનું પરિણામ આવે ત્યારે માતા જ સહુથી નજીકની લાગે કારણકે બાજુમાં લે છે, વખાણ કરે છે. આશિષ આપે છે પણ ગુપચુપ જઈને પેંડા પડીકા લાવનારા પિતા કોઈના ધ્યાનમાં રહેતા નથી. બાળક આવવાનું હોય તેવી સુવાવડી સ્ત્રીનું ખૂબ મહત્ત્વ હોય છે પણ હોસ્પિટલની લૉબીમાં અસ્વસ્થ થઈને આમથી તેમ આંટા મારનારા એ આવનારા બાળકના પિતાની કોઈ નોંધ લેતું નથી. દાઝી ગયા, ઠેસ લાગી કે માર વાગ્યો કે તરત જ 'ઓ માં....' આ શબ્દો મોઢામાંથી બહાર પડે છે પણ રસ્તો ઓળંગતા એકાદ ટ્રક નજીક આવીને જોરથી બ્રેક મારે તો 'બાપ રે...' આ જ શબ્દ બહાર પડે છે. નાના સંકટો માટે ચાલે પણ મોટી સમસ્યાઓના વાદળો ઘેરાય ત્યારે પિતા જ યાદ આવે.

કોઈપણ સારા પ્રસંગે ઘરની દરેક વ્યક્તિ જતી હોય છે પણ મરણના પ્રસંગે પિતાએ જ જવું પડે છે. પિતા શ્રીમંત સાસરૂં ધરાવતી દીકરીને ત્યાં બહુ જશે નહીં પણ દીકરી ગરીબ ઘરમાં આપી હશે તો ભલે ઊભા ઊભા ખબર કાઢવા જવું પડે, તે ચોક્કસ દીકરીના ઘરના ચક્કર કાપશે.

યુવાન દીકરો મોડો આવે ત્યારે પિતા જ તેની રાહ જોઈને મધરાત સુધી ઉજાગરો કરતા હોય છે.

દીકરાની નોકરી માટે સાહેબ સામે લાચાર થનારા પિતા, દીકરીને પરણાવવા માટે ઠેકઠેકાણે મુરતિયા જોવા ઉંબરા ઘસતા પિતા, ઘરના લોકો માટે પોતાની વ્યથા અને જરૂરતને કોરાણે મૂકી દેતા પિતા કેટલા ગ્રેટ હોય છે ખરૂંને?

પિતાનું મહત્ત્વ કોને સમજાય છે?

બાળપણમાં જ જો પિતા ગુજરી જાય તો અનેક જવાબદારીઓ ખૂબ નાની ઉંમરમાં સંભાળવી પડે છે. તેને એકએક વસ્તુ માટે તરસવું

*(અનુસંધાન : જુઓ પાના નં.-૭ ઉપર)*

# હવે તો માતાનાં મડની વાડીનો પ્રશ્ન ઉકેલીએ

**પી.જી. સોની 'દાસ' - ભુજ**

કોઈ પણ સમાજ માટે સમાજવાડી હવે અભિન્ન અંગ છે. સમાજવાડી એ 'ઘરનું ઘર' છે. સમાજની રચના સાથે જ મોવડીઓ આ અંગે ગંભીરતાથી વિચારવા લાગી જાય છે. અને આપણે જોઈએ છીએ કે, સમાજવાડીનું સ્વપ્નું મૂર્તિમંત પણ થતું હોય છે. સમાજની વાત આવે એટલે શ્રી મારૂ કંસારા સોની સમાજ એટલે આપણે. આપણી પણ વાડી હોય જ્યાં સમાજના કામો - કાર્યક્રમો થાય એવા ગૌરવની લાગણી આપણને થતી હોય છે. એ દૃષ્ટિએ ભૂકંપ પહેલા ભુજમાં પણ સુંદર મજાની આધુનિક વાડી હતી. અંજારમાં પણ હતી. ભૂકંપ પછી હવે ભુજમાં પાર્ટી પ્લોટ સંગાથે કાર્યક્રમો થાય છે.

આ તો થઈ શહેરની વાત. વાડીને સંબંધ છે ત્યાં સુધી ભલે વસ્તી ઓછી હોય તો પણ ગ્રામ્ય વિસ્તારમાં આપણે જ્ઞાતિજનો વાડી સંબંધે મોટું ગજું કાઢવા તૈયાર થઈ ગયા હતા. નખત્રાણા આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. નખત્રાણામાં વાડી ન બને ત્યાં સુધીની માનતા રાખીને પણ આ કામ પૂર્ણ થયું. નખત્રાણા સમાજને સરસ વાડી મળી.

આ બધું તો જરૂરી અને બરાબર હતું. અત્રે બાબત તો માતાનાં મડની વાડી અંગેની છે. એ આસ્થાનાં સ્થળ પર વાડી બનાવવાનું એ જમાનામાં મોટું કામ હાથ પર લેવાયું. દેખીતી વાત છે કે જ્યાં આપણા જ્ઞાતિજનનું એકલ-દોકલ ઘર હોય, અબડાસા - લખપત - નખત્રાણામાં પણ સમાજની પાંખી વસ્તી હોય ત્યાં તેવા દૂરના પંથકમાં વાડીનું નિર્માણ કરવું એ નાની સુની વાત નહોતી. પણ વરસામેડી (અંજાર)માં આપણા સમાજના અગ્રણી સ્વ. પુરૂષોત્તમ બાપાએ એ બીડું ઝડપ્યું.

સમાજવાડીના નિર્માણ માટે સમાજના ઘણા પરિવારો જો યથા શક્તિ દાન આપે તો જ સાચા અર્થમાં સમાજવાડી કહેવાય. એ ન્યાયે પરસોત્તમ બાપા દરેકને માતાનાં મડ ખાતે વાડી બનાવવાની વાત ગળે ઉતારતા ગયા. ફાળો લેતા ગયા. જો કે ફાળામાં સૌથી મોટી રકમ તેમની હોય એ સ્વાભાવિક જ છે. આજ ઉદ્દેશ સાથે વિથોણ (નખત્રાણા) ગામે નખત્રાણાનાં મોભી અગ્રણીઓ સાથે આ લખનાર પાસે પણ એક જ્ઞાતિજનની રૂએ તેઓશ્રી આવ્યા, ત્યારે મેં યથાશક્તિ ફાળો તો આપ્યો, પણ સાથે સાથે એવું પણ કહ્યું કે, 'ફાળો તો આપું છું પણ વિરોધ સાથે.' વિરોધ એટલા માટે કે 'જ્ઞાતિજન તરીકે કહેવાનો હક્ક છે' કે માતાનાં મડ ખાતે મારી દૃષ્ટિએ વાડીની કોઈ જ આવશ્યક્તા નથી. તેને બદલે આજ માતબર રકમ જીલ્લાનાં મુખ્ય મથકે 'બહુજન હિતાય - બહુજન સુખાય' વાપરવાથી મોટી સમાજસેવા કરી ગણાશે - લેખે લાગશે.

બીજું, માતાના મડમાં તમામ જાતની સુવિધાઓ છે. વળી જ્ઞાતિજનો ત્યાં જાય છે ત્યારે વાહન વ્યવહારની પર્યાપ્ત સગવડોનાં લીધે રાતવાસો કરતા નથી અને સામૂહિક રીતે ઉપયોગી થાય તો પણ વર્ષનાં વચલા દિવસે એટલે કે નવરાત્રી દરમ્યાન ઝટ દર્શન કરીને પરત ફરતા હોય છે. એટલે પણ ઉપયોગીતા નહિંવત્ છે. છતાં સ્વ. પુરૂષોત્તમ ધારશીએ બીડું ઝડપ્યું હતું એટલે વાડી બની. ઉદ્‌ઘાટનો થયા. એ વાતને હવે લગભગ ત્રણ ચાર દાયકા પૂરા થશે ત્યારે આ લખનારે ભાખેલું ભાવિ દુઃખદ રીતે સાચું પડ્યું છે. વાડીની ઉપયોગીતાને નામે મિંડું છે. એટલું જ નહીં, વાડી જર્જરીત થઈ રહી છે.

ખેર, થવાનું હતું તે થઈ ગયું. છતાં હજી સુધી આ વાડીનો કોઈ જ આરો-ઓવારો નથી. એક તબક્કે એટલે કે દાયકા પૂર્વે નખત્રાણાનાં જ્ઞાતિ અગ્રણીઓએ વાડી સ્થાનિક ટ્રસ્ટને સોંપી છે. હવે તો આ વાતને પણ ઘણો સમય વિતી ગયો છે.

જ્યારે જ્યારે સમાજનાં મોવડીઓ ભેગા મળે છે ત્યારે સ્વાભાવિકપણે જ માતાનાં મડની વાડીની વાત છેડવામાં આવે છે. ચર્ચાઓ પણ થાય છે. કોઈ કહે છે કે, મહત્ત્વનો ફાળો અમારો છે. તો સંચાલકોનો સૂર પોતાનાં તરફ વળે છે. પરંતુ આ પ્રશ્ન કોઈ અંજાર, ભુજ, નખત્રાણા, માંડવી, નલીયા, દયાપર કે વિથોણનો નથી. સામૂહિક છે. આ સમાજની મિલ્કત છે તેનો નિવેડો વેળાસર લેવાય તે જરૂરી છે. હશે... જોશું... વિચારીશું... વિગેરે વાતો હવામાં ઘુમરાતી હોય છે. પરંતુ અંત નજીકનાં ભવિષ્યમાં દેખાતો નથી.

આપણું જીલ્લા સ્તરનું સંગઠન નથી. પણ જ્ઞાતિજનોનું હવે મહામંડળ તો છે જ. આ પ્રશ્ન મહામંડળે ઉપાડી લેવો જોઈએ. પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ પણ આ જટીલ પ્રશ્ને સુપેરે પરીચિત છે. તેમ ભુજ - અંજાર - નખત્રાણા વિસ્તારના જ્ઞાતિજનો પણ બધું બરાબર જાણે છે. હવે આ પ્રશ્ન અધ્ધરતાલ રાખી શકાય નહીં. સમાજ જાતે આગળ આવે અને જરૂર પડે તો વિટો પાવર વાપરીને પણ વાડીનો પ્રશ્ન ઉકેલી દેવો પડશે. અન્યથા સમાજની મોટી મિલ્કત વેડફાઈ જશે. જ્ઞાતિનાં મોવડીઓએ આ દિશામાં પોતાના દિલો દિમાગને ઢંઢોળવા જેવો છે, એમ આપણને નથી લાગતું?

અને તમામ જ્ઞાતિજનોએ પણ વસ્તીની દૃષ્ટિએ વિશાળ આપણા સમાજે સંકુચિતતાનાં દાયરામાંથી બહાર આવીને 'મહામંડળ કરે ઈ માથા માથે' એ ન્યાયે સૌએ સ્વીકાર કરવો જોઈએ. એ સમયની માંગ છે, તકાજો છે.

મારી જાણકારી કે અલ્પ સમજ પ્રમાણે શક્ય એટલી વિગતે વાત કરી છે. છતાં ક્યાંય હકીકત દોષ કે અન્ય ક્ષતિ રહી ગઈ હોય તો ક્ષમ્ય ગણવા વિનંતી. ■

## પિતાનું આપણા જીવનમાં કેટલું મહત્ત્વ

*(અનુસંધાન : પાના નં.-૬ ઉપરથી ચાલુ)*

પડે છે. પિતાને ખરા અર્થમાં સમજી શકે તો તે છે ઘરની દીકરી! સાસરે ગયેલી કે ઘરથી દૂર રહેતી દીકરી પિતા સાથે ફોનમાં વાત કરે ત્યારે પિતાનો બદલાયેલો અવાજ એક ક્ષણમાં ઓળખી જાય છે.

કોઈપણ દીકરી પોતાની ઈચ્છા બાજુમાં જ મૂકીને પિતા કહે તે જગ્યાએ લગ્નની વેદી ઉપર ચઢી જતી હોય તેવા પ્રસંગો શું આજે પણ સમાજમાં નથી બનતા? દીકરી પિતાને ઓળખે છે, સાચવે છે. બીજાઓ પણ પોતાને આ રીતે જાણે, ઓછામાં ઓછી એટલી તો અપેક્ષા બીજાઓ પાસે પિતા રાખે કે નહીં?

આપણી પાસે તો થોડા ઉત્સવો છે, જેને ઉજવતી વખતે માતા-પિતાને યાદ કરી લઈએ. તેમના પ્રત્યેનું ઋણ ચૂકવવા આપણે તેમને પગે લાગીએ અને એમના આશીર્વાદ મેળવીએ અને આપણાં જ સંસ્કાર, ધર્મ, નાત-જાતના ભેદભાવ વગર આપણી પછીની પેઢીને પણ આપીને યથાશક્તિ પિતૃ તર્પણ કરીએ. ■

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

# સમૂહલગ્ન સમારોહ સમિતિ

### ૨૫મો રજતજયંતિ સમૂહલગ્ન સમારોહ - સમાજ ગૌરવ દિન

## નિવેદન વિતરણ સમયે....

માનનીય જ્ઞાતિજનો,

જય માતાજી સાથે જણાવવાનું કે, આગામી ૨૫માં સમૂહલગ્ન જે રજતજયંતિ સમૂહલગ્ન તરીકે ભવ્ય રીતે યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે અને તે માટે દાનરૂપી સૌજન્ય સ્વ. મણિબેન હીરાલાલભાઈ બગ્ગા તથા સ્વ. રામદાસભાઈ હીરાલાલભાઈ બગ્ગાની સ્મૃતિમાં આપવા તા. ૨૨-૮-૨૦૧૦ના રોજ યોજાયેલ સરસ્વતી સન્માન સમારોહમાં જાહેર કરવામાં આવ્યું છે. તે માટે સમાજ દાતાશ્રીનું હાર્દિક આભાર માને છે અને ગૌરવ અનુભવે છે. તે અનુસંધાને જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી જાહેર કરવામાં આવે છે કે રજતજયંતિ સમૂહલગ્ન પ્રસંગે વર અને કન્યા એમ બંને પક્ષોને ફ્રી પ્રવેશ આપવામાં આવશે. આથી પક્ષકારો માટે આ રજતજયંતિ સમૂહલગ્ન **નિઃશુલ્ક** રહેશે.

વિશેષ ખુશી સાથે જણાવવાનું કે તા. ૨૭-૮-૨૦૧૦ના રોજ મળેલ જ્ઞાતિ ટ્રસ્ટની મિટીંગમાં સમયને અનુરૂપ નિર્ણય કરવામાં આવ્યો છે કે ભવિષ્ય માટે **"સમૂહલગ્ન કાયમી ફંડ"**ની રચના કરવી. જે માટે આ નિવેદનમાં જાહેર કરાયેલી દાતાશ્રીઓ માટેની યોજના "સમૂહલગ્ન કાયમી ફંડ"ના દાતાઓ તરીકે અમલમાં રહેશે. તેમજ સમૂહલગ્ન પ્રસંગે ચાંદલો, વધાવો, ડોનેશન વિગેરે જે કંઈ પણ રકમ જ્ઞાતિને મળશે તે રકમ "સમૂહલગ્ન કાયમી ફંડ"માં જમા કરવામાં આવશે.

સાથે સાથે વિનંતી કરવાની કે સમૂહલગ્નમાં જોડાનાર પક્ષકારો જો તેમની ઈચ્છા હોય તો રૂા. ૫૦૦૦/- અથવા તેમની શક્તિ મુજબની રકમ "સમૂહલગ્ન કાયમી ફંડ"માં પ્રવેશ ફોર્મ ભરતી વખતે દાનમાં આપે. જેથી ભવિષ્યમાં તે રકમ સમૂહલગ્ન અર્થે વાપરી શકે. વિશેષ માહિતી કાયમી ફંડની રચના થયા બાદ જાહેર કરવામાં આવશે.

જ્ઞાતિના સમાજહિતના દરેક કાર્યોમાં દાન આપનાર દાતાઓ, શૈક્ષણિક તથા મેડિકલ ક્ષેત્રે દાન આપનાર દાતાઓ તેમજ હવે પછી જે દાન આપશે તેવા સૌ દાતાશ્રીઓનું સમાજ દ્વારા સમયોચિત યોગ્ય સન્માન કરવામાં આવશે.

સમાજ હિતના દરેક કાર્યોમાં તન, મન અને ધનથી સહકાર આપો એજ પ્રાર્થના....

જય માતાજી - જય સમાજ.

**કન્વીનર - મંત્રી - સમિતિના સર્વે સભ્યો**
**સમૂહલગ્ન સમિતિ**

**પ્રમુખ-મંત્રી-કારોબારીના સર્વે સભ્યો**
**શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ**

## કેટલાક દેશની લગ્ન વિશે માન્યતા

★ ભારત : બે આત્માનું અદ્‌ભુત મિલન.
★ લંડન : નવા જીવનની શરૂઆત પણ જવાબદારી સાથે.
★ રશિયા : લગ્ન એટલે સરકસનો ખેલ. જાગતો રહે તે જીતે, ઊંઘે તે હારે.
★ ફ્રાંસ : પાનખર ઋતુ પછીની વસંત બહાર.
★ ઈન્ડોનેશિયા : લગ્ન એટલે એક સામાજીક નાટક. પણ મુખ્ય આધાર કલાકાર ઉપર.
★ ભૂતાન : ખીલેલા કમળમાં ફસાયેલું ભ્રમર.
★ સ્પેન : તોફાની વાછરડાને ગાડાનું બંધન.
★ ઓસ્ટ્રેલિયા : તોફાની ઘેટાને ગળામાં દોરડું.
★ અફઘાનિસ્તાન : લગ્ન એટલે બે ઘોડા પર સવારી. સમતુલા ન જળવાય તો પડી જવાય.
★ ડેન્માર્ક : નદીનું સાગરમાં મિલન.
★ ઈજીપ્ત : ઝંઝાવાત પછી નાવને મળેલ કિનારો.
★ ઈરાન : પીંજરામાં પૂરાયેલા કેદી.
★ જર્મની : મ્યુઝીયમના પીંજરામાં પૂરાયેલા બે પ્રાણી. જેને જોવા લોકો આવે.
★ અમેરિકા : લગ્ન એટલે વસંત બહારમાં ખીલેલી ચાંદની.
★ બ્રાઝીલ : વાવાઝોડા પછીનો શાંત શીતળ પવન.
★ હંગેરી : કડવી દવાને હસતા હસતા પીવાનો સમય.
★ નેપાળ : લાડું ખાનારા પસ્તાય, જોનારા મુંઝાય.
★ પોર્ટુગલ : લગ્ન એટલે સતત અંધકારમાં મિણબત્તીનું અજવાળું.
★ ચીન : લગ્ન એટલે પતિ બેવફા નીકળે તો બારણેથી ઘરમાં થુંકવા જેવું. પત્ની બેવફા નીકળે તો ઘરમાંથી બહાર થુંકવા જેવું.

*મહેશ બારમેડા - માધાપર*

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

# સમૂહલગ્ન સમારોહ સમિતિ

### ૨૫મો રજતજયંતિ સમૂહલગ્ન સમારોહ - સમાજ ગૌરવ દિન

નિમિત્તે

# નમ્ર નિવેદન....

વ્હાલા જ્ઞાતિજનો,

સહર્ષ જણાવવાનું કે પરમ કૃપાળુ શ્રી મહાકાલીકા માતાજીની અસીમ કૃપાથી આ નિવેદન દ્વારા આપને મળતાં અમો આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. કેમકે ઉત્સાહ અને ઉમંગ સાથે ૨૫મા સમૂહ લગ્ન ઉજવાશે તેવી આપ સૌ જ્ઞાતિજનોની લાગણી અને આશા અમારી સાથે છે. શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, ભુજ દ્વારા સંવત ૨૦૬૭, માગસર સુદ-૮, મંગળવાર, તા. ૧૪-૧૨-૨૦૧૦ના રોજ આયોજીત ૨૫માં સમૂહલગ્ન આપણે "રજત જયંતિ" સમૂહલગ્ન તેમજ "સમાજ ગૌરવ દિન" તરીકે ઉજવવા તા. ૨૮-૬-૨૦૦૯, રવિવારના રોજ મળેલી જ્ઞાતિની કારોબારી મિટિંગમાં નિર્ણય કરવામાં આવ્યો હતો. જેની તૈયારી અત્યારથી જ જ્ઞાતિ ટ્રસ્ટ તથા સમૂહલગ્ન સમિતિ દ્વારા શરૂ કરવામાં આવી છે. આપ સૌ જાણો છો કે રજતજયંતિ સમૂહલગ્ન તેમજ સમાજ ગૌરવ દિન નિમિત્તે દરેક કન્યાઓને નિ:શુલ્ક પ્રવેશ આપવામાં આવશે તે અંગેની જાહેરાત પણ ૨૪માં સમૂહલગ્ન પ્રસંગે કરવામાં આવી છે.

આપણા સમાજમાં સમૂહલગ્ન તા. ૧૩-૩-૧૯૮૬થી શ્રીગણેશ થયેલ અને અઢી દાયકાથી નિર્વિઘ્ને સળંગ સફળતા પામેલ આ સમૂહલગ્ન જેવી સામાજીક પ્રવૃત્તિ ૨૪ સમૂહલગ્ન પૂર્ણ કરી ૨૫માં રજત જયંતિ સમૂહલગ્નના આયોજન માટે પ્રેરણા આપે છે. આ સહિયારા સામાજીક સેવાના કાર્યના ફળ સ્વરૂપે સમાજના સભ્યોની કડવાશો દૂર થઈ, એકતા વધી, સંપ-સહકાર વધ્યા, એકીકરણ થયા, શૈક્ષણિક-મેડિકલ-ધાર્મિક વિગેરે અનેક પ્રવૃત્તિ વિકાસ પામી જેના કારણે એકંદરે સમાજ ઉન્નતિ અને વિકાસના માર્ગે ગતિ કરી રહ્યો છે.

સમાન દૃષ્ટિ જ ભુજ જ્ઞાતિના રજતજયંતિ સમૂહલગ્ન સુધીની સફરનું રહસ્ય છે. ભુજ જ્ઞાતિના લાણેદાર સભ્યોની જેમજ સમસ્ત જ્ઞાતિજનો પ્રત્યે કોઈપણ જાતના પક્ષપાતી વલણ વગર, સમાન નીતિ-નિયમો, સૌ માટે એક સરખો આદર સત્કાર, એક સરખી સગવડો અને સુવિધાના વ્યવહાર થકી જ પ્રેમભાવ ઘડાયેલો છે. તેના ફળ સ્વરૂપ કચ્છ અને કચ્છ બહારના જ્ઞાતિબંધુઓ આવા પ્રસંગે મળતા અને ઓળખતા થઈ, પસંદગી મેળાનો માહોલ સર્જી, અનેક શુભ કાર્યો તરફ પ્રયાણ કરીએ છીએ.

સમૂહલગ્નમાં સમાજની પ્રગતિ, રહેણીકરણી, ખાનપાનને અનુરૂપ ફેરફાર કરવા જરૂરી છે. જેમકે વર્ષો પહેલાની ભોજન વાનગી, સમયના અભાવે ઓછો શ્રમ, પ્રસંગ માણવાની ઈચ્છા ઉપરાંત સંગઠન અને દેશતેડા જેવો અભિગમ પણ ૨૪માં સમૂહલગ્ન સુધીની યાત્રાના સહભાગી છે.

સાથે સાથે સમૂહલગ્નના આયોજનના ખર્ચ સંબંધે પણ કહેવાનું કે શરૂઆતના કેટલાક વર્ષ ફક્ત પ્રવેશ ફી, વધાવો, ડોનેશન ઉપર કામ નભી જતું. પરંતુ હવે સમય અનુસાર ખર્ચને પહોંચી વળવા દાતાઓના સહયોગની ચોક્કસ જરૂર રહે છે અને દાતાઓનું ભાવનાત્મક સહકાર ચોક્કસપણે મળી જ જાય છે. જેથી આવક-ખર્ચ સરભર થઈ શકે છે. વર્ષોવર્ષ વધતી જતી મોંઘવારીના કારણે આયોજન ખર્ચના આંકડા આપને જાગૃત કરશે કે પ્રથમ સમૂહલગ્ન ખર્ચ રૂા. ૧૮,૬૩૦/- સામે ૨૪માં સમૂહલગ્ન ખર્ચ રૂા. ૫,૦૦,૦૦૦/- થયો હતો.

રજતજયંતિ સમૂહલગ્ન ૨-૩ દિવસના કાર્યક્રમ સાથે ધામધૂમથી ઉજવવાનો છે. ત્યારે તેના ખર્ચને પહોંચી વળવા સમસ્ત જ્ઞાતિના દાતાઓનો સહકાર અનિવાર્ય છે. તેથી દાન સંબંધે કેટલીક ઓફરો, યોજનાઓ દાતાશ્રીઓ માટે આ સાથે જાહેર કરેલ છે. જેમાં આપશ્રીને ઉદારતાથી સહકાર આપવા શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, ભુજ તથા સમૂહલગ્ન સમિતિ તરફથી નમ્ર અપીલ કરીએ છીએ.

રજતજયંતિ સમૂહલગ્ન ભવ્ય રીતે ઉજવવા માટે આપ સૌનો આર્થિક સહયોગ મેળવવા ૨૪માં સમૂહલગ્ન સમયે ટહેલ નાખવામાં આવી હતી અને તે જ સમયે રાયપુર (છ.ગ.)ના શ્રી કિશોરભાઈ બાબુલાલભાઈ બુદ્ધભટ્ટી તરફથી રૂા. ૧,૦૧,૧૧૧/- સહયોગરૂપે આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું. તેમ ભુજના ગં.સ્વ. લક્ષ્મીબેન જેરામદાસ હેડાઉ તરફથી રૂા. ૧૧,૧૧૧/- સહયોગરૂપે આપવાનું જાહેર કરવામાં આવ્યું છે. ત્યારબાદ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ, સાબરકાંઠા તરફથી રૂા. ૧૧,૦૦૦/- સહયોગરૂપે આપવાનું જાહેર કરવામાં આવ્યું છે.

આપ સૌ શુભ કાર્યમાં આર્થિક સહયોગ આપશો તેવી ફરીને ભુજ જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી અપીલ કરીએ છીએ. આશા છે, આપના તરફથી પૂરતો સહયોગ મળી રહેશે. આપ સૌના સાથ-સહકારથી રજત જયંતિ સમૂહલગ્ન ભવ્ય રીતે પાર પાડવા અમો સૌ કટીબદ્ધ છીએ. આ સાથે એ પણ વિનંતી કરવાની કે અગાઉ ૧ થી ૨૪ સમૂહલગ્નમાં જોડાઈને સમાજ સેવા કે સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવાનું ચૂકાઈ ગયેલ હોય તો આ વર્ષે યથાયોગ્ય ઓફર, સેવા સ્વીકારી ધન્યતા અનુભવવા તક ઝડપી લેશો.

બધા જ સમૂહલગ્નો અરસપરસના વિશ્વાસ અને સહકારથી જ સફળતાને વરેલા છે. દરેકે દરેક ગામેગામથી પધારતા જ્ઞાતિજનો તેમાં એકરૂપ બની, ખભેખભા મિલાવી ઉત્સાહ સાથે સહયોગ આપી સફળતાના યશભાગી બનશો તેવા વિશ્વાસ સાથે.

જય માતાજી - જય સમાજ.

**વિશેષ નોંધ :**

★ આ સાથે રજૂ કરવામાં આવેલી દાન યોજનાનો - સૌજન્યનો લાભ લેવા માંગતા દાતાશ્રીએ પોતાની ઓફર મોડામાં મોડી તા. ૫-૧૦-૨૦૧૦ સુધી જણાવવાની રહેશે.

★ આ સાથે રજૂ કરવામાં આવેલી દાન યોજનામાં જણાવ્યા સિવાય કોઈપણ દાતાશ્રી પોતાના વિચાર પ્રમાણે દાન આપવા ઈચ્છતા હોય તેઓએ વહેલી તકે સંપર્ક કરવો.

★ દાન વહેલા તે પહેલાના ધોરણે સ્વીકારવામાં આવશે.

★ ઉતારા વ્યવસ્થા બહારગામથી આવનાર પક્ષકારો માટે જ છે. (ભુજ જ્ઞાતિના લાણેદાર સિવાય)

★ ઉતારા વ્યવસ્થા તા. ૧૨-૧૨-૨૦૧૦ રવિવારના સાંજે ૪.૦૦ કલાકેથી તા. ૧૪-૧૨-૨૦૧૦ મંગળવારના સાંજે ૭.૦૦ વાગ્યા સુધી રહેશે.

★ સમિતિ તરફથી ઘડવામાં આવેલા દરેક કાર્યક્રમોમાં જ્ઞાતિજનોએ હાજર રહી પ્રસંગની શોભા વધારવા વિનંતી છે.

★ સંજોગોવશાત્ નિયમોમાં અને કાર્યક્રમોમાં ફેરફાર કરવાનો અધિકાર સમૂહલગ્ન સમિતિ પાસે રહેશે.

**નોંધ : સમૂહલગ્ન અંગેની વધુ માહિતી માટે નીચે જણાવેલ સ્થળોએ સંપર્ક કરવો.**

**શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટની ઓફિસ**
કંસારા બજાર, ભુજ, કચ્છ. ફોન : ૨૫૭૦૧૪

**જ્ઞાતિપ્રમુખ**
**શ્રી કિશોરભાઈ જટુભાઈ ચનાણી**
હોસ્પિટલ રોડ, ભુજ, કચ્છ. મો. ૯૮૨૫૮ ૫૭૪૧૩

**સમૂહલગ્ન સમિતિ કન્વીનર**
**શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી**
કંસારા બજાર, ભુજ, કચ્છ. મો. ૯૪૨૬૯ ૬૮૨૨૦

**જ્ઞાતિ મંત્રી**
**શ્રી દિલીપભાઈ કાનજીભાઈ બગ્ગા**
શરાફ બજાર, ભુજ, કચ્છ. મો. ૯૮૨૫૨ ૨૬૬૧૭

**સમૂહલગ્ન સમિતિ મંત્રી**
**શ્રી ચંદ્રકાંતભાઈ જટુભાઈ ચનાણી**
હોસ્પિટલ રોડ, ભુજ, કચ્છ. મો. ૯૮૨૫૪ ૩૧૬૮૩

**૨૫માં સમૂહલગ્નનો કાર્યક્રમ**

**● તા. ૧૨-૧૨-૨૦૧૦, રવિવાર ●**

| | |
|---|---|
| પ્રોગ્રામ | સાંજે ૦૭.૦૦ કલાકે |
| ભોજન પ્રસાદ (હળવું) | રાત્રે ૦૮.૦૦ કલાકે |

**● તા. ૧૩-૧૨-૨૦૧૦, સોમવાર ●**

| | | |
|---|---|---|
| ★ | શ્રી ગણેશજી પૂજન | સવારે ૦૯.૦૦ કલાકે |
| ★ | મંડપારોહણ | સવારે ૧૦.૩૦ કલાકે |
| ★ | ગ્રહ શાંતિ | સવારે ૧૧.૦૦ કલાકે |
| ★ | ભોજન પ્રસાદ | બપોરે ૧૨.૦૦ કલાકે |
| ★ | પસનો વરઘોડો (ફુલેકું) | સાંજે ૦૫.૦૦ કલાકે |
| ★ | ભોજન પ્રસાદ (હળવું) | રાત્રે ૦૮.૦૦ કલાકે |
| ★ | પ્રોગ્રામ + સન્માન કાર્યક્રમ | રાત્રે ૦૯.૦૦ કલાકે |

**● તા. ૧૪-૧૨-૨૦૧૦, મંગળવાર ●**

| | | |
|---|---|---|
| ★ | લગ્ન નોંધણી | સવારે ૧૦.૦૦ કલાકે |
| ★ | લગ્નવિધિ | સવારે ૧૧.૦૦ કલાકે |
| ★ | ભોજન પ્રસાદ | બપોરે ૧૨.૦૦ કલાકે |
| ★ | સત્કાર સમારંભ | બપોરે ૦૩.૩૦ કલાકે |
| ★ | વિદાય | સાંજે ૦૬.૦૦ કલાકે |

## દાન-સૌજન્ય ઓફર માટે સમૂહલગ્નોત્સવનો અંદાજીત ખર્ચ

| | | | |
|---|---|---|---|
| | **લગ્નોત્સવ સંપૂર્ણ ખર્ચ** | **રૂા.** | **૧૬,૦૦,૦૦૦/-** |
| ૧. | ભોજન ખર્ચ | રૂા. | ૮,૦૦,૦૦૦/- |
| ૨. | મંડપ ખર્ચ | રૂા. | ૩,૦૦,૦૦૦/- |
| ૩. | ભેટ-સોગાદ ખર્ચ | રૂા. | ૫૦,૦૦૦/- |
| ૪. | ધાર્મિક ખર્ચ | રૂા. | ૫૦,૦૦૦/- |
| ૫. | વરઘોડા ખર્ચ | રૂા. | ૫૦,૦૦૦/- |
| ૬. | કંકોત્રી ખર્ચ | રૂા. | ૩૫,૦૦૦/- |
| ૭. | પ્રોગ્રામ ખર્ચ | રૂા. | ૫૦,૦૦૦/- |
| ૮. | લાઈટ-ડેકોરેશન ખર્ચ | રૂા. | ૫૦,૦૦૦/- |
| ૯. | જાહેરાત ખર્ચ | રૂા. | ૫૦,૦૦૦/- |
| ૧૦. | ઉતારા ખર્ચ | રૂા. | ૫૦,૦૦૦/- |
| ૧૧. | સન્માન ખર્ચ | રૂા. | ૫૦,૦૦૦/- |
| ૧૨. | પ્રિન્ટીંગ-સ્ટેશનરી ખર્ચ | રૂા. | ૧૫,૦૦૦/- |
| ૧૩. | પરચૂરણ ખર્ચ | રૂા. | ૫૦,૦૦૦/- |
| | | **રૂા.** | **૧૬,૦૦,૦૦૦/-** |

## ★ દાતાશ્રીઓનું સન્માન :

૧. રૂા. ૧૬,૦૦,૦૦૦/- સમૂહ લગ્નનો સંપૂર્ણ ખર્ચનું દાન આપનારનું સમાજ દ્વારા યોગ્ય ઈલ્કાબ સાથે મોમેન્ટો તથા શાલ-પાઘડી સાથે જાહેર સન્માન. લગ્ન પત્રિકામાં ફોટો.

૨. રૂા. ૮,૦૦,૦૦૦ તથા તેથી ઉપરનું દાન આપનારનું સમાજ દ્વારા યોગ્ય ઈલ્કાબ સાથે મોમેન્ટો તથા શાલ-પાઘડી સાથે જાહેર સન્માન. લગ્ન પત્રિકામાં ફોટો.

૩. રૂા. ૩,૦૦,૦૦૦ તથા તેથી ઉપરનું દાન આપનારનું સમાજ દ્વારા યોગ્ય ઈલ્કાબ સાથે મોમેન્ટો તથાશાલ સાથે જાહેર સન્માન. લગ્ન પત્રિકામાં ફોટો.

૪. રૂા. ૧,૦૦,૦૦૦ તથા તેથી ઉપરનું દાન આપનારનું મોમેન્ટો તથા શાલ સાથે જાહેર સન્માન. લગ્ન પત્રિકામાં ફોટો.

૫. રૂા. ૫૦,૦૦૦ તથા તેથી ઉપરનું દાન આપનારનું મોમેન્ટો તથા શાલ સાથે જાહેર સન્માન. લગ્ન પત્રિકામાં ફોટો.

૬. રૂા. ૨૫,૦૦૦ તથા તેથી ઉપરનું દાન આપનારનું શાલ સાથે જાહેર સન્માન. લગ્ન પત્રિકામાં ફોટો.

૭. રૂા. ૧૧,૦૦૦ તથા તેની ઉપરનું દાન આપનારનું લગ્ન પત્રિકામાં ફોટો.

૮. રૂા. ૫,૦૦૦ તથા તેથી ઉપરનું દાન આપનારનું લગ્ન પત્રિકામાં નામ.

## ★ નિયમો :

૧. સમૂહલગ્નમાં જોડાનાર વરપક્ષે રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર પૂરા) ફોર્મ ભરતી વખતે આપવાના રહેશે. કન્યાપક્ષને રજતજયંતિ વર્ષની ભેટ રૂપે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

૨. સરકારી લગ્નનોંધણી ફી રૂા. ૨૫૦/- બંને પક્ષે અલગ અલગ આપવાની રહેશે. વર-કન્યાના પાસપોર્ટ સાઈઝના બે કલર ફોટા આપવાના રહેશે તથા એક ફોટો ઓળખકાર્ડ આપવાનું રહેશે. પક્ષકારના વાલીઓએ રાશનકાર્ડની ઝેરોક્ષ આપવી.

૩. વર તથા કન્યાની ઉંમર અનુક્રમે ૨૧ તથા ૧૮ વર્ષ પૂરા થયેલા હોવા જોઈએ. આ માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા ગ્રામ પંચાયત કે મ્યુનિ.નો જન્મનો દાખલો ફોર્મ સાથે આપવો જરૂરી છે. મૂળ દાખલા સાથે પ્રમાણિત ત્રણ નકલો (ટ્રુ કોપી) આપવાની રહેશે. ઉંમર અંગેના દાખલા વગરના તેમજ અધુરાશવાળા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. તેમજ તેવા ફોર્મ રદ્દ કરવામાં આવશે. બાળલગ્ન પ્રતિબંધક ધારાના ગુના માટે જ્ઞાતિ કે સમૂહલગ્ન સમિતિ જવાબદાર રહેશે નહીં.

૪. પ્રવેશ ફોર્મ ભરવાની તારીખ ૮-૧૦-૨૦૧૦થી ૮-૧૧-૨૦૧૦ સુધી રાખેલ છે.
૫. આ સમૂહલગ્નમાં ઉતારા વ્યવસ્થા રાખવામાં આવેલ છે. ઉતારા વ્યવસ્થામાં જોડાવા ઈચ્છતા પક્ષકારોએ પ્રવેશફોર્મ ભરતી વખતે ચોક્કસ સંખ્યા જણાવવાની રહેશે. તેમજ વ્યક્તિદીઠ રૂા. ૧૦૦ ટોકન ચાર્જ ભરવાનો રહેશે.
૬. વર-કન્યા પક્ષ તરફથી કોઈપણ પ્રકારના દહેજની લેતીદેતી કરી શકાશે નહીં.
૭. લગ્ન સમયે અપાતી પહેરામણીમાં જે કંઈ વસ્તુ આપવી હશે તે જાહેરમાં આપી શકાશે નહિં. જાહેરમાં કોઈપણ વસ્તુની ભેટ કોઈ એક વર-કન્યાને આપી શકાશે નહીં તેમજ વર-કન્યા સ્વીકારી શકશે નહીં.
૮. બધા વર-કન્યા માટે સરખી ભેટ લાવનાર જ જાહેરમાં ભેટ આપી શકશે. જે સમિતિ પાસે અગાઉથી જમા કરાવવાની રહેશે.
૯. લગ્નવિધિ માટે વર-કન્યાએ કાર્યક્રમના સમય અનુસાર તૈયાર થઈ મંડપમાં હાજર થઈ જવું.
૧૦. સમૂહલગ્નના ભોજન સમારંભમાં જ્ઞાતિ સિવાયના પોતાના હેતુ સંતોષી, મિત્રો કે અન્ય કોઈ સામેલ થઈ શકશે નહીં.
૧૧. સમૂહલગ્ન વૈદિક રીતે કરવામાં આવશે.
૧૨. લગ્નવિધિ સમયસર શરૂ થશે. મોડા આવનારા વર-કન્યાઓએ વિધિ ચાલુ હશે તે વિધિથી જોડાવવાનું રહેશે.
૧૩. મંડપદીઠ બ્રાહ્મણની વ્યવસ્થા શક્ય ન હોવાથી લગ્નવિધિ જ્ઞાતિના પૂ.ગોરશ્રીના આચાર્યપદે સૂચના મુજબ જ્ઞાતિના કાર્યકરોના સહકાર મારફત સંપન્ન કરાવવામાં આવશે.
૧૪. રોકડ રકમની ભેટ, ડોનેશન, વધાવો કે ચાંદલો સમૂહલગ્ન સમિતિને આપવાનો રહેશે. જેની પહોંચ મેળવી લેવી.
૧૫. લગ્નપત્રિકા સમિતિ તરફથી છપાવી વહેંચવામાં આવશે. પક્ષકારોએ ફોર્મ સાથેજ પત્રિકા માટે સરનામા તા. ૮-૧૧-૨૦૧૦ સુધી આપવાના રહેશે.
૧૬. પક્ષકારોએ નિયત કરેલા દરેક પ્રોગ્રામમાં સમયસર હાજરી આપવી જરૂરી છે.
૧૭. વર-કન્યા પક્ષે લગ્નમંડપ પ્રવેશ પાસે તેમજ પોતાના ફોટોગ્રાફર માટેના પાસ મેળવી લેવાના રહેશે.
૧૮. વરપક્ષે લાવવાની વસ્તુ (૧) રાડી, (૨) વાણી, (૩) ચુંદડી.
૧૯. કન્યાપક્ષે લાવવાની વસ્તુ (૧) પાનેતર, (૨) માય માટલું, (૩) કંસારના વાસણો, (૪) પસનું નાળીયેર.
૨૦. જ્ઞાતિના રીવાજ મુજબ સગપણની લાગત આપેલ નહીં હોય તેમને લાગત આપવાની રહેશે.
૨૧. સમિતિ શક્ય હશે તેટલી વ્યવસ્થા કરશે તથા સંજોગોવશાત્ નિયમોમાં ફેરફાર કરી શકશે.
૨૨. દરેક પક્ષકાર નીતિ તેમજ વ્યવસ્થા અંગેના સમિતિના નિયમોનું પાલન કરી કાર્યને સફળ બનાવશે.
૨૩. ફોર્મ ભરનારને આથી વિશેષ માર્ગદર્શનની જરૂર જણાય તો સમિતિના હોદ્દેદારો તેમજ જ્ઞાતિના હોદ્દેદારો પાસેથી મેળવી શકાશે.

**કન્વીનર-મંત્રી-સમિતિના સર્વે સભ્યો**
**સમૂહલગ્ન સમિતિ**

**પ્રમુખ-મંત્રી-કારોબારીના સર્વે સભ્યો**
**શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ**

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

**(અનુસંધાન : પાના નં.-૧૬ ઉપરથી ચાલુ)**

આવકાર્યા હતા તેમજ સ્પર્ધાના નિયમોનો ખ્યાલ આપ્યો હતો. ત્યારબાદ સ્પર્ધા શરૂ થઈ હતી. બરાબર ૪૫ મિનિટ બાદ સ્પર્ધા સમાપ્ત થઈ હતી. જેના વિજેતાઓ આ પ્રમાણે હતા : પ્રથમ : નેન્સી બુધ્ધભટ્ટી, દ્વિતીય : ચાંદની સોલંકી, આશ્વાસન : દીપમાલા કટ્ટા.

આ ઉપરાંત અન્ય રમતો જેવી કે કોઈન્સ ગેમ, સોલીસીટર ગેમ પણ મહિલાઓ માટે રાખવામાં આવી હતી. જેમાં પણ બહેનોએ હોંશભેર ભાગ લીધો હતો. આ ગેમ્સના વિજેતાઓ આ પ્રમાણે હતા :

★ **કોઈન્સ ગેમ :**
પ્રથમ : શીતલ એ. બુધ્ધભટ્ટી
દ્વિતીય : રીટા ડી. બુધ્ધભટ્ટી.

★ **સોલીસીટર ગેમ :**
પ્રથમ : ખુશાલી એસ. બુધ્ધભટ્ટી
દ્વિતીય : હેમા વી. છત્રાળા.

ઉપરોક્ત સર્વે વિજેતાઓને નિર્ણાયકો તેમજ મહિલા મંડળના હોદ્દેદારોના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

આની સાથે સાથે મહિલા મંડળના કારોબારી સભ્યો ખ્યાતિબેન બુધ્ધભટ્ટી તેમજ સુધાબેન બુધ્ધભટ્ટીનો પણ એ જ દિવસે જન્મ દિવસ હોતા તેમને પણ મહિલા મંડળ તરફથી ગીફ્ટ આપવામાં આવી હતી અને જ્ઞાતિની સૌ બહેનો બાળકોને અલ્પાહાર આપવામાં આવેલ હતો. લગભગ ૨૦૦થી વધુ બહેનોએ હાજર રહી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો.

સુધાબેન એ. બુધ્ધભટ્ટી તેમજ ખુશાલીબેન એસ. બુધ્ધભટ્ટીએ ઉપરોક્ત રમતો રમાડી હતી. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકીએ સૌનો આભાર માન્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે મહિલા મંડળના સભ્યો જયેષ્ઠાબેન, રોહિણીબેન, જયશ્રીબેન બુધ્ધભટ્ટી, રીટાબેન બુધ્ધભટ્ટી, અરૂણાબેન બુધ્ધભટ્ટી, ભાવનાબેન બુધ્ધભટ્ટી, જુલીબેન સોલંકી, પ્રીતિબેન બગ્ગા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

સૌની આભારવિધિ લતાબેન સોલંકીએ કરી હતી. ■

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ દ્વારા આયોજીત સરસ્વતી સન્માન સમારોહ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ







શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ દ્વારા આયોજીત સરસ્વતી સન્માન સમારોહ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૨૨-૮-૨૦૧૦, રવિવારના રોજ ટાઉન હોલ મધ્યે યોજાયો હતો.

જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઈ જે. ચનાણી, શ્રી રસીકભાઈ ઝેડ. બુધ્ધભટ્ટી, શ્રી ભરતભાઈ આર. બગ્ગા, શ્રી પ્રદીપભાઈ એમ. ચનાણી, શ્રી પ્રાણલાલભાઈ એન. સોલંકી, શ્રી ધીરજભાઈ પી. પોમલ, શ્રી અનિલભાઈ એ. હેડાઉ, શ્રી શંકરભાઈ પી. બગ્ગા, વેલુબેન બુધ્ધભટ્ટી, શારદાબેન પોમલ, માંડવી જ્ઞાતિના પ્રમુખ શ્રી સુરેશભાઈ પી. સોલંકી, પશ્ચિમ કચ્છ જ્ઞાતિના પ્રમુખ શ્રી લખમશીભાઈ આઈ. કોટડિયા, નખત્રાણા જ્ઞાતિના ઉપપ્રમુખ શ્રી ભોગીભાઈ એચ. કટ્ટા, અંજાર જ્ઞાતિના મંત્રી શ્રી ભરતભાઈ સી. ગોહીલ, નખત્રાણા યુવક મંડળના પ્રમુખ શ્રી પ્રફુલભાઈ એમ. કંસારા, નાગલપરના શ્રી પ્રવીણભાઈ પી. સોલંકી, યુવક મંડળ - ભુજના પ્રમુખ શ્રી અનિલભાઈ કે. છત્રાળા તથા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન આઈ. સોલંકીની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ સ્વાગત ગીત કુ. રાધિકાબેન મહીચા તથા કુ. સ્મિતાબેન બુધ્ધભટ્ટીએ રજુ કર્યો હતો.

ધોરણ-૧થી ૧૨ અંગ્રેજી મિડીયમના છાત્રો માટેના ઈનામોના દાતા સ્વ. લાડુબેન નરભેરામભાઈ સોલંકી હસ્તે શ્રી પ્રાણલાલભાઈ એન. સોલંકી દ્વારા મળેલ હતા. જયારે ધોરણ-૧થી ૯ ગુજરાતી મિડીયમના દાતા શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતી તેમજ ધોરણ-૧૦થી કોલેજ કક્ષાના દાતા સ્વ. ખેતશીભાઈ ખેંગારભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી મળેલ હતા. જે સર્વે ઈનામો મંચસ્થ મહાનુભાવો મારફતે વિદ્યાર્થીઓને અર્પણ કરવામાં આવ્યા હતા. જયારે જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી વિશિષ્ટ સિધ્ધિઓ મેળવનાર જ્ઞાતિજનોને ઉપપ્રમુખ શ્રી સુનીલભાઈ એમ. કંસારાએ સન્માનિત કર્યા હતા.

યુવક મંડળ તથા મહિલા મંડળ તરફથી વર્ષભરમાં કરવામાં આવેલ રમતગમત તથા અન્ય પ્રોગ્રામના વિજેતાઓને યુવક મંડળના પ્રમુખશ્રી તથા મહિલા મંડળના પ્રમુખશ્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

શૈક્ષણિક કાયમી ફંડ સમિતિનો અહેવાલ મંત્રીશ્રી મુળજીભાઈ એન. કટ્ટા દ્વારા, યુવક મંડળનો અહેવાલ મંત્રી શ્રી રાહુલભાઈ સી. ચનાણી દ્વારા તેમજ મહિલા મંડળનો અહેવાલ પ્રમુખ શ્રીમતી લતાબેન આઈ. સોલંકી દ્વારા રજુ કરવામાં આવ્યો હતો.

જ્ઞાતિ પ્રમુખશ્રીએ એમના ઉદ્‌બોધનમાં એજયુકેટેડ વર્ગને સમાજહિતના કાર્યોમાં જોડાવાની અપીલ કરી હતી અને મેડિકલ કાયમી ફંડની રચના કરવામાં આવી છે અને તે અંગેના ફંડમાં રૂા. ૨૫ લાખથી વધુ રકમ નોંધાયેલી છે તેવું જણાવ્યું હતું. અને તે માટે ઉદાર દિલથી દાન આપવાની અપીલ કરી હતી. બાળકોનો અભ્યાસ ક્યારે પણ આર્થિક કારણોસર અટકશે નહીં તેની ટ્રસ્ટ તરફથી ખાતરી આપી હતી. તેમજ આગામી પચ્ચીસમા સમૂહ લગ્ન ‘રજત જયંતી સમૂહ લગ્ન’ તથા તે દિવસને ‘સમાજ ગૌરવ દિન’ તરીકે ભવ્ય રીતે ઉજવવામાં આવશે તેવું જણાવ્યું હતું.

સમૂહ લગ્ન અંગે સમિતિના મંત્રી શ્રી ચંદ્રકાંતભાઈ જે. ચનાણીએ જણાવ્યું હતું કે અઢી દિવસના આ કાર્યક્રમનું જે આયોજન કરવામાં આવ્યું છે તે અંગેની વિગતવાર કાર્યક્રમની રૂપરેખા નિવેદન મારફતે ટુંક સમયમાં બહાર પાડવામાં આવશે. સમૂહ લગ્નના ખર્ચ માટે દાતાઓને અપીલ સંદર્ભે રજત જયંતી સમૂહ લગ્નનો સંપૂર્ણ ખર્ચ સ્વ. રામદાસભાઈ હીરાલાલભાઈ બગ્ગા અને સ્વ. મણિબેન હીરાલાલ બગ્ગાની સ્મૃતિમાં આપવાની ઑફર મળ્યાનું જ્ઞાતિ પ્રમુખશ્રીએ જણાવતાં તે અંગેની જાહેરાત કરતા ખૂબ જ હર્ષોલ્લાસ સાથે વધાવવામાં આવી હતી. સમૂહ લગ્ન સમિતિના કન્વીનર શ્રી અમૃતલાલ જે. સોલંકીએ સમિતિ તથા જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી દાતાશ્રીનો આભાર માન્યો હતો. આ અભૂતપૂર્વ જાહેરાતને જ્ઞાતિજનોએ ઉમળકાભેર આવકાર આપ્યો હતો.

શિક્ષણ સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રી ચેતનભાઈ આઈ. બારમેડા, મંત્રીશ્રી હિતેશભાઈ ડી. પોમલ તેમજ સંજીવભાઈ એ. બુધ્ધભટ્ટી તેમજ જ્ઞાતિ ટ્રસ્ટના મંત્રી શ્રી દિલીપભાઈ કે. બગ્ગાએ સમગ્ર પ્રોગ્રામનું સંચાલન કર્યું હતું. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં કુલ ૧૦ આઈટમો રજૂ કરવામાં આવી હતી. જેનું સંચાલન મહિલા મંડળના મંત્રી શ્રીમતી રોહિણીબેન બી. બુધ્ધભટ્ટી તથા કુ. રૂપ જયેશભાઈ ગુજરાતીએ કર્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમ શ્રી સુનીલભાઈ એમ. કંસારાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

# શ્રી અખિલ કચ્છ મારૂ કંસારા સોની કેળવણી ફંડ ટ્રસ્ટ - ભુજ

## નવા ટ્રસ્ટીઓની વરણી

જ્ઞાતિનાં કેળવણી વિકાસ અને કુટીર ઉદ્યોગને પ્રોત્સાહન તેમજ ઉચ્ચ અભ્યાસ માટે શૈક્ષણિક સહાય જેવી પ્રવૃત્તિઓનાં હેતુસર ૧૯૬૩માં નિર્માણ પામેલ શ્રી અખિલ કચ્છ મારૂ કંસારા સોની કેળવણી ફંડ ટ્રસ્ટના નવા ટ્રસ્ટીઓની સર્વાનુમતે વરણી ભુજ મધ્યે મળેલ બેઠકમાં કરવામાં આવી છે.

નિર્માણ સમયે સમસ્ત કચ્છને આવરી લઈ ઉપરોક્ત પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેલ આ ટ્રસ્ટ હાલે શિષ્યવૃત્તિ જેવી પ્રવૃત્તિ કરી રહેલ છે. જે અંતર્ગત શૈક્ષણિક સત્ર ૨૦૦૯-૧૦માં ધોરણ-૧૦, ૧૧ અને ૧૨માં ઉત્તીર્ણ સમસ્ત કચ્છનાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની અરજીઓ મંગાવવામાં આવેલ. જેના આધારે ધોરણ-૧૧, ૧૨, બી.કોમ., બી.એ., પી.ટી.સી. વિ. જેવા અભ્યાસક્રમોનાં વિદ્યાર્થીઓની અરજીઓ આવેલ. કોઠારા, માનકૂવા, અંજાર અને ભુજથી આવેલ તમામ અરજીઓ ટ્રસ્ટીઓ દ્વારા નિયત કરેલ નીતિ-નિયમો મુજબ યોગ્ય હોવાથી તે તમામ અરજીઓ સ્વીકારવામાં આવેલ અને ટ્રસ્ટનાં ભંડોળની મર્યાદાને ધ્યાનમાં લઈ તે તમામ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવેલ.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ ટ્રસ્ટનું નિર્માણ જે તે સમયે સ્વૈચ્છિક રૂપે જ્ઞાતિ શ્રેષ્ઠીઓ દ્વારા જ્ઞાતિનાં કેળવણી વિકાસ, કુટીર ઉદ્યોગને પ્રોત્સાહન અને વિશેષતઃ શૈક્ષણિક પ્રવૃત્તિઓનાં વિકાસ જેવાં ઉમદા હેતુને ધ્યાનમાં લઈને કરવામાં આવેલ. સમય જતાં ટ્રસ્ટીઓની ઉંમર મર્યાદા અને સાથે સાથે જ્ઞાતિ ઘટકો દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓનાં વધતાં વેગનાં આધારે ટ્રસ્ટની પ્રવૃત્તિઓ મંદ પડી, શિષ્યવૃત્તિ સુધી સીમિત રહી હતી. ત્યારે નવા વરેલ ટ્રસ્ટીઓ દ્વારા ટ્રસ્ટનાં કાર્યક્ષેત્રનાં વિસ્તાર વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આજનાં શૈક્ષણિક યુગમાં જ્ઞાતિનાં કોઈ પણ તેજસ્વી વિદ્યાર્થીનો અભ્યાસ આર્થિક પરિસ્થિતિને કારણે ખોરવાય નહીં તે માટે સમગ્ર કચ્છનાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક મદદ મળી રહે તેવાં નિર્ધાર સાથે વર્તમાન સમયની આવશ્યક્તાને ધ્યાનમાં લઈ ટ્રસ્ટ ભંડોળને મજબુત કરવું આવશ્યક જણાયું હતું અને તે અંગે ટ્રસ્ટીઓ દ્વારા પ્રયત્નશીલ થવા નિર્ણય લેવાયો હતો. અને જ્ઞાતિ શ્રેષ્ઠીઓનાં આ અંગે સહયોગને ટ્રસ્ટ દ્વારા આવકાર આપવામાં આવ્યો હતો. જેના પ્રતિસાદે ટ્રસ્ટ નિર્માતા ટ્રસ્ટી એવા સ્વ. શ્રી કરશનદાસભાઈ મુળજી મૈચા તરફથી તેઓનાં પુત્ર શ્રી પ્રદ્યુમનભાઈ દ્વારા સહર્ષ રૂા. ૨૫,૦૦૦/-નો સહયોગ સાંપડેલ હતો. વર્તમાન મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અમૃતલાલભાઈ તરફથી રૂા. ૫,૦૦૦/-નો સહયોગ સાંપડેલ છે. જેને ટ્રસ્ટે સહર્ષ આવકાર આપ્યો છે.

### નવા વરાયેલ ટ્રસ્ટીઓ

| | | |
|---|---|---|
| *અમૃતલાલ જેઠાલાલ સોલંકી - ભુજ* | *મેનેજીંગ ટ્રસ્ટી* | *૯૪૨૬૯ ૬૮૨૨૦* |
| *ચંદુભાઈ જટુભાઈ ચનાણી - ભુજ* | *મેનેજીંગ ટ્રસ્ટી* | *૯૮૨૫૪ ૩૧૬૮૩* |
| *જગદીશભાઈ દયારામ ચૌહાણ - ભુજ* | *ટ્રસ્ટી* | *૯૪૨૬૨ ૩૧૩૭૩* |
| *અનિલભાઈ કાંતિલાલ બારમેડા - ભુજ* | *ટ્રસ્ટી* | *૯૯૭૯૮ ૯૨૪૪૭* |
| *ધર્મેન્દ્રભાઈ ઓધવજી બારમેડા - ભુજ* | *ટ્રસ્ટી* | *૯૮૨૫૨ ૨૭૪૪૬* |
| *કમલેશભાઈ કાંતિલાલ બુધ્ધભટ્ટી - ભુજ* | *ટ્રસ્ટી* | *૯૪૨૭૨ ૮૮૯૪૦* |
| *દિનેશ જેઠાલાલ બગ્ગા - નખત્રાણા* | *ટ્રસ્ટી* | *૯૪૨૭૭ ૬૦૭૧૭* |
| *કુ. એકતા હેમેન્દ્ર કટ્ટા - અંજાર* | *ટ્રસ્ટી* | *૯૮૭૯૧ ૯૪૩૩૪* |

## 'સાગર' – પચાસ વર્ષનો સ્વર્ણિમ સેતુ

આપણા 'સેતુ'ના મુખ્યતંત્રી હંસરાજભાઈ કંસારાએ એમની ભુજની મુલાકાત દરમ્યાન જ્ઞાતિગંગાનાં મહેરામણમાં ડૂબકી મારીને (ખાંખાખોળા કરીને) છેક તળીયેથી આપણી ધરોહરનાં અણમોલ મોતી સમા આપણા આ અદ્ભુત હસ્તલિખિત "સાગર" – અમર વારસાને એમણે શોધી કાઢ્યો અને એને સેતુમાં સમાવવા 'વિરાસત' કોલમમાં મા. શ્રી તુલસીદાસભાઈ કંસારાને 'સાગર' સાથે સેતુ રચવા સોંપ્યો. મા.શ્રી તુલસીદાસભાઈએ એક ધૂળ ધોયાની સુઝબુઝથી અડધી સદી પહેલાનાં આપણા યુવક મંડળનાં તેવર, તાસીર અને તરવરાટમાંથી તાદશ્ય થતાં વિચારોની ઝલક બખૂબી રજુ કરી. 'સેતુ'ના માધ્યમ દ્વારા જુની યાદોનું આપણે આચમન કર્યું.

તા. ૧-૬-૧૯૬૧નાં 'સાગર' અંકમાં સમાવિષ્ટ વિષયો જેવા કે કેળવણીને ઉત્તેજન, કલાકારોનું બહુમાન, હાસ્ય વ્યંગ ચિત્રો તેમજ ફોટોગ્રાફી વિ.નો સમાવેશ થાય છે. ખાસ કરીને મુ.શ્રી એલ.એમ. પોમલ સાહેબનાં 'સાવન'માં જામતી 'રંગ'ની મહેફિલો, ડાયરાઓ, મુશાયરાઓ વિ.નું નિરૂપણ કાબિલે તારીફ છે. એ હસ્તલિખિત અંકમાંથી હજી વધારે સંભારણા પ્રગટ કરશો. એથી ખાસ કરીને આજની આપણી યુવા પેઢીને એમાંથી ચોક્કસ પ્રેરણા મળશે. એ બંને મુરબ્બીઓને ધન્યવાદ... આભાર...

***પી.જી. સોની 'દાસ' - ભુજ***

## બાળ-ફિલ્મ 'હારૂન-અરૂન'માં ખલનાયક 'સુબી'



થોડા સમય પહેલા ચિલ્ડ્રન ફિલ્મ સોસાયટીની ફિલ્મ 'હારૂન અરૂણ'માં આપણી જ્ઞાતિના કલાકાર સુરેશ બીજલાણી 'સુબી'એ ખલનાયકની મુખ્ય ભુમિકામાં અભિનય કરેલો. વિનોદ ગણાત્રા દિગ્દર્શિત આ ફિલ્મમાં ગુજરાતી ફિલ્મના જાણીતા કલાકારો રાગીણી, કમલેશ મહેતા, સ્વાતિ તથા નીલેશ મોહિતે સાથે કચ્છનાં બાળ કલાકારોએ અભિનય આપેલો. જ્યારે આપણી જ્ઞાતિનાં 'સુબી'ને ખલનાયકનો રોલ મળ્યો જે તેમણે ખૂબજ સારી રીતે નિભાવ્યો. આ ફિલ્મને અલગ અલગ દેશોમાં વિવિધ એવોર્ડોથી સન્માનિત કરવામાં આવી છે. આમ, આપણી જ્ઞાતિના કલાકાર સુરેશ બીજલાણીએ અભિનય ક્ષેત્રે વધુ એક કદમ આગળ વધાર્યું છે, જે આપણા માટે ગૌરવની વાત છે. ઉપરાંત તા. ૧૫-૮-૧૦ના રોજ રીલીઝ થયેલ ગુજરાતી ગીતોના આલ્બમ 'કાનકુંવર ને કેસરિયા વાઘા'નું વિડીયો આલ્બમ ખૂબ જ ટુંકા ગાળામાં આ કચ્છના ગામડાંઓમાં ગુંજવા લાગ્યું છે અને ખૂબ જ સારા પ્રમાણમાં વેચાય છે. 'સુબી'ના ડિરેક્શનથી આ વિડીયો આલ્બમ અન્ય આલ્બમો કરતાં અલગ જ તરી આવે છે. જેમાં આપણી ગ્રામ્ય સંસ્કૃતિ છલકાય છે. એ માટે સુબીને કચ્છ ઉપરાંત દુબઈ-મસ્કતમાં વસતા આહીર સમાજ તરફથી પણ ખૂબ ખૂબ અભિનંદન મળી રહ્યા છે.

***સુધા બુધ્ધભટ્ટી***

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

રોહિણી ભરત બુધ્ધભટ્ટી

## જનરલ મિટીંગ

તા. ૬-૮-૧૦ના રોજ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજની જનરલ મિટીંગ યોજાઈ ગઈ. જેમાં પ્રમુખશ્રી તેમજ હોદ્દેદારોની વરણી તથા કારોબારી સભ્યોની જાહેરાત કરવામાં આવી હતી. સાથે સાથે મહેંદી હરીફાઈનું આયોજન પણ બહેનો માટે કરવામાં આવ્યું હતું. આ હરીફાઈમાં ૨૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. મહિલા મંડળ - ભુજની દરેક પ્રવૃત્તિઓમાં સ્પર્ધકો ઉમંગભેર ભાગ લે છે અને મહિલા મંડળ તેમને બિરદાવે પણ છે. આ સ્પર્ધાના નિર્ણાયકો તરીકે દીનાબેન એચ. બગ્ગા તેમજ બિંદુબેન રાજેશભાઈ પોમલે સેવા આપી હતી.

વિજેતાઓ : પ્રથમ : વૈદેહીબેન બીજલાણી, દ્વિતીય : તુલસીબેન બુધ્ધભટ્ટી.

આ મહેંદી સ્પર્ધામાં ૧૫ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. નિર્ણાયકોએ






મહેંદી કેવી રીતે મૂકવી તેમજ દુલ્હન મહેંદીમાં કઈ કઈ ડિઝાઈન્સનો સમાવેશ કરેલ હોવો જોઈએ તે અંગે ટીપ્સ આપી હતી. વિજેતાઓને પ્રમુખશ્રી તેમજ નિર્ણાયકોનાં હસ્તે ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા માટે મહિલા મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમના અંતે મહિલા મંડળની જનરલ મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં આગામી કાર્યક્રમો જેવા કે પચ્ચીસમા સમૂહ લગ્ન વખતે 'ક્રાફ્ટ્સ મેલા'નું આયોજન, સમૂહ લગ્નમાં મહેંદી રસમ તથા દુલ્હન શણગાર માટે સેવાઓ આપવી વગેરે અંગેની ચર્ચા કરવામાં આવી હતી.

આગામી ત્રણ વર્ષ માટેની નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. જેના સભ્યો તેમજ હોદ્દેદારોના નામો નીચે મુજબ છે.

*પ્રમુખ* : શ્રીમતી લતાબેન આઈ. સોલંકી
*ઉપપ્રમુખ* : કુ. સુધાબેન એ. બુધ્ધભટ્ટી
*મંત્રી* : શ્રીમતી રોહિણીબેન બી. બુધ્ધભટ્ટી
*સહમંત્રી* : શ્રીમતી જયશ્રીબેન એ. છત્રાળા
*ખજાનચી* : શ્રીમતી અરૂણાબેન એન. બુધ્ધભટ્ટી

*કારોબારી સભ્યો* :

| | |
|---|---|
| જયેષ્ઠાબેન એ. સોની | પ્રીતિબેન ડી. બગ્ગા |
| રીટાબેન ડી. બુધ્ધભટ્ટી | ભાવનાબેન વી. બુધ્ધભટ્ટી |
| શીતલબેન એ. બુધ્ધભટ્ટી | ખુશાલીબેન એસ. બુધ્ધભટ્ટી |
| ખ્યાતિબેન જે. બુધ્ધભટ્ટી | ભાવનાબેન એ. ચનાણી |
| નયનાબેન વી. ચનાણી | માલતીબેન એન. ગુજરાતી |
| નીલાબેન એમ. પોમલ | ઈંદીરાબેન વાય. સોલંકી |
| જયશ્રીબેન જે. બુધ્ધભટ્ટી | જુલીબેન આર. સોલંકી |

મહિલા મંડળના બધા સભ્યોએ હોદ્દેદારો તેમજ કા.સભ્યોની નિમણુંકને મંજુરી આપતા આ ઠરાવ પાસ કરવામાં આવ્યો હતો. આગામી વર્ષોમાં મહિલા મંડળે નવા પ્રોજેક્ટ હાથ પર લેવાશે એવું પ્રમુખશ્રી લતાબેને જણાવ્યું હતું. મંત્રી રોહિણીબેન બુધ્ધભટ્ટીએ સંચાલન સંભાળ્યું હતું. પ્રમુખશ્રીની આભારવિધિ સાથે કાર્યક્રમ સમાપ્ત જાહેર કરવામાં આવ્યો હતો.

***નોંધ*** : આગામી પચ્ચીસમા સમૂહ લગ્નમાં બ્રાઈડલ મેક-અપ તેમજ બ્રાઈડલ મહેંદી માટે અગાઉથી જાણ કરવાથી સેવા આપવામાં આવશે. જેના માટે સંપર્ક કરવો.

***લતાબેન આઈ. સોલંકી મો. ૯૭૨૫૩ ૨૦૪૪૪***
***રોહિણીબેન બી. બુધ્ધભટ્ટી મો. ૯૪૨૯૩ ૪૧૧૨૦***
***માલતીબેન એન. ગુજરાતી મો. ૯૮૭૯૬ ૩૨૦૬૪***


**શ્રીમતી લતાબેન આઈ. સોલંકી**
**પ્રમુખ**


**કુ. સુધાબેન એ. બુધ્ધભટ્ટી**
**ઉપપ્રમુખ**


**શ્રીમતી રોહિણીબેન બી. બુધ્ધભટ્ટી**
**મંત્રી**


**શ્રીમતી જયશ્રીબેન એ. છત્રાળા**
**સહમંત્રી**


**શ્રીમતી અરૂણાબેન એન. બુધ્ધભટ્ટી**
**ખજાનચી**

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

**રોહિણી ભરત બુધ્ધભટ્ટી**

## 'આનંદ મેળો'





આહા! આળસ મરડીને સ્ફુર્તિથી બાળધન બેઠું થયું. ફુલગુલાબી ચહેરા, પ્રફુલ્લિત હૃદય અને માસુમિયતથી બાળકોએ પૂછ્યું, 'મમ્મી, વેકેશન ક્યારે પૂરૂં થઈ ગયું, ખબર જ ના પડી. હજુ થોડા દિવસ છુટ્ટી મળી જાય તો કેવી મજા પડે?' મમ્મીએ પણ એટલા જ પ્રેમથી જવાબ આપ્યો, 'બેટા, રજાની મજા તો દોઢ મહિના સુધી કરી. હવે થોડું ભણવા પ્રત્યે ધ્યાન આપો!' આવી બધી વાતચીતથી અમારા મહિલા મંડળને વિચાર આવ્યો, ચાલોને ભણવાની સાથે સાથે રજાના દિવસે બાળકો થોડી મજા પણ કરે અને ભણતરનો ભાર થોડો હળવો પણ થાય. તા. ૪-૭-૧૦ના રોજ શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ તરફથી 'આનંદ મેળા'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૨૦થી વધુ ખાણીપીણી, રમતગમત, કોસ્મેટીક્સ, વસ્ત્રો, આભૂષણો વગેરેના સ્ટોલ્સ હતા. જેને પણ મહિલા મંડળના બહેનો તેમજ જ્ઞાતિની અન્ય બહેનોએ સંભાળ્યા હતા. બાળકો માટે રમતગમત ઉપરાંત 'જમ્પીંગ જેક'ની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ દિવસે રવિવાર હોતાં જ્ઞાતિજનો ઉપરાંત અન્ય જ્ઞાતિના લોકો પણ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. મેળાની શાન ગત વર્ષની જેમ જ આ વર્ષે થોડો મેઘાડંબર હોવાને કારણે ઓર ખીલી હતી.

સાંજે ૬.૦૦ કલાકે મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ સોનીએ રીબીન કાપીને મેળાને ખુલ્લો મૂક્યો હતો. આ પ્રસંગે જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઈ ચનાણી તેમની કારોબારીના સભ્યો સાથે ઉપસ્થિત રહ્યા હતા અને મેળાના આયોજકોનો ઉત્સાહ વધાર્યો હતો. યુવક મંડળના પ્રમુખ શ્રી અનિલભાઈ છત્રાળાએ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. તેમની કારોબારીના સભ્યોએ પણ હાજરી આપી મહિલા મંડળને મદદમાં રહ્યા હતા. મહેશભાઈ ગુજરાતીએ એનાઉન્સમેન્ટ સંભાળ્યું હતું.

આર્થિક સહયોગ શ્રી પ્રભુદાસભાઈ સોની, શ્રીમતી ચંપાબેન નવીનચંદ્ર સાકરીયા, વી.પી. જ્વેલર્સ, ભરત કે. બુધ્ધભટ્ટી, સુનીલભાઈ કંસારા, ઓધવજી રતનશી બારમેડા, માવજી શીવજી બુધ્ધભટ્ટી વગેરે તરફથી સાંપડ્યો હતો.

રાત્રે ૧૦.૩૦ કલાકે આનંદમેળો સમાપ્ત જાહેર કરવામાં આવ્યો હતો. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકીએ સૌ જ્ઞાતિજનો, યુવક મંડળના સભ્યો તેમજ પ્રમુખશ્રી, જ્ઞાતિ મહામંડળ તથા જ્ઞાતિ પ્રમુખશ્રીનો આભાર માન્યો હતો.

મહિલા મંડળના કારોબારી સભ્યો તેમજ હોદ્દેદારોના સહયોગથી સમસ્ત કાર્યક્રમ પાર પડ્યો હતો.

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજના 'ચાર્ટર ડે'ની ઉજવણી




જન્મ દિવસ એ દરેક વ્યક્તિના જીવનમાં એક યાદગાર અને મહત્ત્વનો દિવસ ગણાય છે. હા, અમારા મહિલા મંડળે પણ પોતાનો જન્મ દિવસ યાને કે 'ચાર્ટર ડે' તા. ૭-૭-૨૦૧૦ના રોજ ઉજવ્યો હતો. આ પ્રસંગે બહેનો માટે વિવિધ સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. તેમાં ખૂબજ રસપ્રદ એવી 'દુલ્હન શણગાર સ્પર્ધા' બેજોડ રહી. આ સ્પર્ધામાં ૧૨ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. તેમાંથી પ્રથમ, દ્વિતીય અને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા. નિર્ણાયકો તરીકે શ્રીમતી ચૌલાબેન એમ. મહીચા તેમજ માલતીબેન એન. ગુજરાતીએ સેવા આપી હતી.

સૌપ્રથમ કાર્યક્રમનું સંચાલન કરતાં રોહિણીબેન બુધ્ધભટ્ટીએ સૌને

*(અનુસંધાન : જુઓ પાના નં.-૧૨ ઉપર)*

જ્ઞાતિ સમાચાર

## મારૂ કંસારા સોની જ્ઞાતિ અંજાર સ્વ-ઉત્કર્ષ મહિલા મંડળ

**અંજના એન. પોમલ**

સમગ્ર બ્રહ્માંડમાં સમર્થનકારી ઉપાસના જો હોય તો તે ગાયત્રી ઉપાસના. જીવસૃષ્ટીમાં માનવ સમુદાયે શું કરવાનું છે? જીવસાર શું હોવો જોઈએ? તેની સમજ ગાયત્રી મહાગ્રંથો વેદોમાંથી પ્રાપ્ત થાય છે. બ્રહ્માંડમાં પાંચ તત્ત્વો છે એમાં જળ, વાયુ, અગ્નિ, પૃથ્વી અને પ્રકાશ. આ પાંચ તત્ત્વો સમગ્ર જીવસૃષ્ટીને પોષણ આપે છે. એટલે જ તો માનવ જીવનમાં ગાયત્રી જાપ, હવન, ઉપાસનાનું મહત્ત્વ આદિકાળથી રહ્યું છે.

અંજાર મહિલા મંડળે શ્રાવણ સુદ એકાદશી તા. ૨૦-૮-૧૦ના ગાયત્રી પંચકુંડી મહાયજ્ઞનું આયોજન કર્યું હતું. જેમાં પાંચ નવદંપતી યજમાનપદે રહ્યા હતા. શ્રીમતી સ્મિતાબેન હરીલાલ વીસા પરમાર, શ્રીમતી ચંદ્રિકાબેન ઘનશ્યામભાઈ પોમલ, શ્રીમતી સ્વાતિબેન રીતેશભાઈ પોમલ, શ્રીમતી હીનાબેન જીતેનભાઈ બીજલાણી તથા શ્રીમતી રમીલાબેન વસંતભાઈ બારમેડા યજમાન પદે રહ્યા હતા. પૂ.ગોરબાપા તથા પૂ. દેવેનભાઈ વ્યાસે પૂજા કરાવી હતી. જ્ઞાતિની બહેનોએ હાજરી આપી સહયોગ આપ્યો હતો. યજ્ઞના આયોજનમાં મહિલા મંડળની સક્રિય બહેનોએ સારી જહેમત ઉઠાવી હતી. સક્રિય બહેનોના સહકારથી મંડળ અવારનવાર ધાર્મિક તથા મનોરંજન કાર્યક્રમોનું આયોજન કરતા રહે છે. ■

પ્રેરણા

## એક ગૃહિણીની સફળ શૈક્ષણિક પરીક્ષા....

**કુ. એકતા કટ્ટા - અંજાર**

આજનાં આધુનિક અને શૈક્ષણિક મહત્તાવાળા યુગમાં વ્યવસાયિક દૃષ્ટિએ અથવા વિવિધ આવશ્યક્તાઓનાં આધારે અભ્યાસ છોડ્યા બાદ પણ ઉચ્ચ અભ્યાસ - શૈક્ષણિક કોર્સીસ કરનારાઓનાં ઉદાહરણો સાંપડતા જ હોય છે. તેમાંય વિશેષતઃ 'આવશ્યક્તા આવિષ્કારની જનની'નાં ન્યાયે 'જરૂરી હતું' અને પરિસ્થિતિવશાત્ શિક્ષણ મેળવ્યું કે જે તે શૈક્ષણિક કોર્સ કર્યાનાં ઉદાહરણો જોવા મળતાં હોય છે. પરંતુ એક મહિલા દ્વારા શાળાકીય શિક્ષણની અધૂરાશને એક લાંબા સમયગાળા બાદ પૂરી કરવાની તત્પરતા અતિ મનોબળ - ઉત્સાહ અને લગન માંગી લે છે અને તેમાંય કોઈ પણ આવશ્યક્તા વગર માત્ર હોંશ અને શૈક્ષણિક લગાવનાં કારણે શાળાકીય શિક્ષણ મેળવવા તત્પર થવું તે પરિવાર - સમાજમાં આદર્શ પ્રસ્થાપિત કરી શકે છે. કચ્છ અને તેમાંય આપણી જ્ઞાતિનાં શૈક્ષણિક દૃષ્ટિકોણની વાત કરીએ તો છેલ્લા થોડાં સમયથી જ આપણે શિક્ષણનાં મહત્ત્વને ધ્યાને લેતા થયા છીએ. ત્યારે એક ગૃહિણીએ અભ્યાસ છોડ્યાનાં લાંબા સમય બાદ ફરી અધૂરૂં રહેલ શાળાકીય શિક્ષણ પૂરૂં કરી સ્નાતક શિક્ષણનો પ્રારંભ કર્યો તે પ્રસંશનીય બાબત છે. અભ્યાસ છોડ્યા બાદ - લગ્ન બાદ 'હવે શું ભણીશ?' ઘરકામને વ્યવહારમાં ભણવાનો સમય ક્યાંથી કાઢું? ને હવે મગજ પણ પહેલા જેવું ન દોડે! 'મારા છોકરાઓ હવે બોર્ડની પરીક્ષાઓ આપતાં થયાં ને વળી મારે ક્યાં ભણવું?' વિગેરે જેવા સહેજે સાંભળવા મળતાં વાક્યો શિક્ષણ પ્રત્યેનાં માનસિક દબાણને દર્શાવે છે.ત્યારે આવા અનેક પ્રકારનાં માનસિક દબાણને દૂર હડસેલી માત્ર શિક્ષણ પ્રત્યેનાં લગાવને વળગી રહેનારા ભુજનાં શ્રીમયી જયેષ્ટાબેન અનિલભાઈ બારમેડા વિશેષ અભિનંદનને પાત્ર છે.

શ્રીમતી જયેષ્ટાબેન ગત શૈક્ષણિક સત્ર ૨૦૦૯-૨૦૧૦માં એચ.એસ.સી.ની પરીક્ષામાં ૬૩.૭૧% સાથે ઉત્તીર્ણ થયા છે. સાથે સાથે તે સમય દરમ્યાન તેઓએ બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટીનું સી.સી.સી. કોર્સ ૫૪% સાથે પૂર્ણ કર્યો છે. તેઓએ એકવીસ વર્ષ પૂર્વ ૧૯૮૮-૧૯૮૯ના શૈક્ષણિક સત્રમાં મુંદ્રા અધ્યાપન મંદિરમાં પી.ટી.સી.નો અભ્યાસ પૂર્ણ કરેલ. ત્યારબાદ અભ્યાસ છોડી દીધો. લગ્ન બાદ ઘર-પરિવાર, સંતાનની જવાબદારીમાં પરોવાયા.

શ્રીમતી જયેષ્ટાબેનને પ્રેરકબળ આપનારાં તેઓનાં સસરા શ્રી કાંતિભાઈ નાનાલાલ બારમેડાંના માર્ગદર્શન અને સહકારની સાથે સાથે સાસુ શ્રીમતી શાંતાબેન અને પતિ શ્રી અનિલભાઈએ તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આજે જ્યારે સંતાનના કેરીયર માટે પાયારૂપ બોર્ડની પરીક્ષાઓ વાલીઓ માટે પરીક્ષા સાબિત થઈ રહી છે ત્યારે શ્રીમતી જયેષ્ટાબેનના સાથે તેમનાં પુત્ર હર્ષે પણ એસ.સી.સી.ની પરીક્ષા ૭૭.૮૫% સાથે ઉત્તીર્ણ કરી છે. શ્રીમતી જયેષ્ટાબેને પુત્ર અને પોતાનાં અભ્યાસને પૂરતો ન્યાય આપી શકવાનો શ્રેય પરિવારજનોનાં ઉત્સાહપ્રેરક સહકારને આપ્યો છે. શ્રીમતી જયેષ્ટાબેન ભુજ મહિલા મંડળના ઉપપ્રમુખ, ભાનુશાલી નગર મહિલા મંડળના કારોબારી સભ્ય છે. તદુપરાંત તેઓ પ્રાથમિક શિક્ષણનાં ધોરણ-૧ થી ૭ સુધીનાં બાળકોને ટ્યુશન આપે છે. હાલ આ બધી પ્રવૃત્તિઓ સાથે સાથે તેઓએ હિંદી સાહિત્ય વિષય સાથે બી.એ.ના અભ્યાસનો પણ પ્રારંભ કર્યો છે.

શ્રીમતી જયેષ્ટાબેનની સિદ્ધિને વિસ્તૃતરૂપે મૂકવા પાછળનો હેતુ એટલો જ કે કદાચ શૈક્ષણિક દૃષ્ટિએ એમની સિદ્ધિ વિશિષ્ટ ન પણ હોય તેમ છતાંય અધવચ્ચે અભ્યાસ છોડેલાઓ, વિશેષતઃ મહિલાઓ માટે એક આદર્શ અવશ્ય કહી શકાય. સગવડો હોવા છતાં પણ ઘણી વખત માનસિક દબાણ, ઉદાસીનતા અને વ્યવહારોનાં અતિ બોજનાં કારણે કિશોરાવસ્થામાં પણ અભ્યાસ છોડી બેઠેલાઓ માટે પણ આ ઉદાહરણીય બાબત છે. શ્રીમતી જયેષ્ટાબેને જે પ્રયાસનો પ્રારંભ કર્યો છે તેનો પડઘો ઝીલી જ્ઞાતિ મહિલા મંડળ અને શૈક્ષણિક સમિતિઓ જો પ્રયાસ આદરે તો પ્રતિ વર્ષ અનેક જયેષ્ટાબેન દ્વારા જ્ઞાતિનું શૈક્ષણિક સૂરજ દેદીપ્યમાન બની શકે!

પ્રથમ એક્ઝીબીશનની અભૂતપૂર્વ સફળતા બાદ

# ગુજરાતનું નં. ૧ જ્વેલરી એક્ઝીબીશન

# Gujarat Jewellery Show-2011

GUJARAT JEWELLERY SHOW GJS
*The Trend of Trade*

**તારીખ** **૨૧-૨૨-૨૩** જાન્યુઆરી ૨૦૧૧

SPONSOR

M.I.SONI
AN EXQUISITE JEWELLERY
MAHESHBHAI I. SONI JEWELLERS

DIRECTORY SPONSOR
Sanjaykumar Manubhai Soni

**સ્થળ**

ગુજરાત યુનિવર્સીટી એક્ઝીબીશન હોલ, હેલ્મમેટ સર્કલ પાસે,
૧૩૨ રીંગ રોડ, અમદાવાદ, ગુજરાત.

**પ્રદર્શન સમય : સવારે ૧૦ થી સાંજે ૬**

**પિયુષ આચાર્ય : ૯૯૨૫૪ ૦૪૦૫૨ જીજ્ઞેશ પાટડીયા : ૯૨૨૭૮ ૨૮૬૦૨**

સોનાના ભાવના ફ્રી SMS માટે સંપર્ક કરો : ૯૨૭૪૩ ૬૦૫૮૨
ટીકીટ માટે ઈન્કવાયરી : ૯૨૭૪૩ ૬૦૫૮૨
ડીરેકટરી એડવર્ડટાઈઝ માટે ઈન્કવાયરી : ૯૯૨૪૨ ૨૨૫૨૪

**LOG ON TO**
**www.indianjewellerydirectory.com**

**e-mail : gjsevent@gmail.com**

# Gujarat Jewellery Show-2011

GUJARAT JEWELLERY SHOW GJS
*The Trend of Trade*

સ્પેશચલ ઓફર : ૨ ટીકીટ ઉપર

## ૧ ટીકીટ ફ્રી

(નોંધ : ઓફર વેલીડ ૧૫-૦૯-૨૦૧૦

ટીકીટ હેલ્પ લાઈન નંબર : ૯૨૭૪૩ ૬૦૫૮૨

## TICKET COUNTER (GUJARAT)

| CITY | FIRM | OFF.NO | MOB.NO |
|---|---|---|---|
| AHMEDABAD | BHAVESHBHAI M. PATADIA | 079-39823159 | 98258 60609 |
| AHMEDABAD | AKSHAR TOUCH | 079-22149770 | 98259 54638 |
| AHMEDABAD | ASHISH JEWELLRY MART | 079-22146081 | 98792 92888 |
| AHMEDABAD | NEW ASHISH JEWELLRY MART | 079-25356968 | 98792 92888 |
| AHMEDABAD | LIBERTY ARTS | | 98793 53435 |
| SURENDRANAGAR | I.K. GOLD | | 98248 13248 |
| RAJKOT | GOKUL TOUCH | | 98981 88829 |
| RAJKOT | R.K.SILVER | 0281-2237691 | 98245 47312 |
| MORBI | J.P. JEWELLERS | | 98980 33685 |
| JAM NAGAR | ADESHRA DILIPBHAI TULSIDAS | | 98244 25554 |
| JUNAGADH | KANCHAN KARYALAY | 0285-2650984 | 99984 06006 |
| AMRELI | SHREENATH JEWELLERS | | 94272 30620 |
| GANDHIDAM | ARADHANA JEWELLERS | 02836-238297 | 98253 85470 |
| ANJAR | SONI MAGANLAL MONJIBHAI | 02836-243136 | 93279 71018 |
| BHUJ | K.C. JEWELLERS | 02832-226733 | 98253 24733 |
| NADIAD | DIPAK TOUCH | 0268-2565163 | 98251 77756 |
| ANAND | SHREE SIDDHESHWARI JEWELLERS | 02692-266317 | 94292 52838 |
| BORSAD | HARI JEWELS | 02696-224350 | 98243 80640 |
| KHAMBHAT | JAGDISHCHANDRA SANTILAL CHOKSI | 02698-221827 | 98259 01202 |
| KADI | SONI SANTILAL SUKHALAL JEWELLERS | | 98981 93335 |
| MEHASANA | JAMBUDRIP JEWELLERS | 02762-222247 | 94276 76994 |
| VISNAGAR | AABHUSAN JEWELLERS | 02765-222645 | 94290 60822 |
| PALANPUR | SAKHI JEELLERS | 02742-262876 | 94260 65876 |
| PATAN | BHANUBHAI JEWELLERS | 02766-223758 | 98245 49794 |
| DEESA | HARIOM JEWELLERS | 02744-222122 | 98254 05001 |
| ANKLESHWAR | AJAY JEWELLERS | | 94278 73455 |
| BHAV NAGAR | S.B.JEWELLERS | 0278-241413 | 98755 02941 |
| BHAV NAGAR | DHARMADA NO KATO | | |
| MEHASANA | PATEL JEWELLERS | 02762-251001 | 98250 30822 |
| VADODARA | SUWARNKALA | 0265-2350642 | 98240 58982 |
| HIMAT NAGAR | BALKRUSHNA JEWELLERS | 02772-244333 | 98987 01997 |
| IDAR | VINOD ZAVERI | 02778-250610 | 94270 80179 |
| BOTAD | SONI BALVANTRAI VADILAL | 02849-253692 | 98988 42242 |
| GONDAL | ANUPAM JEWELLERS | | 98984 93244 |
| MODASA | NITINBHAI BHAILALBHAI SONI | 02774-242 264 | 98240 75175 |
| SURAT | HEMRATNA JEWELLERS | | 98254 98381 |
| BHARUCH | BANSURI JEELLERS | 02642- 645 610 | 94271 30809 |
| NAVSARI | BIMALBHAI D. SONI | | 98253 29094 |
| THARAD | RAJ RAJESHWARI JEWELLERS | | 99255 46233 |
| SURAT | MAHALAXMI JEWELLERS | | 98253 86115 |

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - માધાપર

## સામાન્ય સભા

તા. ૨૭-૬-૨૦૧૦ જ્ઞાતિની સામાન્ય સભામાં જ્ઞાતિજનોની હાજરીમાં મા.શ્રી હસમુખભાઈ કેશવલાલ મહેચાની સર્વસંમતિથી પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી.

*ઉપપ્રમુખ* : શ્રી હસમુખ બાબુલાલ બુધ્ધભટ્ટી
*મંત્રી* : શ્રી હિતેશ ધીરજલાલ પોમલ
*સહમંત્રી* : શ્રી દિલીપભાઈ લાલજીભાઈ બીજલાણી
*ખજાનચી* : શ્રી ભરતભાઈ મુળજીભાઈ ચૌહાણ
*સહ ખજાનચી* : શ્રી મુકેશભાઈ એલ. બારમેડા

*સભ્યો : સર્વશ્રી*


મનસુખભાઈ વેલજી પરમાર
જયસુખ જેરામભાઈ બારમેડા
રાજેશભાઈ જેઠાલાલ મહેચા
મનોજભાઈ રામજી બુધ્ધભટ્ટી
હિતેશ મનસુખભાઈ પરમાર
હરેશભાઈ કાંતિલાલ સાકરીયા
દીપક ધીરજલાલ પોમલ
અશોક કિશોરકુમાર બગ્ગા
સતીષ ઈન્દરજી હેડાઉ
દિનેશભાઈ લીલાધર પોમલ
કીર્તિભાઈ રામજી બુધ્ધભટ્ટી
રામજીભાઈ હરીરામભાઈ સોલંકી
જગદીશ વેલજી સાકરીયા
શંકરલાલ મંગલદાસ કટ્ટા
દિલીપભાઈ હીરજી બુધ્ધભટ્ટી



**શ્રી હસમુખલાલ કેશવલાલ મહેચા**
**પ્રમુખ**



**શ્રી હસમુખ બાબુલાલ બુધ્ધભટ્ટી**
**ઉપપ્રમુખ**



**શ્રી ભરતભાઈ મુળજીભાઈ ચૌહાણ**
**ખજાનચી**



**શ્રી હિતેશ ધીરજલાલ પોમલ**
**મંત્રી**

# મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - માધાપર

*હીના એચ. પરમાર - માધાપર*

જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા ગુરૂ પૂર્ણિમાના શુભ અવસરે જ્ઞાતિ સમાજવાડીમાં શ્રી સત્યનારાયણ દેવની કથાનું આયોજન કરાયું હતું.



આ કાર્યક્રમને સફળ બનાવવા સત્સંગ મંડળના સભ્યો ભાનુબેન એન. બુધ્ધભટ્ટી, જયાબેન જે. બારમેડા, રેખાબેન આર. બુધ્ધભટ્ટી, પ્રવીણાબેન વી. બુધ્ધભટ્ટી, જ્યોતિબેન જે. સાકરીયા, દમયંતીબેન જે. પોમલ, લક્ષ્મીબેન જે. મહીચા, ગીતાબેન ડી. બુધ્ધભટ્ટી, ચંચળબેન વી. કોટડીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

રંજનબેન એમ. મહીચા, વિજયાબેન આર. મહીચા, ચંદ્રિકાબેન એસ. કટ્ટા, હીનાબેન એમ. પરમાર, અનસુયાબેન આર. સોલંકીએ પ્રસાદ તથા પૂજા સામગ્રીની ભેટ આપી હતી. કથામાં બહેનોએ ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી.

સત્સંગ મંડળ દ્વારા મહિનાની બે અગિયારસના દિવસે જ્ઞાતિજનોના ઘરે જઈ સત્સંગ કરવામાં આવે છે.

## લેખકોને સુચના

**લેખકોને અનુરોધ છે કે તેમણે મોકલેલા લેખની નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. સ્વીકૃત લેખ વહેલો / મોડો પૃષ્ઠ મર્યાદામાં રહીને પ્રકાશિત થશે. તે અંગે અન્ય પત્ર-વ્યવહાર આવશ્યક નથી. અસ્વીકૃત લેખ પરત કરવાનું અત્રેથી સંભવ નથી. ટપાલમાં ગેરવલ્લે થાય કે મોડા વહેલા મળે તેની પણ સેતુ - પ્રકાશન કોઈ જવાબદારી લેતું નથી. જેની નોંધ લેવા ખાસ વિનંતી છે.**

*— સેતુ વ્યવસ્થાપક સમિતિ*


**વ્યક્તિ વિશેષ**

# સ્વ. દિનેશ છત્રાળા

**કીર્તિ ખત્રી**

*સ્વ. દિનેશ છત્રાળા આપણી જ્ઞાતિની એક વિરલ પ્રતિભા. એમની તસવીર કળા વિશે માત્ર એટલું જ કહેવું બસ થશે કે એમની તસવીરોમાં તસવીરી કસબ, કલાકારની દૃષ્ટિ અને વિષયનું વૈવિધ્ય ધરાવતું ત્રિવેણી સંગમ હતું. દિનેશની તસવીરની તાસીર, કચ્છના લોકપ્રિય દૈનિક અખબારના તંત્રીશ્રી કીર્તિભાઈ ખત્રી વિશેષરૂપે પોતાની સ્મરણ યાત્રામાં સામેલ કરી છે, જે દિનેશની દક્ષતાનો દેખીતો પુરાવો છે. આવો, આપણે સહુ એ 'તાસીર'ને જોઈએ અને આપણી જ્ઞાતિના આ વીરલાની વિદાયને હૃદયપૂર્વકની સ્મરણાંજલી અર્પીએ.*

*– હંસરાજ કંસારા*



દિનેશ છત્રાળાની વિદાયથી 'કચ્છમિત્ર'ને ક્યારે ન પૂરાય તેવી ખોટ પડી છે. કોટ અંદરના જૂના ભુજ અને એની આગવી ઓટલા ફળીયા સંસ્કૃતિ સાથે ભયંકર લગાવ ધરાવતા લોકો પૈકી એક દિનેશભાઈ ખરા જ. તેથી જ તો ભૂકંપસર્જીત વિનાશને પગલે નાછુટકે કોટ બહાર નીકળીને થોડો સમય માધાપરમાં રહ્યા પછી માતૃગલીમાં - કંસારા બજારની પોતાની જુની જગ્યામાં કુટુંબ સાથે વાપસી કરી. છતાં, નિયતિનો ક્રૂર ખેલ તો જુઓ કે જે ધરતીને દિનેશભાઈએ બેસુમાર પ્રેમ કર્યો હતો. એમનાથી થોડા સમય માટે દૂર જતા હતા ત્યારે જ અવસાન થઈ ગયું. પ્રેમ કર્યો ભુજને અને વિદાય મળી ભરૂચ નજીક અને તે પણ ચાલુ ટ્રેને.

દિનેશભાઈને બ્લેક એન્ડ વ્હાઈટ ફોટોગ્રાફીમાં ગજબની ફાવટ હતી. એમની સાથે છેક ૧૯૮૦થી જુદા જુદા પ્રસંગોએ અખબારી પ્રવાસ કર્યા છે. તસવીરકલા વિશ ઘણી ચર્ચાઓ પણ કરી છે. ૧૯૮૭ના દુષ્કાળના દોહ્યલા દિવસોનો ચિતાર રજૂ કરતી શ્રેણી હોય કે ત્રણ ત્રણ દુકાળ પછી વરસાદ આવતાં કચ્છભરમાં ફેલાયેલા આનંદને વાચા આપતી તસવીરો હોય, ઘાસિયા મેદાનો પર પોતાનાં ઢોર લઈને વિચરતા નાના-મોટા માલધારી હોય કે કચ્છ છોડીને હિજરત કરતા રબારી, પણ દરેક વિષયમાં કંઈક ને કંઈક તમને આગવો દિનેશ સ્પર્શ જોવા મળે જ. કોઈ પણ કેમેરામેન કે તસવીરકાર જયારે એક વિષયની - વસ્તુની આરપાર નીકળીને આગવી દૃષ્ટિની કોઈ છૂપો સંદેશ કે સંકેત, તસવીરના માધ્યમથી આપે છે ત્યારે એ તસવીર કલાત્મક રૂપ ધારણ કરે છે. એક સાદા કારીગર અને એક કલાકાર વચ્ચે આજ તો ફેર છે. તસવીરકાર તો ઘણાં હોય પણ કલાકાર બહુ ઓછા હોય.

સદીના સૌથી કાળમુખા દુકાળ તરીકે જેને વર્ણવવામાં આવ્યો છે તે ૮૫થી ૮૭ સુધીના ત્રણ ત્રણ દુકાળની પરાકાષ્ટા સમા સમયમાં માંડવીના દરિયા કિનારાથી સિંધોડી અને ત્યાંથી લખપતના કાંઠાળ વિસ્તારનો અમે (આ લખનાર, મહેશ ગઢવી અને દિનેશભાઈ) પ્રવાસ કરીને આંખે દેખ્યો હેવાલ લખ્યો હતો એ જિંદગીભર ભૂલાય તેમ નથી. ૧૨મી સપ્ટેમ્બર '૮૭ની એ ઉદાસ સાંજે માંડવી તાલુકાના પોલડિયા કે કોજાચોરા ગામની સીમમાં આપણાં અસ્તિત્વ માત્રને હચમચાવી મૂકે એવું કરૂણ દ્રશ્ય જોઈને અમે અવાક બની ગયા.

...ગામના સુકાભઠ્ઠ પાદરે ઓટલાવાળો એક પાળિયો, એની આગળ અંતિમશ્વાસ લેતી હાડપિંજર સમી ગાય, અર્ધી બાંધેલી નનામીના વાંસ અને દૂર આથમતો સૂર્ય... મોતનાં પ્રતીક અને મોત તરફ ધકેલાતી એક જીંદગી અમારી સામે તરફડતી હતી. ગાયની કાચ જેવી છતાં ચેતનહિન નહીં એવી આંખોમાં આંખ પરોવવાની અમારામાં હિંમત નહોતી. પણ શીંગડા તરફ જોયું તો સિંદુર ચોપડેલું હતું. સિંદૂર શા માટે? સંભવ છે કે દુકાળે સર્જેલી આપત્તિમાં દરિદ્ર બની ગયેલો કોઈ મોભાદાર આદમી ગાયને ખવડાવી પણ ન શકે અને ઢોરવાડામાંયે મોકલી ન શકે એવી ત્રિશંકુ હાલતમાં પોતાની કુળદેવીને શરણે તો ગાયને નહીં મૂકી ગયો હોય ને?

દુકાળની આ ક્રૂર અતિવાસ્તવિક્તાને દિનેશે આબાદ રીતે કેમેરામાં ઝીલી લઈને એક બેનમૂન કલાકૃતિ સર્જી હતી. બીજે દિવસે સિંધોડી પહોંચ્યા ત્યારે અમે ત્યાંના મોવડી માવજીભાઈ પાસેથી દુકાળે હજ્જારો ઘેટાંબકરાંને મોતને ઘાટ ઉતારી દીધા તેની કરુણ કથની સાંભળતા હતા ત્યારે દિનેશ દૂર દૂર ઊડતા ગીધના ટોળાં તરફ નીકળી ગયો હતો. અર્ધો કલાક પછી પાછો આવ્યો અને કહ્યું : 'ભૂખની ભૂતાવળ ભૂંડી છે...' એની આંખો ભીની થઈ ગઈ હતી. સેંકડો મૃત ઘેટાં અને એનાં દુર્ગંધ મારતા હાડપિંજર ગાયો ચૂંથી રહી હતી. ૧૫ સપ્ટેમ્બર, ૧૯૮૭ના 'કચ્છમિત્ર'માં પ્રથમ પાને મોટા મથાળે ચમકેલા હેવાલની સાથે આ હાડકાં ચૂંથતી ગાયની તસવીર પ્રસિદ્ધ થઈ ત્યારે રાડ પડી ગઈ હતી. એ હેવાલ હૃદયદ્રાવક તો દિનેશની તસવીરને લીધે જ બન્યો.

ત્રણ દિવસના એ પ્રવાસમાં દુકાળની ભયાનકતા અમે લોકોએજોઈ ત્યારે એમ થયું કે કાશ કુદરત અમને ફરી આવી આપત્તિનો હેવાલ લખવાનો વારો ન આપે. પણ, નિયતિ ક્રૂર છે. એ પછીયે વિનાશક વાવાઝોડું અને ભૂકંપ આપણા માથે આવી પડ્યા...

ભૂકંપ પછી છત્રાળાનો જાણે સાવ અનોખો પરિચય થયો. જૂનું ભુજ, એની પરંપરા, એની નગરરચના અને ફળિયા સંસ્કૃતિ છત્રાળાની રગેરગમાં દોડતા હતા. કોટ અંદરનું ભુજ શરૂઆતમાં સાવ ભાંગી પડ્યું ત્યારે થોડો સમય બહાર ગયા પણ, ભુજિયત સાથેના ભયંકર લગાવે પાછા ગામમાં આવ્યા. દરબારગઢ ચોકમાં નીરવ-ભેંકાર શાંતિ વચ્ચે 'છાયા' સ્ટુડિયોના ઓટલા પર બે ઘૂંટણ

વચ્ચે માથું રાખીને કલાકો સુધી બેસી રહેતા દિનેશભાઈને જોઈને જ લાગે કે આ જીવ અલગારી છે. નહિંતર લોકોવિહોણા આ ચોકમાં આ રીતે કોણ બેસે? એ સમયે ભૂકંપથી તૂટેલા ભુજને જોવા (ડિઝાસ્ટર ટૂરિઝમ માટે) ઘણાં વિદેશી આવતા. કોઈ દરબારગઢ પાસે આવી ચડે તો એની તસવીર ખેંચાઈ જાય અને ‘કચ્છમિત્ર’ પહોંચતી થાય. જૂનું ભુજ ફરી બેઠું થઈ રહ્યું છે એવું શીર્ષકપણ દિનેશભાઈ લગાડી દેતા.

વહેલી સવારે સાડા પાંચ-છ વાગ્યે હમીરસરનાં કાંઠે કે એસ.ટી. બસ સ્ટેશન બહારની ઝરના ન્યુઝ પેપર એજન્સીની બાજુની હોટલ પાસે પાર્ક કરેલી સ્કુટી પર પગ પર પગ ચડાવીને દિનેશ એકદોઢ કલાક સ્થિતપ્રજ્ઞની જેમ બેસી રહેતો. આવા વખતે સામાન્ય માણસની હલચલનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતો. પછી, એમાં ઊંડા ઉતરતાં સાચી ભૂકંપ કહાણી આકાર લેતી.

ભૂકંપમાં ઈજાગ્રસ્ત બનેલા પતિને ઘરે છોડી આવવાને બદલે એક ઝાડુવાળી સ્ત્રી પોતાની સાથે ગામમાં લઈ આવતી. સ્ટુડિયોની સામેના ઓટલા પર પતિ બેઠો હોય. બંને જણ સાથે બીડી પીએ, પછી પત્ની કામે જાય. દિનેશ જોયા કરે. આવી તો અનેક કહાનીઓ દિનેશે મેળવી હતી. ૨૦૦૪માં પુનર્વસનની ડગર પર ડગ ભરતાં લોકોની વ્યથા-કથાને આવરી લેતી કટાર ‘સમાજ દર્પણમાં આજનો ચહેરો’ નલીનભાઈ ઉપાધ્યાયની સાથે મળીને ‘કચ્છમિત્ર’માં પેશ થઈ હતી તેમાં દિનેશની તસવીરોનું ખાસ આકર્ષણ હતું.

એક તદ્દન અલગ વિષય અમને બંનેને ૧૯૮૭માં મળ્યો હતો. એ હતો રણ સંગમનો — જેમ બે નદી મળે ત્યાં સંગમ કહેવાય એમ બે રણ મળે તો શું કહેવાય? એકવાર અમે લોકો સીમા સુરક્ષા દળની ઊંટસફારી સાથે નીકળી પડ્યા હતા. કચ્છનું રણ બનાસકાંઠાના રાધાનેસડા ગામ પાસે પૂરું થાય અને એનાથી થોડે દૂર રાણી કા ડેરા નામે સ્થળ પાસેથી રાજસ્થાનનું રણ શરૂ થાય છે. આ સંગમની તસવીરો અમે ઝીલી હતી. કચ્છનું ક્ષારયુક્ત સપાટ રણ પૂરું થતું હતું ત્યાં ૩-૪ કિ.મી. વિસ્તારમાં ભીની ધરતી ચીરીને કપાસના સેંકડો પૂમડા ફૂટી નીકળ્યા હોય એમ ક્ષાર-નમક નીકળી પડ્યું હતું અને અનોખી ભાત સર્જાઈ ગઈ હતી અને એ પૂરું થતું હતું ત્યાંથી રેતીના ઢગલાવાળું રાજસ્થાનનું રણ શરૂ થતું હતું. એ હતો રણ સંગમ.

પછી તો ત્યાંથી બાકાસર નામની રાજસ્થાનની ચોકી પર ગયા હતા અને હોળીનો તહેવાર મનાવ્યો ત્યારે ડાકુ બળવંતસિંહ પણ ત્યાં આવ્યો હતો. આ બહારવટિયો ભારતમાંથી પાકિસ્તાન ઘૂસીને લૂંટ ચલાવતો. ૧૯૭૧ના યુદ્ધ વખતે ભારતીય લશ્કરને તેણે સારી મદદ કરી હતી.

આ સ્મરણયાત્રામાં આવા તો અનેક પ્રસંગો યાદ આવે છે. ‘કચ્છમિત્ર’ સાથે કેટલાક લોકોને એવો ઘરોબો હતો કે તેઓ કાયમી કર્મચારી કરતાંયે કંઈક વિશેષ હતા. આવા સ્નેહીઓમાં એક દિનેશ હતો. આપણે એને ‘કચ્છમિત્ર’નો સવાઈ મિત્ર કહીએ. ■

## સ્તુતિ

મંગલ કી સેવા સુનો મેરે દેવા હાથ જોડ તેરે દ્વાર ખડે
પાનસુપારી ધજા પુષ્પકા થાળ લઈ ભેટ ધરે
તુમ જગદંબે જાકર વિલંબે સંતન કા ભંડાર ભરે
સંતન પ્રતિપાલી સદાખુશાલી મૈયા જય કાલી કલ્યાણ કરે

બુધવિધાતા તું જગમાતા મેરા કારજ સિધ્ધ કરે
ચરન કમલ કાલીકા આશરા શરન તુમ્હારી આઈ પડે
જબ જબ ભીડ પડે ભક્તન કો તબ તબ કારજ સિધ્ધ કરે
સંતન પ્રતિપાલી સદા ખુશાલી મૈયા જય કાલી કલ્યાણ કરે

બીરબાર તે સબ જુગમાંહી તરૂની રૂપ અનુપ ધરે
કહીમાતા હોય પુત્ર ખીલાવત કહી ભારથ ભોગ ધરે
મહિમા તેરા કલબગ બરનું બૈઠી કૌતુક કંઈક કરે
સંતન પ્રતિપાલી સદાખુશાલી મૈયા જય કાલી કલ્યાણ કરે

શુક્ર સુખદાયી સદા સહાયી સંત ખડે જયકાર કરે
બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સહસ્ત્ર ફેણ રહેતે તેરે દ્વાર ખડે
અટલ સિંહાસન બૈઠી મેરી મૈયા શિર સોનેકા છત્ર ધરે
સંતન પ્રતિપાલી સદાખુશાલી મૈયા જય કાલી કલ્યાણ કરે

બાર શનિચર કયું કયું બરનું જબ ભૈરવ કો હુકમ કરે
ખડગ, ત્રિશુલ હાથ લીયે રક્તબીજ કો ભસ્મ કરે
શુભ-નિશુંભ વિદાર્યો જગમેં મહિસાસુર કો પકડદલે
સંતન પ્રતિપાલી સદાખુશાલી મૈયા જય કાલી કલ્યાણ કરે

આહિતવારે આદિકુમારી જીન્હે અપના કષ્ટ હરે
કુપીત હોઈ કરદાનવ મારે ચંડ મુંડ સબ ચુર કરે
જબતક દેખો દયા રૂપમેં પલમેં સંકટ દૂર કરે
સંતન પ્રતિપાલી સદા ખુશાલી મૈયા જય કાલી કલ્યાણ કરે


સોમ સુભાવ ધર્યો મેરી મૈયા ઈતની અર્જ કબૂલ કરે
સિંહપીઠ પર ચડી ભવાની અટલ ભુવનમેં રાજ કરે
દર્શન પાવે મંગલ ગાવે સાધુસંત સબ ધૂપ ધરે
સંતન પ્રતિપાલી સદા ખુશાલી મૈયા જય કાલી કલ્યાણ કરે

નવે નોરતા માનો મેરી મૈયા દસમીકો સંપૂર્ણ કરે
પશ્ચિમ દિશાએ ચડી મેરી મૈયા દુષ્ટોં કો સંહાર કરે
દૈત્ય દેવતા સ્તુતિ કરે ભક્તન કા ભવતાપ હરે
સંતન પ્રતિપાલી સદા ખુશાલી મૈયા જય કાલી કલ્યાણ કરે
બ્રહ્મા વેદ પઢે તેરે દ્વારે શિવશંકરજી ધ્યાન ધરે
ઈન્દ્ર કૃષ્ણ તેરી કરે આરતી ચમર કુબેર હુલાવત દે
જય જનની જગ માત ભવાની અટલ ભુવનમેં રાજ કરે
સંતન પ્રતિપાલી સદા ખુશાલી મૈયા જય કાલી કલ્યાણ કરે.

*અંજના એન. પોમલ*

# કોમ્પ્યુટરનો કક્કો – ૧૫

**તુલસીદાસ એલ. કંસારા**




## ● મોબાઈલ ફોનમાં હાર્ડવેર શું અને સોફ્ટવેર શું?

આજકાલ મોબાઈલ ફોનોની બહુ જ બોલબાલા છે. આપણે બધા જાણીએ છીએ તેમ મોબાઈલ ફોનમાં જે સર્કિટ સાથેનું ડબલું અને બેટરી છે, જેને સમયાંતરે ચાર્જ કરવી પડે છે તે ચાર્જર સહિતના હાર્ડવેર કહેવાય છે અને સીમકાર્ડ જેના મારફત તમારૂં જોડાણ જે તે સર્વિસ આપતી કંપનીના સર્વર કે સોફ્ટવેર જોડે થાય છે. જો તમે તેના કવરેજ એરીયામાં હોવ તો તે બધું સોફ્ટવેર અને ઈન્ટરનેટની જેમ વાયરલેસ કે વાઈ-ફાઈ થયું. હવે આ સર્વિસ આપતી કંપનીઓ તમને અલગ અલગ નામો આપીને મુંઝવે છે. તમારો ફોન સી.ડી.એમ.એ. છે કે જી.એસ.એમ. તો સૌ પ્રથમ તો આપણે આ બંને ટેકનીકલ શબ્દો શું છે તે વિશે જાણવું જોઈએ.

સી.ડી.એમ.એ. (CDMA)નો મતલબ થાય છે કોડ ડિવીઝન મલ્ટીપલ એક્સેસ (Code Division Multiple Access) જે એક ચેનલ કે લાઈનનું જોડાણ સાધવાની પધ્ધતિ છે જેનો વપરાશ અલગ અલગ રેડિયો દ્વારા થતાં સંદેશ વ્યવહારની ટેકનોલોજીમાં કરવામાં આવે છે. તે કોઈ મોબાઈલ ફોન માટેનું સ્ટાન્ડર્ડ માની લેવાનું નથી. ઘણી વખત સી.ડી.એમ.એ.-વન કે સી.ડી.એમ.એ.-૨૦૦૦ એવા મોડેલ આવતા હોય છે જેને સામાન્ય ભાષામાં માત્ર સી.ડી.એમ.એ. જ કહેવામાં આવતા હોય છે. જેનો મતલબ માત્ર એટલો જ થાય છે કે તે ફોનમાં કોડ ડિવીઝન મલ્ટીપલ એક્સેસની પદ્ધતિનો ઉપયોગ થયેલ છે.

ડાટા કમ્યુનિકેશનના મુખ્ય સિદ્ધાંતમાં એક વિચાર એ સમાયેલો છે કે અનેક ટ્રાન્સમીટર્સને એક સાથે એક જ ચેનલ પરથી માહિતી મોકલવાની હોય છે. જે અનેક વપરાશકર્તાઓને એકજ બેન્ડવિથનો ઉપયોગ વિવિધ ફ્રિક્વન્સી મારફતે કરવા આપે છે. આ સિદ્ધાંતને મલ્ટીપ્લેક્ષીંગ કહેવામાં આવે છે. આપણે મલ્ટીપ્લેક્ષ સિનેમા હોલોથી હવે ટેવાઈ ગયા છીએ, જે એક જ મોલ કે બિલ્ડીંગમાં એક કરતાં વધારે સ્ક્રીન કે સિનેમા હોલ હોય તેને મલ્ટીપ્લેક્ષ કહેવામાં આવે છે. તેવી જ રીતે આ મલ્ટીપ્લેક્ષીસનો સિદ્ધાંત થયો કારણકે અહીં ઘણાબધા લોકો અનેક ફ્રિક્વન્સી ઉપરથી એકજ બેન્ડવિથ (એક જ મોલ કે બિલ્ડીંગ સમજોને) ઉપરથી અનેક ટ્રાન્સમિટર્સમાંથી આવતા અવાજ મોજા મોકલતા હોય છે - મેળવતા હોય છે. ખરેખર પ્લેક્ષનો મતલબ થાય છે મજ્જાતંતુઓનું જાળું, નાડીચક્ર, તે જેવી રીતે શરીરમાં ફેલાયેલ હોય છે તેવી જ રીતે આ મલ્ટી એટલે બહુવિધ વિદ્યુત મોજાઓ જે વિવિધ ટ્રાન્સમિટર્સ અને એકજ બેન્ડવિથ એટલે આ મલ્ટીપ્લેક્ષીંગનો સિદ્ધાંત. સી.ડી.એમ.એ. સ્પ્રેડ - સ્પેક્ટ્રમ ટેકનોલોજી અને સ્પેશીયલ કોડિંગ સ્કીમનો ઉપયોગ જ્યાં દરેક ટ્રાન્સમિટરને એક કોડ આપવામાં આવે છે જેને કારણે અનેક વપરાશકર્તાઓ માટે એક જ ચેનલ પર વાતચીત કરવાનું શક્ય બને છે. આની વિરૂધ્ધમાં ટાઈમ ડિવીઝન મલ્ટીપલ એક્સેસ (ટી.ડી.એમ.એ.) સમય મુજબ ભાગલા પાડીને જોડાણ આપે છે જ્યારે ફ્રિક્વન્સી ડિવીઝન મલ્ટીપલ એક્સેસ (એફ.ડી.એમ.એ.) ફ્રિક્વન્સી - વિદ્યુતના મોજાઓના ભાગલા કરીને જોડાણો આપે છે. આમ, સી.ડી.એમ.એ. એક એવી વ્યવસ્થા છે કે જે વિશાળ - વિસ્તારી ફલક પર વિદ્યુત તરંગોનો ઉપયોગ કરે છે, જેને કારણે એક નિયંત્રિત, સૌમ્ય, મોડ્યુલેટેડ, આરોહ-અવરોહયુક્ત વાતચીત થઈ શકે છે.

અહીં ઉલ્લેખ કરેલ મલ્ટીપલ એક્સેસને એક રૂમ (ચેનલ) સાથે સરખાવી શકાયકે જ્યાં અનેક લોકો વાતચીત કરવા માટે આતુર છે. હવે જો ગુંચવાડો ન થવા દેવો હોય તો એકત્રિત થયેલ લોકો એક પછી એક પોતાની વાત રજૂ કરી શકે (સમયની વહેંચણી કે ટાઈમ ડિવીઝન) કે દરેક જણ વિવિધ રીતે સૂરની તીવ્રતા કે અવાજને અલગ અલગ રીતે કાઢીને પોતાની ઓળખ છતી કરે, બોલે, આ થયું ફ્રિક્વન્સી ડિવીઝન. અવાજના મોજા પ્રમાણે વિભાગો, અથવા તો દરેક જણ અલગ અલગ ભાષામાં બોલે, જે થયું કોડ ડિવીઝન કે કોડિંગ. આમાંથી છેલ્લે દર્શાવેલ છે તે થયું સી.ડી.એમ.એ. જ્યાં જો લોકો એક જ ભાષા બોલતા હોય તો બધા જ સમજી શકે. પણ અલગ કોડ કે ભાષા હોય તો જે વાતચીત બે જણ વચ્ચે થતી હોય તેઓ જ માત્ર સમજી શકે. બસ આ સિદ્ધાંત પ્રમાણે રેડિયો સી.ડી.એમ.એ.માં દરેક વપરાશકર્તા ગ્રુપને એક સમાન કોડ આપવામાં આવે છે, જે તેઓ શૅર કરે છે. તેથી એકબીજા જોડે વાત કરે છે, જ્યારે એક જ રૂમ (ચેનલ)માં અનેક કોડ હોય છે, તેને કારણે સમાન કોડથી સંકળાયેલ ગ્રુપના લોકો એકજ બેન્ડવિથ દ્વારા તેની ક્ષમતા મુજબ અને ટ્રાન્સમિટર્સ કે ટાવરના કવરેજ એરીયામાં હોય તો વાત કરી શકતા હોય છે.

## ● જી.એસ.એમ. :

આવી જ બીજી ટેકનોલોજી છે જી.એસ.એમ. જેને ગ્લોબલ સિસ્ટમ ફોર મોબાઈલ કમ્યુનિકેશન કહેવામાં આવે છે. મૂળ તો આ નામ હતું ગ્રુપ સ્પેશીયલ મોબાઈલ જે આખી દુનિયામાં મોબાઈલ ટેલીફોની માટે એક ખૂબજ વિશ્વાસપાત્ર અને લોકપ્રિય સિસ્ટમ હતી. જીએસએમ એસોસિએશન, જે આ ઉદ્યોગને આગળ ધપાવનારાઓની સંસ્થા છે. તેના અંદાજ પ્રમાણે સમગ્ર વિશ્વમાં ૨૧૨ દેશોમાં પથરાયેલ એંસી ટકા લોકો આ જીએસએમ ફોનોનો વપરાશ કરે છે. જે સંખ્યા ૧.૫ બીલીયનની થવા જાય છે. તેની આટલી બધી હાજરી, સર્વવ્યાપકતા, મોબાઈલ ફોન ઓપરેટર્સને તેના વપરાશકર્તાઓને ઈન્ટરનેશનલ રોમીંગની સગવડ પૂરી પાડવા માટે વ્યવસ્થા કરવાનું શક્ય બનાવે છે, જેને કારણે તેના કસ્ટમર્સ દુનિયાના મોટાભાગના શહેરોમાં ફરતા હોય તો પણ પોતાનો સંપર્ક બનાવી રાખવા માટે સમર્થ બને છે. સી.ડી.એમ.એ. કરતાં આ જી.એસ.એમ. ફોનો તેમાં વાપરવામાં આવતી સિગ્નલ અને વાત કરવા માટેની ચેનલ, જે ડિજિટલ બનાવવામાં આવેલ છે, તેને કારણે અલગ પડે છે. અને તેથી જ તેને સેકન્ડ જનરેશન (૨-જી) મોબાઈલ ફોન સિસ્ટમ કહેવામાં આવે છે.

આવી રીતે જી.એસ.એમ. સ્ટાન્ડર્ડના અમલને કારણે તેની સર્વવ્યાપકતા દુનિયાના વિવિધ દેશોમાં પ્રવાસ કરતા લોકોને પોતાનો ફોન કે સર્વિસ બદલાવ્યા વગેરે ઉપયોગ કરવાની સગવડ આપે છે તો તેના નેટવર્ક ઓપરેટરોને એ ફાયદો કરાવી આપે છે કે તેમની સર્વિસ લેનારા અનેક જી.એસ.એમ. ફોન બનાવતી કંપનીઓમાંથી કોઈપણ ફોન પસંદ કરી શકે છે. શરૂઆતમાં રિલાયન્સ ફોન યાદ કરો, જે માત્ર તેમના નેટવર્કમાં જ વાપરી શકાતા હતા. જી.એસ.એમ. સ્ટાન્ડર્ડે સસ્તી, ઓછી કિંમતમાં શોર્ટ મેસેજ સર્વિસ - એસ.એમ.એસ. પણ આપી જેને ટેક્ષ્ટ મેસેજીંગ પણ કહેવામાં આવે છે. જે અલબત્ત, હવે અન્ય મોબાઈલ ફોન સ્ટાન્ડર્ડને પણ ટેકો આપે છે. આ સ્ટાન્ડર્ડમાં દુનિયાભરનો એકમાત્ર ઈમરજન્સી ટેલીફોન નંબર (જે ૧૧૨ છે) તેનો પણ સમાવેશ કરી લેવામાં આવેલ.

અને હવે ડોક્ટરોના ગળામાંથી સ્ટેથોસ્કોપ થશે ગાયબ અને તેની જગ્યા લેશે આઈ-ટેથોસ્કોપ એપ્લીકેશન સાથેનો સ્માર્ટફોન - તાજેતરમાં જ વાંચેલ એક ઓનલાઈન ન્યુઝ આઈટમ.

આજની તારીખમાં લાખો ડોક્ટરો એવી નિઃશુલ્ક ફોન એપ્લીકેશન માટે સહી કરી રહ્યા છે. યુનિવર્સિટી કોલેજ લંડનના પીટર બેન્ટલી નામના શોધકે આઈ-ટેથોસ્કોપ એપ્લીકેશન, જે મોબાઈલ ફોનના સેન્સર્સ મારફતે હાર્ટબીટ તપાસી શકે છે તેની શોધ કરેલ છે અને ફ્રી ડાઉનલોડ માટે તાજેતરમાં જ સાઈટ પર મૂકેલ છે. જે રોજના ૫૦૦ના હિસાબે ડાઉનલોડ થઈ રહેલ છે.

બેન્ટલીએ કહ્યું તે પ્રમાણે આ મોબાઈલ ફોન ટેકનોલોજીના મેડિકલના કામમાંની આવી શક્યતાઓ ઉપયોગના સમાચારથી દરેક જણ ખૂબ જ ઉત્સાહિત છે અને સેન્સરોથી પેક થયેલ સ્માર્ટ ફોનો, માની ન શકાય તેટલી હદે હાઈ ક્વોલીટી માઈક્રોફોન્સ, કેમેરા અને છક કરી નાખે તેવા ડિસ્પ્લે કે સ્ક્રીનથી સજ્જ હોય છે, જે આ રીતે એક પાવરફુલ ડીવાઈસ સાબિત થઈ રહેલ છે.

- **અને હવે આવે છે ડિજીટલ વોલેટ.... એક બીજા સમાચાર :**

ટેકનોલોજીના ખાં, આપણા પોતાના સામ પિત્રોડાએ એક ઓર શોધ કરી છે, જે દુનિયાભરના લોકોની રૂપિયા કે મનીનો વ્યવહાર કરવાની રીતભાત આવતા વરસોમાં બદલાવી નાખશે અને વોલેટ કે પર્સ, જેમાં મોટેભાગે નોટો, પરચૂરણ કે ક્રેડિટ કાર્ડ રાખવામાં આવે છે, તે બધું જ મોબાઈલમાં આવી જશે, કહોકે રોકડ વ્યવહાર કરવાની જરૂરત જ નહીં પડે. વોલેટ ઉપાડવાની ને સાચવવાનો અને ખિસ્સુ કપાવાનો ડર નહીં રહે. તો આપના આ પિત્રોડા સાહેબ મોબીલ ફોનમાં વોલેટ કેવી રીતે સમાવશે, ચાલો જાણીએ. શ્રી પિત્રોડાની કંપની સી-સામે વિક્સાવેલ મોબાઈલ મની ટ્રાન્ઝેક્શન પ્લેટફોર્મ આજના બેન્કિંગ, ક્રેડિટ કાર્ડસ ચૂકવણી અને રોકડના સિધ્ધાંતોને બદલી કાઢશે. તેમની આ હાલની જ શોધ તેમની નવી બુક 'ધી માર્ચ ઑફ મોબાઈલ મની : ધી ફ્યુચર ઑફ લાઈફસ્ટાઈલ મેનેજમેન્ટ' જે પ્લાનીંગ કમિશનના ડે.ચેરમેન મોન્ટેકસિંગ અહલુવાલિયાએ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે મંગળવારે સાંજે જ રીલીઝ કરી તેમાં જણાવવામાં આવ્યું છે.

આજે તમારા ક્રેડિટ અને ડેબીટ કાર્ડસ કવરમાં મૂકીને તમારા સરનામે મોકલવામાં આવે છે, તેની જરૂરત જ નહિ રહે કારણકે તમારા પ્લાસ્ટીક કાર્ડની જગ્યા ડિજીટ્સ લઈ લેશે. અમુક આંકડાઓ જ, અને તે તમારા મોબાઈલથી મળી જશે તેવું પિત્રોડાએ આ ફંકશનમાં જણાવ્યું અને આ શોધનો વિચાર તેમને કેમ આવ્યો? એક વખત તેમણે જોયું કે તેમની પત્ની અનુ એક પછી એક ચેકો લખવામાં કલાકો ગાળતી હતી. ખૂબ જ સમય વ્યતીત કરતી હતી. જે ખરેખર વિવિધ પેમેન્ટ્સ કરવા માટે સમયનો વેડફાટ હતો, બગાડ હતો. અને બસ તેમણે આ માટે મોબાઈલનો ઉપયોગ કેવી રીતે કરવો તે દિશામાં સંશોધન ચાલુ કર્યું.

જયાં ૬૦૦ મિલીયન (છ હજાર લાખ) મોબાઈલ ફોનોનો ઉપયોગ થાય છે અને દર વરસે ૧૦ બીલીયન કાર્ડસ (ક્રેડિટ અને ડેબીટ) બનાવવામાં આવે છે, તેવા ભારત જેવા દેશ માટે આ ટેકનોલોજી સમયનો બચાવ કરી, કાર્ડસ બનાવવાનો ખર્ચ નીચે લાવી, આખા દેશને ખૂબ જ મોટો ફાયદો કરાવી શકશે અને વ્યાપારીક ક્ષેત્રે આ સંદેશ વ્યવહારની ટેકનોલોજી એક આવકાર્ય પરિવર્તન આણી શકશે. આવી ટેકનોલોજી ખરેખર તો અત્યારે બ્રાઝીલ, બોલીવીયા, કોસ્ટારીકા, સીંગાપોર વિ. દેશોમાં પ્રચલિત થઈ ગયેલ છે. આઈ.સી.આઈ.સી.આઈ. બેંકે પણ આઈ-મોબાઈલ નામનું આ ટેકનોલોજીનું વર્ઝન વાપરવાનું ચાલું કરી દીધેલ છે. અત્યારે બ્રાઝીલમાંથી ખરીદી કરવી હોય તો તમે અહીં બેઠા ઈન્ટરનેટથી રૂપિયામાં ખરીદી કરી શકો છો અને તમારો એકાઉન્ટ શીકાગોમાં હોય તો તેને આ મોબાઈલ મનીથી ડોલરમાં ડેબીટ કરી શકાય છે. આ માટે તમારે કોઈ ચેક લખવાની જરૂર નહીં. એ તો તમે કદાચ જાણતા જ હશો કે આપણા કચ્છના જમાઈ આ શ્રી પિત્રોડા પ્રાઈમ મિનિસ્ટર મનમોહન સિંઘના પબ્લિક ઈન્ફોર્મેશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈનોવેશન બાબતોના સલાહકાર છે. તેમની આ શોધ કેશલેસ અને પેપર-પ્લાસ્ટીકલેસ, શુદ્ધ વાતાવરણ તરફના એક ઓર ડગલા સાથે ભારત જેવા દેશમાં આમાંથી થવાથી સમય, સાધનો અને એનર્જી (માનવ કલાકો)ની બચતને અન્ય માનવ ઉપયોગી વિકાસ તરફ વાળવામાં મદદ કરશે.

- **હેલ્થ ફર્સ્ટ :**

*Spyware for cell phones can be used to tap someone's calls, follow his/her movements and read his text messages. Cell-phone spy software is illegal in the US but is sold by overseas companies on the Internet for as little as $40.*

***Signs that your phone may be bugged :***

- *The battery is warm even when the phone has not been used...*
- *The phone lights up even when not in use.*
- *You hear a beep or click while talking.*

***Self-defense :***

- *Keep your phone close at all times so that no one can load anything onto it.*
- *Install a security password - this usually can be enabled under "Settings" in the main menu.*
- *Consider using a simple, low-end phone - they are less vulnerable to spy software than sophisticated handsets that include Internet access.*

# પરિભ્રમણ

ટી.ઓ. બુધ્ધભટ્ટી, એમ.એ., એમ.એડ., નિવૃત્ત આચાર્ય

દેવેન્દ્ર મુનિનો મોટો આશ્રમ હતો. તેમાં સુંદર બગીચો હતો. બાજુમાં મોટું ગામ હતું. થોડે દૂર જંગલ હતું. આશ્રમમાં મોટો પ્રાર્થના હોલ હતો. શિવજીનું મંદિર હતું. ગામના લોકો આશ્રમમાં રોજ આવતા હતા. આશ્રમમાં ભજન કીર્તન અને પ્રવચન, કથા ચાલતી હતી. દેવેન્દ્ર મુનિ જ્ઞાની હતા. ઉપનિષદ અને રામાયણમાં વિદ્વાન હતા.

મુનિ લોકોને સમજાવતા, "પારકાને પોતીકા જાણીને બોલાવવામાં કદાચ જગતના બધા જ ધર્મોનો સાર આવી જાય છે. સૌને નામથી બોલાવવા જોઈએ." તેઓ લોકોને વધુ ઉદાર બનવા સમજાવતા. સંપ અને સહકારને જીવનનો પાયો કહેતા. મુનિ વારંવાર કહેતા, 'ઉપરવાળાને જવાબ આપવો પડશે એવું જે સ્વીકારે તે બને પ્રભુનું પ્રિય પાત્ર.' તેમજ દૃષ્ટાંતો આપી સમજાવતા કે પ્રારબ્ધ કરતાં પુરૂષાર્થનું મહત્ત્વ છે. અને કહેતા, 'માનવ જીવનમાં ઉત્સાહનું એક્સીલેટર, ધર્મનું સ્ટીયરીંગ અને વિવેકની બ્રેક હોવી જોઈએ.' અહંકારી ન બનવા કહેતા. 'ધર્મ હૃદયથી સમજીને સ્વીકારવો જોઈએ. અનુભવો ઊંડાણથી સમજવા જોઈએ. તેથી અનુભૂતિ થાય.'

એક દિવસ પૂજા-માળા કરીને જંગલમાં પરિભ્રમણ કરવા ગયા. પ્રકૃતિની શોભા જોવા લાગ્યા. ત્યાં મોર કળા કરીને નાચતો હતો. ઢેલ પણ હતી. તે સમયે શબ્દવેધી બાણ આવ્યું. બંને મરી ગયા. મુનિ બોલ્યા, 'કાં બોલ્યો?'

મુનિ આગળ ચાલ્યા. સામે શિકારી મળ્યો. શિકારી વંદન કરી બોલ્યો, 'બાપજી, તપશ્ચર્યા કરો તે સારૂં. તમારા આવવાથી શિકાર નાસી જાય છે.' મુનિએ જવાબ આપ્યો, 'તારૂં બાણ ચઢાવીને રાખતો કેમ નથી?' શિકારી બોલ્યો, 'તો બાણની કમાન ઢીલી થઈ જાય.' મુનિએ કહ્યું, 'આખો દિવસ તપશ્ચર્યામાં - ધ્યાનમાં ન બેસાય. પરિભ્રમણ પણ કરવું જોઈએ. તું તારી વૃત્તિ અને પ્રવૃત્તિ બદલ. શિકાર કરવો એ ગુનો છે.'

મુનિ જંગલમાં આગળ ચાલ્યા. થોડે દૂર જતાં જોયું તો કઠિયારા વૃક્ષો કાપતા હતા. મુનિએ તેમને કહ્યું, 'લીલાં વૃક્ષો કાપવા તે ગુનો છે.' તેઓએ જવાબ આપ્યો, 'આ અમારો ધંધો છે.' મુનિએ કહ્યું, 'વૃક્ષો કાપવાનું બંધ કરો.' તેઓએ જવાબ આપ્યો, 'તો અમને ખાવાનું ન મળે. તેમજ વૃક્ષો કાપવા રૂપિયા પણ આપ્યા છે.' મુનિએ સમજાવ્યું. 'લીલાં વૃક્ષો કાપવા ગુનો છે. વૃક્ષો કપાઈ જશે તો વરસાદ નહીં આવે. ગરમી વધશે, પ્રદૂષણ વધશે.' તેઓએ સ્પષ્ટ જવાબ આપ્યો. 'અમે વૃક્ષો કાપશું.' મુનિ દુઃખી થયા અને આશ્રમ બાજુ પાછા વળ્યા.

## સ્પષ્ટતા

આ રામાયણ અને ઉપનિષદ પરથી વાર્તા છે. આ વાર્તામાં ભક્તિ અને મર્યાદા - નિયમની ચર્ચા કરી છે. પ્રથમ ભક્તિ, પછી મર્યાદા સમજીએ.

- ભક્તિ મારી જરૂરિયાત છે, મારી સાધના, ઉપાસના છે.
- ભક્તિ આત્માની આધ્યાત્મિક્તા છે, જીવનભરની જરૂરિયાત છે.
- ભક્તિનું આપણે એકાંતમાં પુનઃ સર્જન કરવાનું હોય છે.
- ધ્યાન કે પ્રાર્થનાની જેમ ભક્તિ એકાંતની પ્રવૃત્તિ છે.
- ભક્તિ શાણપણની સંહિતા છે. તેમાં જીવનનો અભિગમ બદલવાની તાકાત છે. તે સહૃદય થઈને કરવી જોઈએ.
- ભક્તિ હૃદયની - આંતરપ્રદેશની અનુભૂતિ આપે છે.

આપણે ઉપર ભક્તિ સંબંધી થોડું જોયું. ભક્તિ શ્રદ્ધા અને વિશ્વાસથી કરવી જોઈએ. તે માટે દરરોજ નક્કી સમય ફાળવવો જોઈએ. તેથી એકાગ્રતા અને વિશ્વાસ વધે છે. ભક્તિના ઉત્સવો ઘણાં ઉજવાય છે. કોઈક ઉત્સવો નાના પાયે ઉજવાય તો કેટલાક વિરાટ સ્વરૂપ લે છે. કાળક્રમે જેમ બધામાં પરિવર્તન આવ્યું છે તેમ ઉત્સવોમાં પણ પરિવર્તન આવ્યું છે. ધર્મ ધીમે ધીમે પાછળ અને પાછળ ધકેલાય છે અને લોકોનો આનંદ આગળ પડતો છલકાય છે. ગમે કે ન ગમે તો પણ કોણ જાણે કેમ, ધર્મની સાથે ધન જોડાઈ ગયું છે. ધર્મ લગભગ ધંધાની કક્ષાએ પહોંચ્યો છે. હવે ઉત્સવોએ ધાંધલ ધમાલનું સ્વરૂપ લીધું છે.

ભક્તિ આપણને બુદ્ધિ, શક્તિ, વિશ્વાસ - શ્રદ્ધા શક્તિ, વિવેક શક્તિ, અનુભૂતિ શક્તિ જેવી દૈવી શક્તિઓ આપે. જેથી આપણે આપણી અંદર રહેલી આસુરી શક્તિને મહાત કરી શકીએ. ખરેખર તો પુરૂષાર્થની પૂજા છે, શૌર્યની સાધના છે. ધીરતા અને વીરતાનો સંગમ છે.

ભક્તિથી પરાક્રમની પ્રતીક્ષા અને પરીક્ષા થાય છે. હાલે ભક્તિના દેખાવામાં નિરાશા વધી છે. તેની સમજ માટે કવિ ડૉ. સુરેશ દલાલની કાવ્ય પંક્તિ ટાંકું છું :

*"આખી જીંદગી કર્ણ જીવ્યો ખરો, પણ*
*રથના ભાંગેલા પૈડાની જેમ."*

ભક્તિ મર્યાદાથી શોભે છે. જીવનમાં ટકી રહેવા માટે એક શબ્દ મહત્ત્વનો છે મર્યાદા. જે લોકો મર્યાદા પુરૂષોત્તમ રામનું નામ બોલી રહ્યા છે તેઓ ભક્તિપૂર્વક ધર્મનું કામ કરતા નથી. એ સમાજના હિતમાં નથી. આજે તો મર્યાદા તોડવાની ઓલિમ્પિક શરૂ થઈ ગઈ છે. મર્યાદાની વાત રામાયણ ઉપરથી સમજીએ એ ઉત્તમ છે.

રામ જ્યારે વનમાં જવા તૈયાર થયા ત્યારે લક્ષ્મણે ક્રોધ પ્રગટ કર્યો અને કહ્યું, 'જો કૈકેયીની ચડામણીથી એના પર વારી જઈને પિતાજી આપણા શત્રુ બની રહે તો આપણે પણ મોહ-મમતા છોડી એમને કેદમાં પૂરવા જોઈએ કે પછી એમનો વધ કરવો જોઈએ. (વાલ્મીકિ રામાયણ, અયોધ્યાકાંડ-૧૨) લક્ષ્મણને શાંત પાડતી વખતે મર્યાદા પુરૂષોત્તમ રામ કહે છે, 'સંસારમાં ધર્મ સૌથી મહાન છે. ધર્મમાં જ સત્ય પ્રતિષ્ઠિત છે. (ધર્મે સત્યં પ્રતિષ્ઠિતમ્)

મર્યાદા પાળવાની ઉત્સુકતા સૌથી મોટા વડીલને હોવી જોઈએ. મર્યાદા પાળવા માટે મક્કમ રહીને જતું કરવું પડે. આ માટે માનસિક આગ્રહ રાખવો જોઈએ, તોજ જુસ્સો વધે છે. પરિણામે નવી પેઢીને પ્રેરણા પ્રાપ્ત થાય છે. મર્યાદામાં ત્યાગની હરીફાઈનું સૌંદર્ય છે. ધર્મ — ભક્તિ મર્યાદાથી વધે છે. મર્યાદાથી સૌનું કલ્યાણ થાય છે.

આ વાર્તામાં મર્યાદા - નિયમો ન પાડનાર સમાજને હાનિ પહોંચાડે છે. મર્યાદાનું જ્ઞાન અને ભાન ધર્મ અને ભક્તિથી થાય છે. અસ્તુ. ■

# જન્માષ્ટમી

**લતા કે. હેડાઉ - નાગલપુર**

ભારતીય સંસ્કૃતિમાં ભગવાનના જન્મ દિવસ ઉજવવામાં આવે છે અને તે પણ ખૂબ જ આનંદ ઉત્સવ સાથે મનાવવામાં આવે છે.

ભગવાન શ્રીકૃષ્ણે જેલમાં પ્રગટ થવાનું પસંદ કર્યું. રોહિણી નક્ષત્રમાં શ્રાવણ કૃષ્ણ પક્ષની આઠમની અંધકારમય રાત્રિ અને તે પણ મધ્ય રાત્રિ. જે નિત્ય મુક્ત પ્રકાશમય છે એ અંધારી રાત પસંદ કરી લે છે જે નિત્ય છે, નિરંજન છે, અગમ્ય છે, અગોચર છે. તે સાકાર બાળ-ગોપાલનું રૂપ પસંદ કરી લે છે. મધ્યરાત્રિના ઘોર અંધકારમાં પણ ભગવાને પ્રકાશ ભરી દીધો. શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય નરને પોતાના નારાયણ સ્વભાવમાં જગાડવા માટેનું પ્રાગટ્ય છે. જન્માષ્ટમી એક એવો ઉત્સવ છે કે જે ભલે ગમે તેટલા હારેલા થાકેલા જીવ હોય એને પોતાની અંદરના પ્રેમરસને પ્રગટાવવાની પ્રેરણા મળી જાય. હસતા રમતા પ્રેમ છલકાવતા વહેંચતા વરસતા અહંકારીઓ અને શોષકોને પાઠ ભણાવતા. થાકેલા-માંદલા નિઃસહાયોને સહાય કરતા નિર્બળોમાં બળ ભરતા સમાજમાં આધ્યાત્મિક ક્રાંતિ કરતાં નરને પોતાના નારાયણ સ્વરૂપમાં પહોંચાડવાનો અદ્ભુત સફળ પ્રયાસ શ્રીકૃષ્ણ લીલાથી થયો. શ્રીકૃષ્ણ ભગવાનની લીલાઓ ખૂબજ નિરાળી છે. હારેલા થાકેલા જીવોને ભગવાનની લીલાઓથી આશ્વાસન મળી જાય છે. ઉદાસને પ્રેમનું દાન મળી જાય છે. અહંકારીઓને નિરંકારી થવાનો પાઠ શીખવા મળી જાય છે.

- **અવતાર એટલે શું?**

'અવતરતિ ઈતિ અવતારઃ' જે અવતરણ કરે, જે ઉપરથી નીચે આવે તે અવતાર. પરાત્પર, પરબ્રહ્મ નિર્ગુણ, નિરાકાર, સતચિત્ આનંદ, અવ્યક્ત, અજન્મા અને એ જન્મ લઈને આવે. અવ્યક્ત વ્યક્ત થઈ જાય. અજન્મા જન્મને અપનાવી લે. અકર્તા કર્તૃત્વનો સ્વીકાર કરી લે. અભોક્તા ભોગને સ્વીકારી લે એ અવતાર છે.

જે શુદ્ધ, બુદ્ધ, નિરાકાર હોય તે સાકાર થઈ જાય. જેને કોઈ આવશ્યક્તા નથી તે વાટકી છાશ માટે ગોપીઓને ઘેર નાચવા લાગી જાય. જેને કોઈ ભગાડી ન શકે તેને ભાગવાની લીલા કરવી પડે. આવો અવતાર માનવના હિત માટે છે, કલ્યાણ માટે છે.

શ્રીકૃષ્ણનો અવતાર સોળ કળાથી સંપન્ન, સર્વાંગી વિકાસ કરાવનારા બધા ભક્તોને પ્રકાશ મળી શકે. દુર્જનનું દમન થઈ શકે મદોન્મત્ત રાજાઓનો મદ ચૂર્ણ કરી શકે. માળી, કુબ્જા, દરજી અને બીજા અસંખ્ય જીવો પર અકૈતુકી કૃપા વરસાવી શકે એવો પૂર્ણ લીલા અવતાર હતો.

બંધાયેલાઓને છોડાવી દે. નિરાશાને આશ્વાસન આપે, નીરસને રસથી તરબોળ કરી દે. તરસ્યાને પ્રેમથી નવડાવી દે એવો અવતાર હતા શ્રીકૃષ્ણનો.

યુધ્ધના મેદાનમાં પણ આરોગ્ય તરફ ઈશારો કરી દીધો. યુધ્ધમાં થાક્યા પાક્યા માંદા જખમી થયેલા ઘોડાઓને સાંજે એવી પાટાપિંડી કરતા એવી માલીશ કરતા કે બીજા દિવસે એ ઘોડાઓ રણ મેદાનમાં દોડાદોડી કરવા માટે બરાબર તૈયાર થઈ જતા.

ધનુર્વિદ્યામાં શસ્ત્રવિદ્યામાં પણ કૃષ્ણ અદ્ભુત હતા. સત્તર વાર જરાસંઘને શસ્ત્ર વિના જ હરાવી દીધો. યુદ્ધ વિદ્યામાં એવા કુશળ હતા, રાજનીતિમાં પણ સર્વોત્કૃષ્ટ હતા. તેઓ પુત્રનું પાત્ર ભજવવામાં પણ સર્વોત્તમ. શિષ્યનું પાત્ર ભજવવામાં પણ સર્વોત્તમ અને ગુરૂનું પાત્ર ભજવવામાં પણ સર્વશ્રેષ્ઠ હતા. જીવનમાં બધું કુશળતાથી ભજવી બતાવ્યું. સ્થાપત્ય વેદનું જ્ઞાન પણ શ્રીકૃષ્ણમાં ખૂબ હતું. દ્વારીકા નગરી બનાવી. રથોને ચાલવાની સડક અલગ, પગપાળા જનારાઓનો રસ્તો અલગ. વચ્ચે વચ્ચે બાગ-બગીચા વિશ્રામ ગૃહ, પરબો વગેરે લોકોને સ્વર્ગ જેવું સુખ મળે એવી રચના હતી. આવો સુંદર નકશો બનાવ્યો અને અદ્ભુત દ્વારકા નગરી વસાવી એવા આર્કિટેક્ટ શિરોમણી હતા.

ગાંધર્વ વેદમાં પણ એમણે પોતાની કુશળતા બતાવી. ગાંધર્વવેદમાં નૃત્ય, ગીત અને વાદ્ય હોય છે. ગાવા-વગાડવાનું હોય છે. વગાડવાનું પણ બે પ્રકારે હોય છે. એક ઠોકીને વગાડવામાં આવે છે. જેમકે તબલા, ઢોલક, મંજીરા વગેરે. બીજું ફૂંકીને વગાડવામાં આવે છે. જેમકે બ્યુગલ, તૂરી, શરણાઈ, વાંસળી વગેરે. ઠોકીને વગાડાતા વાદ્યો કરતા ફુંકીના વગાડાતા વાદ્યો ઉત્તમ ગણાય છે. તેમાં પણ શ્રીકૃષ્ણ એવી વાંસળી વગાડતા ત્યારે ગાયો ઘાસ ખાવાનું ભૂલી જતી. ગોપીઓ ઘરકામ મૂકીને દોડી આવતી. વાછરડાઓ પોતાની માં આવતા ધાવવા માંડતા ત્યારે શ્રીકૃષ્ણની વાંસળી સાંભળીને ધાવવાનું ભૂલી જતા. બંસી નાદનું સુખ પામીને તન્મ થઈ જતા. શ્રીકૃષ્ણ પોતાની વાંસળીમાં એવા પ્રાણ ફુંકતા, એવો પ્રેમ બરતા કે સાંભળનારાઓના ચિત્તડા ચોરી લેતા. શ્રીકૃષ્ણ એવા મહાન નેતા હતા કે એમના કહેવા માત્રથી રાજાઓએ રાજપાટનો ત્યાગ કરી ઋષિ જીવન જીવવાનું સ્વીકાર્યું. શ્રીકૃષ્ણ આવા મહાન હતા છતાં જબરા ત્યાગી હતા. વ્યવહારમાં અનાસક્ત, હૃદયમાં પ્રેમ, આંખોમાં દિવ્ય દૃષ્ટિ, જીવનદાતાએ આવું જીવન જીવીને મનુષ્ય માત્રને પ્રાણી માત્રને શીખવ્યું કે જીવ, તું મારો જ અંશ છે. ધારે તો તું પણ આવો બની શકે.

**"ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।**
**मनः षष्ठानीन्द्रियापि प्रकृतिस्थानि कर्षति ॥"**

"આ દેહમાં આ સનાતન મારો જ જીવ અંશ છે અને એ જ આ પ્રકૃતિમાં સ્થિત મન અને ઈન્દ્રિયોનું આકર્ષણ કરે છે. તું મારો જ અંશ છે, તું પણ સનાતન છે. જેમ મારે કેટલાય જન્મો (દિવ્ય) થઈ ગયા છે. હું એ જાણું છું, તું નથી જાણતો. બાકી તું પહેલેથી જ છો."

અર્જુનને નિમિત્ત બનાવીને ભગવાન સૌને ઉપદેશ આપે છે કે તમે પણ અનાદિકાળ છો. આ શરીર પહેલાં પણ તમે હતા. પરિવર્તનશીલ શરીરોમાં સદા અપરિવર્તનશીલ જ્ઞાન સ્વરૂપ આત્માને જાણી લેવો એ જ માનવ જન્મનું ફળ છે. મૃત્યુ ઝાટકો મારીને બધું છીનવી લે એ પહેલાં કૃષ્ણ તત્ત્વને જાણી લે તેનો બેડો પાર થઈ જાય. પરંતુ શ્રીકૃષ્ણ ભગવાનના જીવન ચરિત્ર વાંચવાથી જાણવા મળે છે કે એકાત્મ દૃષ્ટિ અને એમના પૂર્ણાવતાર, પૂર્ણજ્ઞાન, પૂર્ણ પ્રેમ, પૂર્ણ સમતા છલકાય છે.

શ્રીકૃષ્ણ મથુરા જેલમાં અવતર્યા. હસી રહ્યા છે. મથુરામાં

ધનુષયાગમાં જવું પડે છે તો પણ હસી રહ્યા છે. મામાના ષડયંત્રો વખતે પણ હસી રહ્યા છે. સંધિદૂત બનીને ગયા ત્યારે પણ હસી રહ્યા છે. શિશુપાલ સો સો વાર અપમાન કરે છે. એ દરેક અપમાનની સજા મૃત્યુદંડ હોઈ શકે. છતાં શ્રીકૃષ્ણના ચિત્તની સમતા એની એ જ છે.

યુદ્ધના મેદાનમાં પોતાના જ્ઞાનામૃતથી સસ્મિત વદને મુંઝાયેલા, થાકેલા, હારેલા અર્જુનને ભક્તિનું, યોગનું, આત્મજ્ઞાનનું અમૃતપાન કરાવે છે. સંસારની કોઈપણ પરિસ્થિતિએ એમના પર પ્રભાવ ન પાડ્યો. જેલમાં જન્મવાથી, પૂતનાએ કરાવેલા વિષપાનથી, મામા કંસના જુલ્મોથી નગર છોડીને ભાગી જવાથી, ભીક્ષા માંગતા ઋષિઓના આશ્રમોમાં નિવાસ કરવાથી, સગા ભાઈનો અવિશ્વાસ થવાથી, બાળકો ઉદ્દંડ પાકવાથી વગેરે શ્રીકૃષ્ણના વદન ઉપર કરચલી પણ પડતી નથી. શ્રીકૃષ્ણનો ચહેરો કદી કરમાતો નથી. કોઈપણ વ્યક્તિની નિંદા સ્તુતિથી શ્રીકૃષ્ણના મુખની કાંતિ કદી ઝાંખી પડતી નથી. સત્તર સત્તર વાર શ્રીકૃષ્ણે જરાસંઘને ભગાડ્યો, અઢારમી વાર સ્વયં શ્રીકૃષ્ણ જાણી જોઈને ભાગ્યા. એમના ભાગવામાં પણ લાભ હતો. પોતાના કુટુંબીજનોને પાઠ ભણાવવો હતો. શ્રીકૃષ્ણના જીવનમાં કદી હતાશા આવી નહી. કદી પલાયનવાદ આવ્યો નહિ. કદી ઉદ્વેગ આવ્યો નહિ. કદી ભય આવ્યો નહિ. કદી શોક આવ્યો નહિ. કદી વિષાદ આવ્યો નહિ અને કદી અહંકાર આવ્યો નહિ. અને છેલ્લે સમય શ્રીકૃષ્ણ બલરામજીના આશ્રમ હતા અને એમના કુટુંબીજનોની મતિ ઋષિના શ્રાપને કારણે વિપરીત થઈ ગઈ અને તેઓ પરસ્પર લડી મર્યા. શ્રીકૃષ્ણનું અપમાન કરી દીધું. કંઈનું કંઈ સંભળાવી દીધું. છતા શ્રીકૃષ્ણના ચિત્તમાં કોઈ ક્ષોત્ર ન થયો.

એમનું મૃત્યુ પણ કેવું! એમનો દેહવિલય સમાધિ કરતા કરતા થયો. અથવા પલંગ ઉપર આરામ કરતા પ્રાણ છોડ્યા અથવા મોંમા તુલસીપત્ર નાંખીને પ્રાણ છોડ્યા એવું નથી. એક પારધીએ બાણ માર્યું. અંતિમ પળો છે ત્યારે એમના ચિત્તની સમતા જતી નથી. બાણ મારનારને પણ ક્ષમા કરતા કહે છે કે પારધી તું ચિંતા ન કરીશ. આમ જ થવાનું હતું. નિયતિમાં જેમ થવાનું લખાયું તેમજ થયું. શ્રીકૃષ્ણ કહે છે કે હું કોઈના ઋણમાં રહેતો નથી. ગયા જન્મમાં વાલીને માર્યો અને આ જન્મમાં એ પારધી થઈ મને માર્યો.

શ્રીકૃષ્ણના ચરિત્ર મહાભારતમાં હરિવંશ પુરાણમાં બ્રહ્મવૈવર્ત પુરાણમાં, ભાગવતમાં આવે છે. એ ચરિત્રો દ્વારા પણ પોતાના જીવનમાં આવનારા ખટકતા ભાવોને હટાવીને સંસારની પરિવર્તનશીલતા સમજીને પોતાના અપરિવર્તનશીલ કુટસ્થ આત્માને ઓળખીને શ્રીકૃષ્ણ તત્ત્વનો સાક્ષાત્કાર કરવા માટે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ ઉજવાય છે. ભક્તોના ભગવાન શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પરમાત્માના પ્રાગટ્યના દિવસે ભક્ત ભજન કરતા ગાય છે :

*"કોઈ કહે કાનો કાળો, કોઈ કહે એ રૂપાળો*
*કોઈ કહે આવો ને કોઈ કહે તેવો છે*
*કોઈ કહે કપટી છે ને કોઈ કહે કામણગારો છે*
*કોઈ કહે માખણચોર છે, કોઈ કહે માખણના જેવો છે*
*કોઈ કહે મળતો નથી, કોઈ કહે મળી ચૂક્યો છે*
*વળી કોઈ કહે કાનુડાને જરૂર જોવા જેવો છે.*
*'ભક્ત' કહે જ્યારથી મેં વાત સૂણી કાનુડાની*
*નક્કી કરી લીધું કે એને પોતાનો કરી લેવો છે."*

શ્રીકૃષ્ણના જીવન ચરિત્રોથી અને ભગવાનની લીલાઓથી મનુષ્યને જાણવા મળે છે કે ભગવાન શ્રીકૃષ્ણ ૧૨૫ વર્ષનું આયુષ્ય જીવી પૃથ્વી પર રહ્યા અને જગતમાં નવા વિચારો, ક્રાંતિ કરતા લોકોને સંદેશો આપતા કહે છે, 'હે સાધકો! આ જન્માષ્ટમીના પ્રસંગે તેજસ્વી પૂર્ણાવતાર શ્રીકૃષ્ણની જીવન લીલાઓમાંથી ઉપદેશો અને શ્રીકૃષ્ણની સમતા તેમજ સાહસિક આચરણોમાંથી પ્રેરણા લો. સમતા રાખો, પ્રસન્ન રહો. શાંત બનો, ધૈર્યવાન બનો, સદાચારી બનો. સ્વયં ધર્મમાં સ્થિર રહો અને બીજાને પણ ધર્મના માર્ગે લગાડતા રહો. હસતા, મલકાતા, આધ્યાત્મિક ઉન્નતિ કરતા રહો. બીજાને સહાય કરતા રહો. આગળ વધો, હિંમત રાખો, વિજય તમારો જ છે. સફળ જીવન જીવવાની રીત આ જ છે."

શ્રીકૃષ્ણ એમ નથી કહેતા કે તમે મંદિરમાં તીર્થ સ્થાનમાં જશો કે ઉત્તમ કુળમાં જન્મ લેશો ત્યારે જ મુક્ત થશો. શ્રીકૃષ્ણ તો કહે છે : તમે જો પાપીમાં પાપી કે દુરાચારી હો છતાં તમે મુક્તિના અધિકારી છો.

**"अपि चेदसि पापेजयः सर्वजयः पापकृतः ।**
**सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥ "**

"જો તું બધા પાપીઓમાં સૌથી વધારે પાપ કરવાવાળો હોય તો પણ તું જ્ઞાનરૂપી નૌકા દ્વારા નિશ્ચિતપણે સમગ્ર પાપ સમુદ્રને બરાબર તરી જઈશ." (ભગવદ્ ગીતા ૪૩૬)

તો હે કૃષ્ણ જન્માષ્ટમીના પાવન પ્રસંગે મૃત્યુ લોકના (અમે) બધા માનવી મોક્ષના અધિકારી બનીએ એ જ અભિલાષા સાથે પ્રભુ બધા ઉપર કૃપા કરે. જયશ્રીકૃષ્ણ. ■

## સફળતાનાં સોનેરી સુત્રો

★ આજે હું નવું જીવન શરૂ કરૂં છું.
★ આજના દિવસનું હું હૃદયમાં ભરપૂર પ્રેમ સાથે સ્વાગત કરીશ.
★ હું કુદરતનો જબરદસ્ત ચમત્કાર છું.
★ આજનો દિવસ મારો છેલ્લો દિવસ છે તેમ માનીને હું જીવીશ.
★ આજે મારા આવેગો પર હું નિયંત્રણ મેળવીશ.
★ આજે મારૂં મૂલ્ય હું અનંતગણું આંકીશ.
★ હું પ્રાર્થના અવશ્ય કરીશ પણ મારી પ્રાર્થના વાસ્તવમાં માર્ગદર્શન માટે હશે.
★ હું સફળ થઈશ ત્યાં સુધી મારા પ્રયત્નો ચાલુ રાખીશ.

*ડિંપલ જે સોની - કોટડા (જડોદર), તા. નખત્રાણા*

Let Us Play

# Check-Mate (4)

'Tulsi' - Ahmedabad



You might have read in the news papers that the Gujarat Government is planning to make 20,000 people play chess at one place on the conclusion of Chess Mahotsav in December 2010. I hope few of the readers of the articles appearing in this Magazine would participate in this Mahakumbh of Chess.

So far in the previous articles we have seen the value of each piece on the chess board, their movements and rules. To day we are going to understand different openings, how to initiate the game, how to open the game with winning strategy.

**OPENING MOVES :**





Initial position: first row: rook, knight, bishop, queen, king, bishop, knight, and rook; second row: pawns

This is a group of initial moves in the game of chess. These moves have been given various names according to Encyclopaedia of Chess like Ruy Lopez or Sicilian Defence.

The Ruy Lopez also called the Spanish Opening or Spanish Game is a chess opening characterised by the moves :

1. e4 e5
2. Nf3 Nc6
3. Bb5

The Ruy Lopez is one of the most popular openings with such a vast number of variations that in the Encyclopaedia of Chess Openings all codes from C60 to C99 are assigned to them. This move starts with e4 e5 means the Player playing with White will take out King's pown two steps forward and reach e4 square. In response to this the Black would also move King's pown by two steps and reach e5. Thereafter the White Knight sitting in "g" square would go to f3; the move being known as Nf3. And in response the Knight Black sitting in"b" would move to c6; the move being known as Nc6. In the 3rd move white move the biship sitting in "f" and advanced it to b5; the move known as Bb5.



*1. e4 e5; 2. Nf3 Nc6; 3. Bb5*

There are number of different moves, exceeding dozens. Let us see one quiet positional play, viz. Reti Opening. This is a hypermodern chess opening characterized by the opening move. 1.Nf3 to prevent 1...e5 with the intention of following up, against the "classically recommended" response 1...d5 with 2.c4, coupled with a kingside fianchetto to create pressure on the light squares in the center. One idea behind the opening is to either bring the d5 pawn under attack from the flanks, (બાજુ પરથી હુમલો કરવો) or entice (લલચાવવું, લોભાવવું) it to advance to d4 and undermine it later. Because the single opening move 1. Nf3 is rife with transpositional possibilities, it is incorrect to infer that any chess game opening with that move is an example of the Reti Opening. For example, 1. Nf3 d5 2. c4 e6, d. d4 Nf6 4. Nc3 is the Qeen's Gambit Decline. The Réti should not be thought of as a single opening sequence and certainly not a single opening move, but as an opening complex with many variations sharing common themes. It is named after Richard Reti, from Czechoslovakia who most famously used it to defeat jose Raul Capablance, the reigning World Chess Champion in a game in the 1924 (New York Tournament). The Réti Opening was introduced into master play in the early part of 1923, according to Reti. Hans Kmoch called the system of attack employed by Réti in the game Réti-Rubinstein, Carlsbad, 1923 "the Réti Opening" or "the Réti System." Savielly Tartakower had earlier named this opening "The Opening of the Future."


According to Chess Base, out of the twenty

possible opening moves, 1. Nf3 ranks third in popularity. It developes the Knight to a good square and prepares for quick castling and prevents Black's occupation of the center by 1...e5. White maintains flexibility by not committing to a particlular central pawn structure, while waiting to see what Black will do. Two slight drawbacks to the move are that it blocks the f-pawn, and forgoes the option of playing Nge2.



Now let us see another very aggressive, e.g. Latvian Gambit (in this opening the moves would be 1. e4 e5 2. Nf3 f5; The opening was originally known as the Greco Counter Gambit, and some modern writers still refer to it as such. The name recognised the Italian player Gioachino Greco (1600-1634), who contributed to the early theory of the opening. The new name "Latvian Gambit" was made officially by the FIDE Congress of 1937. The name was a tribute to the Latvian players, notably Karlis Betins, who analysed it in the early part of the 20th century).

અહીં જણાવેલ અલગ અલગ ચાલો ને બીજગણિતના સૂત્રો જેવા જેખાતા અને વિચાર કરતા કરી મુકતી ચાલોના બીબામાં ના ઢળવું હોય, તમોને તમારી રીતે તૈયાર થવું હોય તો એકજ વિચાર ચેસ રમતા રમતા કરો, (અલબત્ત અગાઉ જણાવેલ નિયમો અથવા તો તમે રમો ત્યારે જે નક્કી કરો તે નિયમો મુજબ) કે તમારી સામે રમનાર વ્યક્તિ કઈ ચાલ ચાલશે અને તેનો ઇરાતો તે જે જે ચાલ ચાલે છે તેની પાછળ શું છે? જો તમે આટલું વિચારીને તમારી બાજી આગળ ધપાવતા જશો તો આ ચેસનો ચસકો તમને તમે જે પણ કોઈ ફિલ્ડમાં હશો, નોકરી કરતા હોવ કે બિઝનેસ, કોઈ ઈન્ટરવ્યુ આપતા હો કે પ્રમોશનની સ્પર્ધા હોય, પ્રોફેશનમાં હોવ કે સંગીત - ચિત્રની કે ઈન્ડિયન આઈડોલની હરીફાઈમાં, ત્યાં તમારા પ્રતિસ્પર્ધીની ચાલો, તે શું વિચારી શકે, તે શું કરી શકે, તેની મર્યાદાઓ અને તેની શક્તિ, તમારી જીતવાની તકો અને તેમાં આવનારી મુશ્કેલીઓનો સામનો કેવી રીતે કરી શકશો એ બાબત ઝડપથી વિચારવાનો તમને અવકાશ મળી રહેશે. તમને કોઈ પણ ચેલેન્જ સ્વિકારતાં હીચકિચાટ નહીં થાય. આજ તો છે આશય, હેતુ, વિચાર તમોને ચેસ રમવા માટે પ્રેરતા દિગ્ગજોનો, જે પોતાની તમામ શક્તિઓને દેશ માટે સમર્પિત કરીને વિકાસયાત્રી બની ગયેલ છે અને તમારી શક્તિઓને ખીલવવા માટે વાતાવરણ ઊભું કરવા સતત પ્રયત્નશીલ છે.



દરેક ચોકઠાના નામોની સમજણ આપતું ચિત્ર

આજ તો છે કહેવાતી મેનેજમેન્ટની સ્વોટ એનાલીસીસ (SWOT) જયાં 'S' એટલે સ્ટ્રેન્થ, તમારી શક્તિ, તાકાત. 'W' એટલે વિકનેસ, મર્યાદા, નબળાઈ. 'O' એટલે ઓપોર્ચ્યુનીટી, તક, લાગ મળે એટલે આગળ વધી જવાની કળા, તકને ઝડપવાની બુધ્ધિ અને 'T' એટલે થ્રેટ, મુશ્કેલી રૂકજાવનો આદેશ, ભય પમાડે, હારવાનો ભય પમાડે તેવી પરિસ્થિતિ. જેને તમે તમારા બુધ્ધિકૌશલ્યથી તકમાં ફેરવી શકો છો અને તમારી નબળાઈને જાણી લીધા બાદ તેમાંથી પણ તમે કાંઈક વિશેષ બળ મેળવી શકો છો. આ છે ચેસમાંથી મેનેજમેન્ટ શીખવાની કળા....

Now, while playing further, how to develope the game? the fundamental strategic aims of openings are to place the pieces like bishops and knights on useful squares where they will have an optimal impact on the game.

The player who controls the centre wins, and how do you control the central squares? Or why should you control the central board? Control of the central squares allows pieces to be moved to any part of the board relatively easily, and can also have a cramping effect on the opponent.

- **ટીપ્સ :**

**KING SAFETY (કિંગનો બચાવ) :**

Keeping the King safe from dangerous possibilities.

A correct timing for casting can often enhance this.

**PAWN STRUCTURE (પ્યાદાઓની ગોઠવણી) :**

Players strive to avoid the creation of pawn weaknesses such as isolated, doubled or backward pawns, and pawn islands - and to force such weaknesses in the opponent's position.

## સ્નાતક તથા સ્નાતકોત્તર સ્તરે સફળતા મેળવનાર આપણા સમાજની યુવા પ્રતિભા



★ **જીનલ અરવિંદભાઈ સોની (ભુજ)** F.Y.B.Com.માં ૭૭.૧૪% ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ છે. કોલેજમાં પ્રથમ અને કચ્છ યુનિવર્સિટીમાં આઠમા ક્રમે આવેલ છે.



★ **મીનલ જયેશભાઈ સોની (નાગલપુર)** F.Y.B.A. (English) માં ૭૧% ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ છે. મહિલા કોલેજમાં પ્રથમ અને કચ્છ યુનિવર્સિટીમાં પાંચમા ક્રમે આવેલ છે.



★ **જય જયંતીલાલ બુધ્ધભટ્ટી (ભુજ)** T.Y.B.Com. (External) ની પરીક્ષા ઉત્તીર્ણ કરેલ છે. કચ્છ યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.



★ **વિવેક પી. ગુજરાતી (ભુજ)** T.Y.B.Sc. (Physics) માં ૭૧.૨૩% ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ છે. ફિઝીક્સ વિષયમાં કચ્છ યુનિ.માં દ્વિતીય ક્રમાંક મેળવેલ છે. હાલે વલ્લભવિદ્યાનગર ખાતે M.Sc. કરી રહેલ છે.



★ **કિશન પી. ગુજરાતી (ભુજ)** F.Y.B.Com. (ગુજરાત યુનિ. - અમદાવાદ)માં ૬૮% ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ છે. ઉપરાંત જુન-૨૦૧૦માં લેવાયેલ CPT ની પરીક્ષામાં ૭૧% ગુણ સાથે પાસ કરી હાલે IPCC ની પરીક્ષાની તૈયારી અમદાવાદ ખાતે 'આપણું ઘર'માં રહી કરી રહેલ છે.



★ **ચિ. અવની શરદચંદ્ર બુધ્ધભટ્ટી (આદિપુર)** S.Y.B.A. (Home Sc.) માં ૭૬.૮૬% ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ છે. કચ્છ યુનિ.માં પ્રથમ સ્થાને આવેલ છે. ગયા વર્ષે પણ તે F.Y.B.A.માં કચ્છ યુનિ.માં દ્વિતીય ક્રમાંકે આવેલ.



★ સોલંકી સુરેશ પ્રેમજીના પુત્રવધુ **નેહા શ્યામ સોલંકી (ભુજ)**એ M. Phil. (Commerce)ની ડિગ્રી ૫૭% સાથે પ્રાપ્ત કરેલ છે. તેમણે M.Com.માં કચ્છ યુનિ.માં પાંચમું સ્થાન પ્રાપ્ત કરેલ તેમજ નેશનલ તથા સ્ટેટ લેવલ પર રીસર્ચ પેપર રજુ કરેલ છે.



★ **કુ. વૈશાખી દિનેશકુમાર સોની** રાજસ્થાન ટેકનીકલ યુનિવર્સિટીમાંથી B.Tech. (કોમ્પ્યુટર એન્જીનીયરીંગ)ના પાંચમા સેમેસ્ટરની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે.



★ **કુ. કુંજ રાજેશભાઈ કોટડિયા** ગુજરાત યુનિવર્સિટીમાંથી B.E. (Metallurgical & Materials Engineering)ની જુન-૨૦૧૦માં લેવાયેલ આઠમા સેમેસ્ટરની પરીક્ષામાં ડિસ્ટીંક્શન ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયા છે.

★ **કુ. પૂજા પંકજભાઈ સાકરીયા** ગુજરાત યુનિવર્સિટીની B.Com. (સ્નાતક કક્ષા)એ પ્રથમ વર્ગ મેળવી ઉત્તીર્ણ થયા છે.



**JAGRUTI SONI**

Qualification : ● BBA (2005-2008) H.L. College - Ahmedabad. ● MBA (Finance) (2008-2010) ICFAI Business School (Hyderabad). She is appointed as a Specialised Officer (Risk Management) Scale-II Treasury International - Banking Division, Bank of Maharashtra, Fort, Mumbai.

Gyati Setu Parivar congratulates her and wish her bright career.

***ઉપરોક્ત સર્વે છાત્ર - છાત્રાઓને 'સેતુ'ના હાર્દિક અભિનંદન અને શુભેચ્છા.***

| | | |
|---|---|---|
| *મોક્ષનું તત્ત્વ જાણે તે* | – | *પંડિત* |
| *સિદ્ધાંતોને જીવનમાં ઉતારે તે* | – | *જ્ઞાની* |
| *ગુણોથી સંપન્ન હોય તે* | – | *ધનવાન* |
| *અંદરના શત્રુઓને મારે તે* | – | *વીર* |


## માધ્યમિક અને પ્રાથમિક શિક્ષણ (K.G. to Std.-9)


રિતિકા કિશોર
સોલંકી
નખત્રાણા
L.K.G. : 100% (A+)


યશ્વી
એચ. પોમલ
માધાપર
Std.-1 : 87.71%


ક્રિના
હિતેશ સોની
માધાપર
Std.-1 : 76%


કરન
હિતેશ સોની
માધાપર
Std.-1 : 66%



હિતેન
મનોજ બુધ્ધભટ્ટી
માધાપર
Std.-2 : 95.27%


મહેક
ડી. પોમલ
માધાપર
Std.-2 : 90.93%


રીતિકા
અશોક બુધ્ધભટ્ટી

Std.-2 : 77.37%


નેન્સી
કીર્તિભાઈ બુધ્ધભટ્ટી
માધાપર
Std.-2 : Pass


તીર્થ
લક્ષ્મીદાસ સોની
અમદાવાદ
Std.-3 : 95.37%


મોહિત
એચ. પોમલ
માધાપર
Std.-4 : 89.4%


રાજ
સુરેશભાઈ સોની
નખત્રાણા
Std.-4 : 88%


ધર્મેશ
જયેશભાઈ મૈચા
ભુજ
Std.-4 (જ્ઞાતિમાં પ્રથમ)


ઉમેશ શૈલેષભાઈ
બીજલાણી
માધાપર
Std.-7 : 94.56%



વિધિ
લક્ષ્મીદાસ સોની
અમદાવાદ
Std.-7 : 91.27%


હર્ષિલ
કીર્તિ બુધ્ધભટ્ટી
માધાપર
Std.-7 : 68.36%

## ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ



ધારા
નરેશભાઈ બીજલાણી
માંડવી
S.S.C. : 80%



## વિદેશની ધરતી પર પ્રતિષ્ઠિત સ્કોલરશીપ પ્રાપ્ત કરતા પુનીત સોની



**પુનીત અતુલકુમાર સોની** હાલમાં અમેરિકાની નોર્થ કેરોલીના સ્ટેટ યુનિવર્સિટીમાંથી MS (Electronics & Communication)ની માસ્ટર ડિગ્રીના ત્રીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરે છે. પ્રથમ વર્ષના પ્રથમ અને દ્વિતીય સેમેસ્ટરમાં તમામ વિષયોમાં A તથા A+ જેવા ઉચ્ચ ગ્રેડ પ્રાપ્ત કરેલ છે.

પુનીત સોનીની પ્રથમ વર્ષની જ્વલંત સફળતાને ધ્યાનમાં લઈ નોર્થ કેરોલીના સ્ટેટ યુનિવર્સિટી દ્વારા તેઓને ખૂબ પ્રતિષ્ઠિત સ્કોલરશીપ આપવામાં આવેલ છે. જે અંતર્ગત યુનિવર્સિટી અભ્યાસક્રમની તમામ ફી વેવ કરવામાં આવેલ છે. આથી હવે અભ્યાસ અંગે કોઈ ફી આપવાની રહેશે નહીં. (સામાન્ય રીતે આ ફી વર્ષની રૂા. દસ લાખ જેટલી થાય છે.) તે ઉપરાંત યુનિવર્સિટી દ્વારા તેમને ટીચીંગ આસિસ્ટન્ટશીપ આપવામાં આવેલ છે. જે મુજબ પુનીત સોનીને દર મહિને ૧૨૦૦ ડોલર સ્ટાઈપેન્ડ (અંદાજે રૂા. ૫૬,૦૦૦/-) આપવામાં આવેલ છે.

'જ્ઞાતિસેતુ' સાથે વાતચીત દરમ્યાન પુનીત સોનીએ જણાવેલ કે અમેરિકાની ખ્યાતનામ યુનિવર્સિટીના અભ્યાસક્રમની ફી તથા અન્ય ખર્ચ પ્રમાણમાં ખૂબ વધારે હોય છે પરંતુ અહીંનું ભણતરનું સ્તર ખૂબ ઉચ્ચ પ્રકારનું હોય છે અને યોગ્યતાની કદર પણ થાય છે. હાલના સમયમાં અમેરિકન યુનિવર્સિટી બહુ જૂજ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ ઑફર કરે છે. સ્કોલરશીપ તથા આસિસ્ટન્ટશીપ બંને સાથે, ભાગ્યે જ કોઈને મળે છે.

અત્રે વિશેષ ઉલ્લેખનીય છે કે અગાઉ અમદાવાદની પ્રતિષ્ઠિત નિરમા યુનિવર્સિટીમાં એન્જીનીયરીંગના ડિગ્રી અભ્યાસ દરમ્યાન પણ પુનીત સોનીના પ્રોજેક્ટને રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયેલ. આ ઉપરાંત આશ્ચર્યજનક બાબત એ પણ છે કે પુનીતે હાયર સેકન્ડરી સુધીનો અભ્યાસ ગુજરાતી માધ્યમની અંજાર અને અમદાવાદની શાળાઓમાં જ કરેલ.

મૂળ અંજારના વતની પુનીત સોનીના પિતા અતુલ સોની અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં ઉચ્ચ અધિકારી છે. તેઓ શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ તથા શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળના માનદ્ મંત્રી છે.

***પુનીત સોનીની સફળતા બદલ 'જ્ઞાતિસેતુ' પરિવાર તેમને હાર્દિક શુભેચ્છા પાઠવે છે.***

***— હંસરાજ કંસારા***

# શતરંજના ખેલ

હંસરાજ કંસારા - અમદાવાદ

*ગત અંકમાં આપણે વાંચ્યું....*

*એક રાજા, શતરંજના ખેલમાં એના તરૂણ નોકરથી હારી ગયો. આપેલા વચન મુજબ એણે એ તરૂણને માગ્યું અનાજ આપવાનો દીવાનને હુકમ કર્યો. રાજ આજ્ઞાનો અમલ કરતાં, રાજના અન્નભંડાર ખાલી થઈ જવાનો ભય લાગતા, દીવાને એનો અમલ ન થાય અને રાજ આજ્ઞાનું ઉલ્લંઘન પણ ન થાય તે માટે તરૂણને તાવી જોવા પ્રથમ પ્રશ્ન કર્યો કે, એ આટલા બધા અનાજના દાણાઓ કઈ રીતે ગણીને લેશે? તરૂણે એનો તર્કસંગત ઉકેલ આપ્યો. દીવાનની એક ચાલ પાછી પડી. હવે આગળ વાંચો....*

ભોજન પતાવી દીવાન એમના દીવાનખંડમાં હીંચકે બેઠા. હીંચકો ડોલવા લાગ્યો. ભારી ભોજનને લીધે દીવાનની આંખ ઘેરાવા લાગી. તેમ છતાં એમણે તેઓ સામે ભોંયે બેઠેલા તરૂણને એકટક જોઈ રહ્યા. તરૂણને એની માંગ મુજબ અનાજ ન આપવું પડે તે માટે બીજી કોઈ તરકીબ વિચારતા હતા ત્યારે જ 'રાજ ભંડારી' આવ્યા.

'જી હજૂર....' ભંડારીએ ખંડમાં દાખલ થતાં દૂરથી જ બે હાથ જોડી દીવાનનું અભિવાદન કર્યું અને તરૂણની નજીક આવી ઊભા રહ્યા.

દીવાને એ બંને તરફ જોયું અને કહ્યું, 'ભંડારી, આ છોકરો જે રાજઆજ્ઞા લાવ્યો છે તે મુજબ આપણા ભંડારમાંથી એને અનાજ અપાવી દ્યો. અનાજ કેટલું આપવાનું છે તેની નોંધ છોકરા પાસે છે, તે જોઈ લ્યો.'

કુલ અનાજ કેટલું આપવાનું થશે તેનો હિસાબ દર્શાવતું લખાણ તરૂણે ભંડારીને આપ્યું. ભંડારી થોડીવાર વિસ્ફારીત આંખે એ ચાર્ટ જોઈ રહ્યા. દીવાન હીંચકે ડોલતા રહ્યા. ચાર્ટમાં ચોસઠ ચોગઠા હતા. પહેલામાં એક, બીજામાં બે, ત્રીજામાં ચાર, ચોથામાં આઠ એ રીતે અગાઉના ચોગઠાથી બમણી થતી સંખ્યા આગળ શૂન્ય ઉમેરાતા ગયા. કંટાળીને એમણે આગળ હિસાબ કરવાનું જ માંડી વાળ્યું અને પહેલાં તરૂણ સામે અને પછી દીવાન સામે જોઈ એમણે કહ્યું, 'હજૂર, આટલું બધું અનાજ....?'

'હા, મહારાજની આજ્ઞા છે, એનો અમલ કરો...'

'પણ હજૂર, આટલું બધું અનાજ એ ક્યાં સંઘરશે?'

'જહન્નમમાં...' કહેતાંક દીવાનને અચાનક કંઈક સુઝ્યું. એમણે એકદમ પગને ટેકે હીંચકો રોક્યો અને તરૂણને કરડાકીથી કહ્યું, 'જવાબ ભંડારીને છોકરા, એ અનાજ તું ક્યાં રાખશે?'

'મેં એની વ્યવસ્થા કરી લીધી છે હજૂર...' તરૂણે સ્પષ્ટ ઉત્તર આપ્યો.

'પણ તને આપેલા અનાજનો એક પણ દાણો તને આ ગામમાં રાખવા નહીં મળે અને જો રહેશે તો તારી શું વલે થશે તે સમજી લે.' દીવાને કરડાકીભર્યા સ્વરે કહ્યું.

'જી હજૂર...' તરૂણે ઉત્તર આપ્યો.

દીવાનને લાગ્યું જાણે શતરંજની રમતમાં રાજાને શેહ આપવાની એની ચાલ ફરીથી પાછી પડી. એનું બીજું એક પ્યાદું પણ પડ્યું.

'બેઅદબી માફ હજૂર. પણ હાલે આપણા અન્ન ગોદામમાં બીજી એક સમસ્યા છે. આપણા ગોદામમાં તળીયેથી ખોદીને જંગલી ઊંદરો ઘૂસી આવ્યા છે. એને પાછા કાઢવા આજે જ એમાં ઝેરી ગેસ છોડી ગોદામ બંધ કરી નાખ્યું છે. ખોલશું તો ઉંદરો ગોદામમાંથી ગામમાં ફેલાઈ જશે. આમ તો થોડા દિવસમાં એમના રસ્તેથી પાછા નાસી જશે અથવા મરી જશે. ત્યાર પછી જ ગોદામ ખૂલ્યે, છોકરાની માંગ પૂરી કરી શકાશે.' ભંડારીએ વિસ્તારપૂર્વક એની વાત કહી.

'ઠીક છે. થોડા દિવસ પછી વાત...' દીવાને સંમતિ આપી અને સામે પડેલા તારીખિયામાં જોઈ, તરૂણને કહ્યું, 'એમ કર છોકરા, તું સોમવતી અમાસની સવારે અનાજ લેવા ભંડારે પહોંચી જજે.' દીવાને હુકમ કર્યો.

'જેવી આજ્ઞા હજૂર....' તરૂણે દીવાન અને ભંડારીને પ્રણામ કર્યા. જવાની અનુમતિ લીધી અને દીવાન ખંડમાંથી બહાર જવા લાગ્યો. ત્યારે દીવાને બૂમ પાડી, તરૂણને પાછો બોલાવ્યો અને કહ્યું, 'છોકરા, તું આ ગામમાં એટલું બધું અનાજ નહીં રાખી શકે તો બીજે ગામ કઈ રીતે લઈ જશે? તને ખબર છે, એ માટે તારે કેટલા ગાડાં કે ઊંટગાડીઓનો બંદોબસ્ત કરવો પડશે?'

'જી હજૂર, એની વ્યવસ્થા પણ મેં કરી છે.' તરૂણે તત્કાળ ઉત્તર આપ્યો. ફરીથી દીવાનને પ્રણામ કરતો, દીવાન ફરી કોઈ બીજો સવાલ કરે તે પહેલાં દીવાન ખંડમાંથી બહાર નીકળી ગયો. દીવાને ભંડારીને બેસવાનું કહ્યું.

ભંડારી હીંચકાની બાજુમાં પડેલી ખુરશી પર બેઠા.

'એવા તો કેવા મોટા ઉંદર ઘુસી ગયા છે, ભંડારી?' દીવાને ટકોર કરી.

'એ તો હજૂર, આપના જ પાળેલા ઉંદર છે, જે આપ જાણો જ છો છતાં પૂછો છો. આપના મિત્ર, પાડોશી દેશના રાજા સાથેની આપની મસલત પછી મને કરેલી આજ્ઞા મુજબ, ગોદામમાંથી એ રાજની હદ સુધી સુરંગ ખોદાઈ ગઈ છે. ત્યાંથી શસ્ત્રોની એક ખેપ તો આવી પણ ગઈ છે. અને લશ્કર પણ એ રસ્તેથી જ..... આગળની કાર્યવાહી થશે.'

'ઠીક છે. ઉંદરને બહાને આપણને થોડા દિવસ મળી ગયા. ત્યાં સુધીમાં બધી તૈયારી પૂરી કરી નાખો. આપણે ઘણા વરસ આ ગાંડા રાજાની ગુલામી કરી. હવે મિત્રની મદદથી એને હટાવશું. આપણું શાસન થશે. તમે પણ ન્યાલ થશો. પણ જોજો હોં.... આ છોકરો બહુ ચાલાક છે. અને રાજાનો માનીતો છે. એનાથી સંભાળજો.'

'જી હજૂર...'

ભંડારીએ એમ કહી તરૂણે આપેલા ચાર્ટનું ફીંડલું વાળી બગલમાં ભરાવ્યું અને દીવાનને પ્રણામ કરી વિદાય થયો.

દીવાન હિંડોરે ડોલતા રહ્યા. એમનું મુત્સદ્દી મન એમને રાજાના અંગત નોકર એ ચાલાક છોકરા વિશે વિચારતું રહ્યું. એમને શક પડ્યો, રખે 'શતરંજ'નો આ ચાલબાજ એમની 'શતરંજ'ને આડો તો નહીં આવે ને?

***(વધુ આવતા અંકે)***

## માઁ

જીવન હૈ એક બહેતી ધારા
એક કિનારા સુખ હે જીસકા, દુઃખ હૈ એક કિનારા
સુખ-દુઃખ સે અંજાને હોકર, જીસને જીના શીખ લીયા
ઈસ જગકો ભી જીતા ઉસને, ઉસ જગ કો ભી જીત લીયા
જહાં ધૂપ વહાં છાયા ભી હૈ, જહાં મોહ વહાં માયા ભી હૈ
માયા કે બંધન કો છોડો, મન કા રીશ્તા કભી ન તોડો
જો અપને હૈ દૂર નહીં વો, મિલને સે મજબૂર નહીં વો
મન કી આંખો સે દેખો તો, પાસ સભી અપને હૈ હોતે
હમ હસે તો હંસતે હૈ, હમ રોએ તો વો હૈ રોતે
દુનિયા કે સારે રીશ્તોં મેં, સબસે પ્યારા 'માં' કા રીશ્તા
'માં' સ્વર્ગ કી દેવી જૈસી, 'માં' જન્નત કા એક ફરીશ્તા
'માં' બચ્ચોં કે દિલમેં બસતી, બચ્ચોં કે સંગ રોતી હસતી
'માં' તેરી મમતા મેં મૈંને હસકે વક્ત ગુજારા હૈ
'માં' તેરી ઈસી બાત કો સોચકે ચલતી જાઉંગી,
જીવન પથ પર સુબહ શામ બસ આગે બઢતી જાઉંગી
ચોટ લગે બચ્ચોં કો તો, આંસુ મા કે આતે હૈં
મમતા કી આંચલ મેં, છૂપકર સારે દુઃખ મીટ જાતે હૈં....
"માં કી યાદ મેં એક બેટી"

**દિવ્યા શાંતિલાલ બુધ્ધભટ્ટી - અંજાર**

## વ્યંગ ગીત

જીંદગી જે નકામી બગાડે
જીંદગી જે નકામી બગાડે
કહો કોણ છગનિયાને તારે....
જન્મ્યો તો એ રવિવારે, પગલાં તો એ બહુભારે
મા-બાપને સદાય સતાવે.... કહો કોણ છગનિયાને તારે...
લીધી જનોઈ સોમવારે માસ્તરને પણ બહુ ડારે
સારા જગને ઊંઠા ભણાવે... કહો કોણ છગનિયાને તારે...
ફેરા ફર્યો મંગળવારે, હોળી એના સંસારે
ઝઘડે એ સાંજ સવારે... કહો કોણ છગનિયાને તારે...
ગયો બજારે બુધવારે, બદમાશીના સથવારે
ડૂબે જે કોઈ પડતું પનારે... કહો કોણ છગનિયાને તારે...
માંદો પડ્યો એ ગુરૂવારે, ચા-કોફી ના દવા ભાવે
લોહી પીવું બધાનું એને ફાવે... કહો કોણ છગનિયાને તારે...
માંડ સિધાવ્યો શુક્રવારે, કીધી લગીર ના ભવીવાટે
મરતાં મરતાં સૌને મારે... કહો કોણ છગનિયાને તારે...
શોકસભા થઈ શનિવારે, દુઃખ દીસે ના પરિવારે
બધા હાથ ખુશીથી પુકારે... કહો કોણ છગનિયાને તારે...

**– અજ્ઞાત**

**પ્રેષક : બિહારીલાલ બુધ્ધભટ્ટી**

## એક એસ.એમ.એસ.

અનેક તરંગો હોવા છતાં સમુદ્ર એક છે,
અનેક રંગો હોવા છતાં મેઘધનુષ્ય એક છે,
અનેક ભાષાઓ હોવા છતાં જબાન એક છે
અનેક દેશો હોવા છતાં પૃથ્વી એક છે
પણ માણસ કેમ સમજતો નથી કે,
અનેક ધરમો હોવા છતાં ઈશ્વર એક છે.
રંગનો બકવાસ કરીને રંગમાં ભંગ કરે છે,
એક હાથમાં તલવાર રાખીને આતંક કરે છે
કિતાબો બાળવાની વાતો કરીને પાછો પડે છે,
પરદા લગાવીને પાખંડ કરે છે.
અનેક પાણી હોવા છતાં વરસાદ એક છે,
અનેક પહાડો હોવા છતાં પથ્થર એક છે,
અનેક વૃક્ષો હોવા છતાં લાકડું એક છે,
અનેક ખોરાક હોવા છતાં લોહી એક છે.
અનેક આતશ હોવા છતાં ગરમી એક છે,
પ્રકાશ એક છે, પ્રાણ એક છે,
પણ માણસ ક્યારે સમજશે કે,
અનેક મ્હોરાઓ હોવા છતાં, ચેસ એક છે
અનેક બારૂદ હોવા છતાં, મોત એક છે,
અનેક ચાલો હોવા છતાં ચેસ એક છે.



**'તુલસી' - અમદાવાદ**

## કવિતા

નભે વિહરતા પંખીઓને
ક્ષિતિજે આથમતા સુરજને
અવકાશે સંતાકુકડી રમતા તારલાઓને
નદીને મળવા જતા ઝરણાઓને
પર્વતમાંથી નીકળતા ધોધને
વિહાર કરવા જતા મધમાખીના ઝુંડને
સમીર સંગ ડોલતા ખેતરમાંના મોલને
કળા કરતાં મોરલાઓને
નાચતા પતંગિયાઓને
તમારા વિશેની ઘણી જ વાતો કરી છે
- 'યાદ' તમે
એ પંખીઓને, એ સૂરજને
એ તારલાઓને, એ ઝરણાઓને
એ ધોધને, એ મોલને
એ મધમાખીઓને, એ પતંગિયાઓને પૂછી જોજો
કદાચ બહુ મોટી ગઝલ રચાઈ જશે

**જીનલ સોની 'યાદ' - નાગલપુર માંડવી (કચ્છ)**

# શ્રધ્ધાંજલી

## સ્વ. સોની ઝવેરીલાલ શીવજી બુધ્ધભટ્ટી

**જન્મ : તા. ૫-૭-૧૯૨૩ • સ્વર્ગવાસ : તા. ૧૮-૮-૨૦૦૯**

તમારા મધુર સંસ્મરણો અંકિત છે અમારા હૃદયમાં,
તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં.
સદેહે તમે નથી એ સત્ય છે પણ અસ્તિત્વમાં તમે છો અને રહેશો એ વિશ્વાસ છે.
તમારી પ્રેરણાથી બનેલ હાસ્ય ક્લબમાં કોઈ ગુરૂવાર એવા નથી ગયા કે તમોને યાદ કર્યા વિના શરૂઆત થઈ અને તમારા સંસ્મરણોનો ઉલ્લેખ કર્યા વિના પૂર્ણ થઈ.
તમારો જ સમગ્ર પરિવાર તમોને પલે પલે યાદ કરી તમારા સંસ્મરણોની સુવાસ માણીએ છીએ.

### સોની ઝવેરીલાલ શીવજી બુધ્ધભટ્ટી પરિવાર

| | | |
|---|---|---|
| **સોની રસીકલાલ ઝવેરીલાલ** | **- પુત્ર** | **વિનય, શીતલ,** |
| **સોની મદનલાલ ઝવેરીલાલ** | **- પુત્ર** | **મિતેશ, મયુર,** |
| **સોની હરેશ ઝવેરીલાલ** | **- પુત્ર** | **ચિંતન કરણ** |
| **સોની હર્ષદ ઝવેરીલાલ** | **- પુત્ર** | **•** |
| **સોની ચંદ્રકાંત ઝવેરીલાલ** | **- પુત્ર** | **પૌત્રો** |